# ઓપિનિયન

**यो वै भूमा तत् सुखम्।**

**તંત્રી : વિપુલ કલ્યાણી**

**પુસ્તક : 17 • પ્રકરણ : 03 • સળંગ અંક : 195** **26 જૂન 2011** **ડિજિટલ અવતાર – પંદર**


## ‘મુરખ એને જાણવો, તે બહુ દુખિયો થાય.’

**• વિપુલ કલ્યાણી**

‘ … આમ આ કોશના મુદ્રણની સંપૂર્ણ આર્થિક જવાબદારી નર્મદ ઉપર જ આવી. એક બે નોંધ અનુસાર સરકારે કોશમાંના ‘બીભત્સ’ શબ્દો દૂર કરવાની શરતે થોડી પ્રતો ખરીદવાની તૈયારી બતાવી હતી. પરંતુ કવિએ તેનો સાફ ઈન્કાર કરી દીધો હતો. તેથી તાત્કાલિક તો સરકારે પ્રતો ખરીદવામાં ઉત્સાહ બતાવ્યો ન હતો. … અગાઉ ઉલ્લેખ કર્યો છે તેમ આ વિષયમાં “સૌરાષ્ટ્ર દર્પણ”ના ચર્ચાપત્રે તથા મહીપતરામ નીલકંઠના અળવીતરાપણાએ નકારાત્મક ભાગ ભજવ્યો હતો. … ’

**- રમેશ મ. શુક્લ**

૧.૫.૧૯૯૭

(નર્મદ રચિત ‘નર્મકોશ’ : સંપાદક - રમેશ મ. શુક્લ :
કવિ નર્મદ યુગાર્વત ટ્રૂસ્ટ પ્રકાશન : આવૃત્તિ પહેલી)

•

‘કાનના કીડા’ નામે એક નાની, અમથી બાળવાર્તા ‘શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય’ શ્રેણીમાંની, ‘છેટાં રે’જો, માબાપ’ ચોપડીમાં અપાઈ છે. આ શ્રેણીનાં સંપાદકો છે ગિજુભાઈ બધેકા અને તારાબહેન મોડક. તે આમ છે :

વેજાના કાનમાં કીડા પડ્યા. મેપો કહે : ‘આને દાક્તરખાને લઈ જઈએ. છોકરો મરી જશે.’

વેજાને લઈને એનો બાપ દવાખાને આવ્યો ને એક આનો આપીને છેટેથી કેસ કઢાવ્યો. ફળીમાં ઊભો રહ્યો. અગિયાર થવા આવ્યા પણ કોઈ સામું જોતું નથી. ‘એ દાક્તર શા’બ ! એ શા’બ !’ કરીકરી સાદ સુકાયો. સાડા અગિયારે દાક્તર બહાર નીકળ્યા.

‘શું છે, એલા ?’

‘શા’બ ! આ છોકરાના કાનમાં જીવડાં પડ્યાં છે.’

દાક્તરે દૂરથી કાન જોયો. પાચ અને પરુ વહ્યું જતું હતું. આખો કાન સડ્યો હતો.

‘અલ્યા, આ તો કાન સડી ગયો છે ! સા … નીચ જાત ! સાવ ભાન વગરના ! કાન આખો ધોવો પડશે. પિચકારી મારવી પડશે. જા, પણે કાન ધોવાવાળો બેઠો. એને કહે કે કાન ધોઈ દવા નાખે.’

દાક્તર સાઈકલ પર બેસી ચાલ્યા ગયા. મેપો બબડ્યો : ‘અરે ભગવાન ! ત્યારે હવે કોણ દાદ દેતું’તું ?’

‘એ ભાઈ, બાપુ ! આ દાક્તર શા’બે કહ્યું છે કે કાન ધોઈ દવા નાખી આપો.’

‘અમને અહીં ઢેડના કાન ધોવા નથી રાખ્યા; અહીં કોઈ કાન ધોતું નથી. જોતી હોય તો આ ભૂકી છે તે લઈ જા. કાનમાં ભરી રાખજે.’

‘પણ શા’બ !’

‘હવે શાબ્યાં !’

‘પણ દાક્તર શા’બે … ‘

‘એલા છે કોઈ પટાવાળો ?’

કાનમાં નાખવાની ભૂકી લઈને મેપો ઘેર ગયો. મહિનો પૂરો ન થયો ત્યાં કાનની પીડામાં મેપાનો દીકરો ઢળી પડ્યો.

•

આ શ્રેણીની ચોપડીઓ ૧૯૭૭ના અરસામાં પુનર્મુદ્રિત થઈ છે. ગિજુભાઈ ૨૭ જૂન ૧૯૩૯ના દિવસે અવસાન પામ્યા અને તારાબાઈએ ૧૯૭૩માં વિદાય લીધી. આમ આ બાળસાહિત્ય આશરે આઠેક દાયકાઓ પહેલાં સર્જાયું હોય, તેમ બને. તે સમયગાળામાં, પરિણામે, શબ્દોની જે જે ચાલના હતી તે તે અહીં દેખીએ છીએ; અને વળી તેમાં કોઈ ચેડાં કરવાની ચેષ્ટા ય કરી નથી. સર્જકને કેટલાક અબાધિત અધિકાર છે જ છે.

વારુ, આ વાર્તામાં ગાળગલોચ છે, અજ્ઞાનતા છે, તેમ અસહિષ્ણુતા ય પારાવાર ખદબદતી ભાળીએ છીએ. કોઈક પ્રકારના ‘ટીન-પૉટ ડિક્ટેટર’ની તાસીરમાં, કારભારીઓ ને કર્મચારીઓનો તુમાખ, અહીં, ભૂરાંટ નાંખતોનાંખતો છતો થયા વગર રહેતો ય નથી. રૈયત માટે, જનતા સારુ, લોક વિશે નાગરિકી સમજણ ગેરહાજર છે. અરે, વાચકજી, મુક્તિ [Liberty], ભ્રાતૃત્વ, બિરાદરી, ભાઈચારો [Fraternity] તેમ જ સમાનતા [Equality] ગોતી જડતી નથી ! ટૂંકામાં, લોકશિક્ષણનો સરિયામ અભાવ છે. કહે છે ને, ‘વાડ ઊઠીને ચીભડાં ગળે’ તેવો અહીં ખેલ છે; જુઓને સમાજનું એક વડેરું નામ એટલે દાક્તર. અને તે અહીં કેવી ભાષા વાપરે છે ? અને દલિત સમાજનો, છેવાડાનો પેલો મનેખ - મેપાની ભાષા તો જુઓ. રાજીપો થાય. ખરેખાત, ઉમાશંકર જોશી કહે છે, તેમાં વજૂદ છે :

**મોટાની અલ્પતા જોઈ થાક્યો**
**નાનાની મોટાઈ જોઈ જીવું છું**

અને તેવી તેવી પરિસ્થિતિને સારુ, ક્યાં જઈ રડવું ? ‘ચોરની મા કોઠીમાં મોં ઘાલી રોતી હોય’, તેવો હાલે ઘાટ દીસે છે.

પ્રધાનપણે, તળ ગુજરાતના, “દિવ્ય ભાસ્કર” સહિતના, ગુજરાતી અખબારોની ઈન્ટરનેટ માંહેની દુનિયામાં આડોઅવળો ય આંટોફેરો કરીએ, ત્યારે લાગલા, મોટા ભાગના સમાચારો હેઠે, જે પ્રકારની ગાળગલોચ છપાયા કરે છે, તે જોતા, વાંચતા વિવેકબૃહસ્પતિ ગુજરાતીના ફરજંદ તરીકે માથું શરમથી ઝૂકી પડે છે. અરેરાટી પહોંચે છે.

‘ભગવદ્ગોમંડળ’માં ‘ગાળ’ માટે અલગ અલગ સાત અર્થો અપાયા છે. અહીં જે અભિપ્રેત છે તે છે : અપશબ્દ; કોઈને રીસ ચડે તેવું કહેવું તે; ભૂંડું વેણ; બીભત્સ શબ્દ. જ્યારે ‘સાર્થ ગૂજરાતી જોડણીકોશ’માં અપશબ્દ; ભૂંડો કે ખરાબ બોલ જેવા અર્થ અપાયા છે; અને તેમાં ‘ગાળ ખાવી’, ‘ગાળ આપવી’, ગાળ ચોપડવી’, ‘ગાળ ચોપડાવવી’, ‘ગાળ ભાંડવી’, ‘ગાળ દેવી’, ‘ગાલ બોલવી’, ‘ગાળ સંભળાવવી’, ‘ગાળંગાળા ઉપર આવવું’, ‘ગાળંગાળા ઉપર ચડવું’ સરીખા શબદજૂથો ય અપાયા છે. અંગ્રેજીમાં તેને સારુ bad language શબ્દની વ્યાખ્યા બાંધવામાં આવી છે, તેમ જ abusive language, abusive talk, coarse words, foul language, foul talk, invective, obloquy, profane language, revilement, reviling, ribaldry, rough language, scurrility, scurrilousness, vituperation, vulgarity જેવા સમાનાર્થી શબ્દો અપાયા છે.

આ આ સઘળું અસહિષ્ણુતાનું દ્યોતક છે. તેમાં ડાંડાઈ અનુભવવા મળે છે કેમ કે લખનાર, નામેઠામે છતો થયા વિના, જાણે કે જણાવે છે : ‘મારો જ કક્કો ખરો.’ ‘હું જે કંઈ કહું તે જ સાચું’; ને પછી, ઊકળાટે, વિષ ઠલવાયા કરે છે.

# ઓપિનિયન

- "ઓપિનિયન" ગુજરાતી ભાષાનું ઈન્ટરનેટી માસિક વિચારપત્ર છે અને દર માસની ૨૯મી તારીખે બહાર પડે છે.
- "ઓપિનિયન"ના વાંચક ગમે તે અંકથી થઈ શકાય છે. રસ ધરાવનારાઓએ સત્વરે પોતાનો 'ઈ.મૈલ આઈ.ડી.' મોકલવો જરૂરી બને છે.
- "ઓપિનિયન"માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.
- એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.
- "ઓપિનિયન"નાં ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી. પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.
- લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.
- ભાષા સારી માઠી હશે તેને વિષે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.
- જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.

---------------

•

**સંપાદકીય પત્રવ્યવહાર**

**"ઓપિનિયન"**

'Kutir', 4 Rosecroft Walk,
WEMBLEY,
Middlsex HA0 2JZ [U.K.]

e.mail :
vipoolkalyani.opinion@btinternet.com

•

**ભારત માટે સંપર્કનું ઠેકાણું**

Villa Bellevue, 30, Avantikabai Gokhale Street, Opera House, MUMBAI - 400 004

e.mail : bharti_parekh@hotmail.com
સંપર્ક : ભારતીબહેન પારેખ

---------------

**"ઓપિનિયન"નું આ ડિજિટલ અવતરણ છે. અને ગમતાનો ગુલાલ કરવાની દરેકને રજામજા જ હોય.**


એક સમે, મુઠ્ઠી ઊંચેરા તંત્રીઓ, છાપાનાં માધ્યમ વડે, સમાજનું નીતનવું ઘડતર અને ચણતર કરતા. તે દિવસોમાં સમસામયિકો 'મિશન'થી ચલાવાતાં; આજે તે 'કમિશન'ની ભાવના વડે ચલાવાય છે. તે સમે છાતી કઢા તંત્રીઓનું રાજ તપતું; આજે માલિકો ઉપરાંત રાજકારણીઓ તથા શાસકો સમેત બીજા અનેક હિતેશરીઓની સતત દખલગીરી તંત્રીને માથે લટકતી હોય તેવો ખેલ જોવા સાંપડે છે. તે વેળા રેડિયો-પ્રસારણમાં ય મર્યાદાઓ રહેતી; આજે ટેલીવિઝનનો વાવર છે અને હવે સાતે ય દહાડા, ચોવીસ કલાકનો ખેલ પડે છે ! આટલું કમ હોય તેમ, ઈન્ટરનેટ માંહેના અનેકવિધ નાનામોટા ડાયરાઓને કોઈ સીમા અડતી નથી, નડતી ય નથી અને જેનો તેનો વટ ક્ષિતિજે જઈ આંબે છે ! ઉપરાંત, મોબાઈલનો વપરાશ, બ્લૉગજગતની બળકટાઈ, ફેઈસબુકની ક્ષમતા અને ટ્વીટરની તાકાત - આ સઘળું અખબારોને હંફાવી જાય તેવું છે. આપણાં અખબારો માટે, આમ, સજ્જતા કેળવવી ભારે જરૂરી બને છે.

ગુજરાતી અખબારજગતમાં ખમીરવંતા અને નીવડેલા પત્રકારોની જેમ ખેંચ છે, તેમ સાચું મુદ્રાંકન કરનારાઓ તેમ જ પ્રૂફરીડિંગ કરનારાઓની ખોટ મધ્યાહ્ને સૂર્યાસ્ત સરજે છે ! કોઈક કહેતું હતું, 'પેલા' અખબારમાં, આવા સમાચારોની નીચે જે કોઈ ટીકા ટિપ્પણનું વિવરણ થાય છે, તેનું અનુશ્રવણ (મૉનિટરીંગ) કરવાને સારુ એક વ્યક્તિને રોકવામાં આવી છે. તે છે તો ગુજરાતી; ગુજરાતી બોલે ય છે, પરંતુ ગુજરાતી વાંચવાલખવામાં તેને ભારે તકલીફ છે ! સોપો પડી જાય તેવી વાત છે, આ, દોસ્ત મારા !! લોટે લોટે ઠંડું પાણી ગટગટાવ્યાં કેડે, ધીરા ખમીને, પૂછવાનું મન થાય, ભલા માણસ, આ ટીકા ટિપ્પણમાં કેટલુંક તો વળી રૉમન લિપિમાં ગુજરાતી ઊતારાયું હોય છે. તે ય વાંચવા સમજવાનાં સાંધાં છે કે ? કોને ખબર ?! … આ ટીકા ટિપ્પણના માંડવાની જવાબદારી, ભલા, કોને શિરે ? સ્વાભાવિકપણે તંત્રીને પણ શિરે … તો પછી, આવું, ભલા, કેમ ચલાવાતું રહેતું હશે ?

વારુ, કેટલાક મનેખ, પોતાને સંસ્કાર - સંસ્કૃતિ - વિરાસત - ધર્મના, સાચાખોટા ય, ઠેકેદાર ગણે છે. "નવનીત સમર્પણ"ના, તાજેતરના એકાદા અંકમાં, ગુણવંત શાહે લખેલું તેમ, 'અજ્ઞાની જીવે અને બાખડી ભેંસ જીવે; બંને વચ્ચે કોઈ તફાવત નથી.' … ખેર ! અહીં સૌ પોતાની કાચીપાકી સમજણને આવી કોઈક એરણે નાણે છે; અને પછી, બસ, તલવાર જેવી ધારદાર કલમ લઈને નીકળી પડે છે, બાઝવા અને ભાંડવા ! … ઉમાશંકર જોશી લખે છે ને :

**માનવીના હૈયાને નંદવામાં વાર શી ?**

આ અખબારી ટીકા ટિપ્પણમાંથી પસાર થતી વેળા, કેટલીક વાત વિશેષ સમજાઈ. થોડોઘણો 'ચેતોવિસ્તાર' ય થયો જાણવો ! આપણે નાહકના સુરતીઓને વગોવીએ છીએ ! દક્ષિણ ગુજરાતના લોકોને વાક્યે વાક્યે અપશબ્દ વાપરવાની ટેવ છે, તેમ મનાતું આવ્યું છે. હશે ! તકરાર નથી. પરંતુ આ પ્રજાજન, બહુધા, વહાલ જોડાજોડ, આવા પ્રયોગો કરતા રહે છે. બીજી પાસ, કચ્છીઓ અને કાઠિયાવાડીઓ પણ બિભત્સ શબ્દોનો મારો કરતા જોવા મળે છે. અને આ માળુઓ, સ્પષ્ટપણે, તે વાટે પોતાનો મનસૂબો, ઈરાદો વ્યક્ત કરતા કરતા હરેફરે છે ! … તેનું શું કરવું ?

દરમિયાન, આ 'ગાળ પુરાણ'ની એક કાચી પૉથી કરી છે; થાય છે કે, કોઈક 'વિદ્વાન' કોશકારે આ અને આવી ગાળોને જ આવરી લેતો 'ગાળકોશ' યોજવો પડે !! જાણકારોના મતે, કેટલાકોને સારુ, 'ગુજરાતી લેક્સિકૉન'નો ઝાઝેરો ઉપયોગ વિવિધ ગાળોની શબ્દાવલિ મેળવવા થાય છે ! છે ને તાસીરો ! રમેશભાઈ મ. શુક્લએ આપણને માહિતગાર કરેલા તે મુજબ, નર્મદાશંકર લાલશંકર દવેને જેવી તકલીફ 'નર્મકોશ'ના પ્રગટીકરણ વેળા અડીનડી હતી, તેવી, આજના આ માહિતી પ્રવિધિવિજ્ઞાનના (ઈન્ફૉર્મેશન ટેકનોલોજી) જમાનામાં, હાંફ ચડી આવે તેમ દેખાતું નથી ! આ 'છાપા-લેખકો', સીધાસપાટ, દોટંદોટ કરી, પોતાની નકલ અંકે કરાવાશે કે જેથી તેમની 'કાબેલિયત' જોરદાર બને ! આ ઈન્ટરનેટી વ્યક્તિ સ્વાતંત્ર્યનો પરચમ, પૂરી કાઠીએ, આથીસ્તો, પછી, લહેરાતો જોવા સાંપડે ય ખરો !

ક્યા કરે ? … અનેક સ્તરે, અનેક રીતે મનનો ઊભરો, નિજી બળાપો બહાર નીકળતો હોય. જુઓ ને આપણા ગુણવંતભાઈની 'જાત ભણીની જાત્રા'માંની કલમ, પેલા સામયિકમાં, જાન્યુઆરી ૨૦૧૧ દરમિયાન, આગળ ધપે જ છે ને : ' … અણગમો બહુ ખરાબ ચીજ નથી, પૂર્વગ્રહની વાત જુદી છે. જેના પ્રત્યે ભારોભાર અણગમો હોય તેની આગળ જૂઠા અને મીઠા શબ્દો બોલીને પોતાનો અણગમો છુપાવવાનો પ્રયત્ન કરવો એ દંભ છે. દંભ અસત્યનો સગો ભાઈ છે. કન્સિલ્ડ વાયરિંગ ચાલે, કન્સિલ્ડ અણગમો ક્યારેક ટાઈમ બોમ્બ બનીને ફૂટે છે. કબૂલ કરવું પડે કે હું કેટલાક અણગમાથી મુક્ત થવામાં નિષ્ફળ ગયો છું. જેમની ઉપેક્ષા થવી જોઈએ, તે ન થાય તો મનની શાંતિ ખોરવાય છે. ઉપેક્ષામાં બહુ મોટી તાકાત હોય છે. અહીં ઉપેક્ષા એટલે અવગણના નહીં, ઉપેક્ષા એટલે અનપેક્ષા. …'

**પાનબીડું :**

### ગાળાગાળી વિષે

**દોહરા**

ભુંડા ભુંડું ભાખતાં, ખોટી ગાળો ખાય,
મોટા એવા મુરખનો, જગમાંથી જશ જાય.

ભુંડું બોલે જે ધણી, ગાળો દે ને ખાય,
મુરખ એને જાણવો, તે બહુ દુખિયો થાય.

જે બાળક કે બાળકી, બોલે જેવો બોલ;
નકી થશે નર નારમાં, તેનો તેવો તોલ.

કીડી કણ સંગ્રહ કરે, જુઓ જનાવર જાત;
વસે વળી સંપે સદા, સર્વ મળી સંઘાત.

**- કવિ દલપતરામ ડાહ્યાભાઈ**

(ત્રીજી ચોપડી, હોપ વાચનમાળા)

# આ સમુદ્રમંથનમાંથી સૌને નવનીત લાધે

© આરાધના ભટ્ટ

And from all the lands on earth we come,
We share a dream,
And sing with one voice,
I am, you are, we are Australian.

સિડનીના પશ્ચિમી પરાની એક પ્રાથમિક શાળાનાં બાળકોનો એક સમૂહ જ્યુડીથ ડરહેમે લખેલી ઉપરોક્ત પંક્તિઓનું જોરશોરથી ગાન કરી રહ્યો છે. સમૂહમાં છે, ૧૦ થી ૧૨ વર્ષનાં હસીના ખાન, ઝૂ લ્યુ, થેન્ગ ન્યુયેન, ચી ખૂ, સ્વથી સત્ગુના, ચેતન મહેતા, ગુરવિંદર કૌર, નાદિયા ચેખોવ. આ બધાં બાળકો આ જ ભૂમિને ઘર માને છે. કેટલાંક તેમના વતનની મુલાકાતે એકાદ વખત ગયાં છે અને ત્યાં વસતાં કાકા-કાકી, માસા-માસીની ઝાંખી સ્મૃતિઓ મનમાં લઈને ફરે છે. કેટલાંક એટલું જ જાણે છે કે તેઓ એમના એ મૂળ દેશમાં જન્મ્યા હતાં, પણ … પણ તેમના વાલીઓ ઉગમણે આવેલા આ દેશમાં નવી શાંતિપૂર્ણ જિંદગીની ખોજમાં આવ્યાં અને સ્થિર થયા. બધાં જ બાળકો અસ્ખલિત અંગ્રેજીમાં વાતો કરે છે. કેટલાંક ઘરે જાય ત્યારે ઉર્દૂ, અંગ્રેજી, વિયેટનામીઝ કે ગ્રીક બોલે છે, મોટે ભાગે મા-બાપના આગ્રહને વશ થઈને, પરંતુ તેમનો મનોવ્યાપાર મોટેભાગે અંગ્રેજીમાં ચાલે છે. રિસેસનો ઘંટ વાગતાં બધા પોતપોતાના લંચ-બોક્સમાંથી સેન્ડવિચ, નૂડલ્સ, પાસ્તા, કે રોટલી શાક આરોગે છે.



**ઓસ્ટ્રેલિયાનો પત્ર**

**લિ. આરાધના ભટ્ટ**

નાસ્તો કરતાં કરતાં હસીના તેના હાથની મેંદી બીજાને બતાવી રહી છે તો દસ વર્ષનો ગુરમીત એની નાનકડી પાઘડી વિષે મિત્રોને સમજાવે છે. બાર વર્ષનો ખાલીદ એનો નમાઝનો સમય થતાં બેગમાંથી નાનકડી શેતરંજી કાઢી શાળાએ નક્કી કરી આપેલા અલગ રૂમમાં એની નમાજ પઢવા જાય છે. આ બધાં જ બાળકો ગૌરવપૂર્વક પોતાને ઓસ્ટ્રેલીયન તરીકે ઓળખાવે છે.

અચાનક, ૨૪મી મે ૨૦૦૯ના દિવસે એવું કૈંક બન્યું જેનાથી 'ઓસ્ટ્રેલિયન'ની વ્યાખ્યા વિષે અસંખ્ય પ્રશ્નો ઊઠ્યા. એ પ્રશ્નો અને એ ઘટનાઓના આઘાતો -પ્રત્યાઘાતો આવી રહેલાં અનેક વર્ષો સુધી પડતા રહેશે. સૌથી મોટી કમનસીબી એ છે કે, એ ઘટનાઓમાં હિંસાનો ભોગ બન્યા ભારતીય વિદ્યાર્થીઓ. હુમલાઓમાં એમના શરીરો અને મન ઉપરાંત ઘણું બધું ઘવાયું, ઘણું બધું ઉઝરડાયું. સૌથી મોટો ઘા થયો ઓસ્ટ્રેલિયાની સરકારની બહુસંસ્કૃતિકતાવાદી નીતિ પર. ભારતમાં અને દુનિયામાં એની શાંત અને સ્થિર રાષ્ટ્ર તરીકેની છાપ ઉઝરડાઈ, ઉઝરડાઈ અહીંની પ્રજાકીય અસ્મિતા અને સાથોસાથ ઉઝરડાઈ આપણી ભારતીયોની એક સમજુ સહિષ્ણુ પ્રજા તરીકેની છાપ. ૨૪મી મે, અને ત્યાર પછીના દિવસોમાં, ભારતીય માધ્યમોએ ચમકાવેલા અહેવાલો જોઈને એ સાચું ન લાગે કે વંશીય હુમલાઓનો જેના પર આરોપ મૂકાઈ રહ્યો છે તે ઓસ્ટ્રેલિયાની આ એ જ પ્રજા છે જેણે ૧૩મી ફેબ્રુઆરી ૨૦૦૮ના દિવસે 'સોરી ડે' મનાવ્યો અને રાષ્ટ્રવતી પ્રધાનમંત્રીએ સંસદમાં દેશના આદિવાસીઓની તેમના પર ગોરી પ્રજાએ કરેલા અત્યાચારો માટે માફી માંગી, જે દેશના બધા ટીવી નેટવર્કએ ટેલીકાસ્ટ કરી. એ અહેવાલો વાંચી એ વાત સ્વીકારવી મુશ્કેલ લાગી કે આ એ જ પ્રજા છે જે દરેક જાહેર કાર્યક્રમની શરૂઆત 'આ ધરતીના પરંપરાગત મૂળ માલિકો'ના સ્મરણથી કરે છે. આમ કરવાથી તે લોકો એ વાત સ્વીકારે છે કે ઓસ્ટ્રેલિયાની ધરતીના મૂળ માલિકો અહીંની આદિવાસી પ્રજા છે.

મે-જૂન ૨૦૦૯ પછીની હિંસક ઘટનાઓ પૂર્વે પણ, છેલ્લાં બે-ત્રણ વર્ષ દરમ્યાન ભારતીય વિદ્યાર્થીઓ ઉપર હિંસાની છૂટી છવાઈ ઘટનાઓ બની હતી, જો કે એ ઘટનાઓ સમાચારોમાં એટલી ચમકી નહોતી. ત્યાર બાદ મેલબર્નની ઘટનાઓ બનતાં જ ભારતીય માધ્યમોએ આ મામલાને ચગાવવો શરૂ કર્યો. જેમ જેમ મેલબર્નમાં હુમલાઓનો દોર લંબાતો ગયો તેમ તેમ તેમાંથી મીડિયાને આવતી રંગભેદની બદબૂ વધુ ને વધુ તીવ્ર બનતી ગઈ. સિડનીના હુમલાઓ મેલબર્નનાં હુમલાઓથી જુદા હતા. મેલ્બર્નના હુમલાઓ સ્થાનિક ગોરા યુવાનોએ કર્યા. એમાંનો એક જીવલેણ હુમલો જે પહેલાં રંગભેદનો મામલો લાગ્યો હતો તે પાછળથી ભારતીય મૂળના ગુનેગારે કર્યો હોવાનું પુરવાર થયું. જ્યારે સિડનીના હેરિસ પાર્કમાં એક માઈગ્રન્ટ પ્રજા બીજા માઈગ્રન્ટ સમુદાય સાથે ટકરાઈ. આ અથડામણ મુખ્યત્વે યુવાનો વચ્ચેની હતી. સિડનીના આ વિસ્તારનો ઈતિહાસ જાણવા જેવો છે. છેલ્લાં ૧૦ વર્ષથી આ પરાનો ચહેરો ધરમૂળથી બદલાઈ ગયો છે. સિડનીના પશ્ચિમનાં પેરામેટા નામના મોટા પરાની લગોલગ આવેલા, આ નાનકડા બખોલ જેવડા પરાની કુલ વસ્તીમાં અડધો અડધ વિદ્યાર્થીઓ છે. ૧૯૯૧માં આ પરામાં લેબેનોનના લોકોની સંખ્યા ભારતીય મૂળના લોકો કરતાં પાંચ ગણી હતી. ૨૦૦૬ના જનસંખ્યાંક પ્રમાણે હેરિસ પાર્કમાં વસતા એથનિક જનસમૂહો પૈકી ભારતીયોની સંખ્યા સૌથી મોટી છે, એટલું જ નહિ લેબેનીઝ કરતાં ભારતીયોની સંખ્યા બમણી થઈ ગઈ છે. સાત વર્ષ પૂર્વે હેરિસ પાર્કનો નાનકડો કન્વીનિયન્સ સ્ટોર લેબેનીઝ માલિકીનો હતો, હવે એ દૂકાન બાંગ્લાદેશીની છે અને પહેલાં જ્યાં લેબેનીઝ મીઠાઈ અને સૂકો મેવો વેચાતો હતો તે કાચના કાઉન્ટર નીચે હવે પેંડા, બરફી ને જલેબી ગોઠવેલાં છે. હેરિસ પાર્કના રસ્તાઓ ઉપર ચાલતાં નીકળો તો ફ્લેટની ગેલેરીઓમાં સૂકાતાં ભારતીય પોષાકો, ભારતીય ભોજન રંધાઈ રહ્યાંની સોડમ અને બોલીવુડ સંગીતથી બધી ઈન્દ્રિયો ઉપર ભારતીયતા છવાઈ જાય. હેરીસ પાર્કના બે રૂમના ફ્લેટમાં ક્યારેક ૭-૮ છોકરાઓ રહેતા હોય, પાળીમાં કામ કરે ને પાળીમાં સુવે. આમ ભારતીયોની ગીચ વસ્તીથી ભારતીય ધંધાર્થીઓ અહીં આકર્ષાયા છે અને એક જ લત્તાની ૪-૫ ગલીઓ મળીને અસંખ્ય ભોજનાલયો, બોલીવુડ ડી.વી.ડી. વેચતી દુકાનો, વિઝા એજન્ટ્સ, સાડીઓની દુકાનો શરૂ થઈ ગઈ છે. ટૂંકમાં હેરીસ પાર્ક એટલે 'લીટલ ઈન્ડિયા'. હેરિસ પાર્કની આ કાયાપલટથી ભારતીયોને ગૌરવ થાય તેમ સામે પક્ષે લેબેનીઝને તેમનો ગઢ તૂટયાની લાગણી થાય, એ સ્વાભાવિક છે. હેરિસ પાર્કમાં થયેલી અથડામણ આ બે પ્રજાઓ વચ્ચેની હતી.

> **હિંસા અને રંગભેદનો વિરોધ યોગ્ય રીતે થાય એ જેટલું જરૂરી છે એટલું જરૂરી છે આપણું જવાબદારીભર્યું વલણ અને માધ્યમોની જવાબદાર પ્રતિક્રિયાઓ. ભારતીય વિદ્યાર્થીઓ, માધ્યમો, ઓસ્ટ્રેલિયામાં વસતો ભારતીય સમુદાય અને ભારતમાં વસતા અહીં આવવા ઈચ્છા ધરાવતા સૌએ આવી રહેલા દિવસોમાં થોડીક જાત-તપાસ કરવાનો સમય પાક્યો છે.**

ત્યાર પછી નજીકના જ ભૂતકાળમાં થઈ ગયા અહીંના ઓબર્ન નામના લત્તામાં આવેલા હિંદુ મંદિર ઉપરના હુમલાઓ. રહેઠાણના વિસ્તારની મધ્યમાં આવેલું આ મંદિર સિડનીમાં હિન્દુઓની વસ્તી વધતાં હવે ભાવિકોની અવરજવરથી ધમધમે છે. દર શનિ-રવિવારે આસપાસની ગલીઓ અને માર્ગો પર પાર્ક કરેલી ગાડીઓની ભીડ જામે છે. હિંદુ પર્વોની ઉજવણી હોય ત્યારે વિશેષ ભીડ જામે. ઓબર્નનો વિસ્તાર 'મલ્ટી-કલ્ચરલ હોટ પોટ' તરીકે ઓળખાય છે જેમાં અમુક સમુદાયો વધુ મોટા પ્રમાણમાં છે. આ વિસ્તારના શાંતિ અને privacy પ્રિય રહીશો પૈકીના યુવકો કાયદો પોતાના હાથમાં લઈને અને અંશતઃ રંગભેદથી દોરાઈને આ હુમલાઓ કરી રહ્યાની માન્યતા સ્થાનિક

વર્તુળોમાં પ્રવર્તે છે. અને દરેક કિસ્સાની તપાસ હાથ ધરાઈ છે એટલું જ નહીં દરેક પ્રસંગે ત્યાંના વિધાનસભ્ય, મ્યુનિસિપલ કાઉન્સીલના હોદ્દેદારો અને પોલીસ અધિકારીઓએ હિંદુ સમુદાયના અગ્રણીઓ સાથે તેમ જ મંદિર કમિટી સાથે મિટીંગ કરી, આ પ્રશ્નની જાત-તપાસ અને છણાવટ કરી છે.

ઓસ્ટ્રેલિયામાં હવે એ પરિસ્થિતિ સર્જાઈ છે કે ભારતીય મૂળના લોકો અહીં નજરે પડતા થયાં છે, અને આમાં મોટો ફાળો વિદ્યાર્થીઓનો છે. એ વાત સર્વવિદિત છે કે ભારતથી અહીં આવતા મોટા ભાગના વિદ્યાર્થીઓ વિઝાર્થીઓ છે. અહીં આ પરિસ્થિતિનો લાભ લઈને બિલાડીના ટોપની જે ફૂટી નીકળેલી બે રૂમની કોલેજો અને યુનિવર્સિટીઓ અને તેમના દ્વારા અપાતી વ્યવસાયલક્ષી ડિગ્રીઓ વિઝાનું ધ્યેય સિદ્ધ કરવાનાં સાધનો છે. ૨૦૦૪ના વર્ષ દરમ્યાન અહીંનાં વિવિધ વિશ્વવિદ્યાલયોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી આઠ ટકા ભારતીય વિદ્યાર્થીઓ હતા. વિવિધ વ્યવસાયલક્ષી કોર્સમાં કુલ ચાર હજાર ભારતીયો અભ્યાસ કરતા હતા. આજે વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોમાં લગભગ કુલ બાવન હજાર ભારતીય વિદ્યાર્થીઓ છે. ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં થયેલો આ ભૌમિતિક વધારો ૨૦૦૧માં અહીંના ઈમિગ્રેશનના કાયદાઓમાં થયેલા ફેરફારોને આભારી છે. આ ફેરફારોથી 'પી. આર' મેળવવા માટેની અરજી ઓસ્ટ્રેલિયા આવ્યા બાદ અહીંથી કરવી શક્ય બની અને કેટલીક ડિગ્રી અને ડિપ્લોમાવાળા અરજદારો માટે એ વધુ સરળ બન્યું, કારણ કે તેઓ અહીંની કેટલાક ક્ષેત્રોમાં કુશળ કામદારોની અછત એનાથી પૂરાતી હતી. અહીંની સરકાર માટે અર્થતંત્રને ઉગારવાનો આ સૌથી સરળ કીમિયો - quick fix હતો. આમ 'વિદ્યાર્થીઓ' બનીને આવતા ભારતીયો અહીં યેન કેન પ્રકારેણ સ્થિર થવા માંડ્યા. અને વસવાટની આ પ્રક્રિયા પાંચ વર્ષ સુધી વીજળીવેગે ચાલી. જે ગતિથી ભારતીય પ્રજાની સંખ્યામાં વધારો થતો દેખાયો તેનાથી સ્થાનિક પ્રજાના માનસમાં એક પ્રતિકારની ભાવના સંકોરાઈ. જેમ પહેલાં ચીની કે કેટલીક યુરોપિયન પ્રજાઓ આખા ને આખા વિસ્તારો કબજે કરીને વસી હતી, તેવું આપણા નવાગન્તુકોએ પણ કરવા માંડ્યું.

હિંસા અને રંગભેદનો વિરોધ યોગ્ય રીતે થાય એ જેટલું જરૂરી છે એટલું જરૂરી છે આપણું જવાબદારીભર્યું વલણ અને માધ્યમોની જવાબદાર પ્રતિક્રિયાઓ. ભારતીય વિદ્યાર્થીઓ, માધ્યમો, ઓસ્ટ્રેલિયામાં વસતો ભારતીય સમુદાય અને ભારતમાં વસતા અહીં આવવા ઈચ્છા ધરાવતા સૌએ આવી રહેલા દિવસોમાં થોડીક જાત-તપાસ કરવાનો સમય પાક્યો છે એમ કહી શકાય. એક આખી ને આખી પ્રજાને વંશવાદી ક્યારે કહી શકાય? શું વંશવાદી કહેવાતી ઘટનાઓ કોઈ રીતે નિવારી શકાય? અને એમ હોય તો વંશવાદ પ્રેરવામાં આપણો ફાળો હોઈ શકે? શું ભારત અને ઓસ્ટ્રેલિયાના તંત્રો સહયોગથી કે પોતપોતાની રીતે આ દેશમાં કાયમી વસવાટ અર્થે કે કામચલાઉ વિઝા ઉપર આવતી વ્યક્તિઓ માટે અહીંની પ્રજા અને પરિસર વિષે સ્થિતિજ્ઞાન આપતી યોજનાઓ ને કાર્યક્રમોનું આયોજન ન કરી શકે? રંગભેદનું બૂમરાણ મચાવવાને બદલે આપણાં માધ્યમો અહીંની પરિસ્થિતિનું પૂર્વગ્રહમુક્ત, સમતોલ ચિત્રણ અને મૂલ્યાંકન કરીને પણ આ બહુચર્ચિત પ્રશ્નના ઉકેલની વધુ નજીક પહોંચવામાં મદદરૂપ થઈ શકે. અહીંની અનેક ભારતીય સંસ્થાઓ, જે મોટે ભાગે ખાણી-પીણીના ને મોજ-મજાના કાર્યક્રમો અહીંના સ્થિર-સંપન્ન ભારતીય સમુદાય માટે યોજવામાં પોતાની સાર્થકતા સમજે છે, તેમણે પણ આ દિશામાં સક્રિય થવું ઘટે.

જગતની સંપૂર્ણપણે રંગભેદી વલણથી મુક્ત પ્રજા શોધવાનું જેટલું મુશ્કેલ છે, એટલું જ મુશ્કેલ, કોઈ પણ સરકાર માટે, રંગભેદનો સત્તાવાર રીતે એકરાર કરવો એ છે. અને આ એકરાર ઓસ્ટ્રેલિયાની સરકારે કર્યો છે, પછી એનાં કારણો વિષે ગમે તે અટકળો થાય. ઓસ્ટ્રેલિયાની સરકારનું આ પગલું આ દુર્ઘટનાઓની સૌથી મોટી અને ઘણી આશાઓ પ્રેરતી નિષ્પત્તિ છે. આવી રહેલાં વર્ષો બંને પ્રજાઓના ખમીરની કસોટીનો સમય છે. આ સમુદ્રમંથનમાંથી સૌને બંધુત્વ, સહકાર અને શાંતિમય સહ-અસ્તિત્ત્વનું નવનીત લાધે એવું પ્રાર્થીએ.

e.mail : aradhanabhatt@yahoo.com.au

# છાપેલાં પુસ્તકો અને આવતી કાલ

• દીપક મહેતા

જેમને છાપેલાં પુસ્તકો સાથે લાગતું વળગતું હોય તેમને રસ પડે, થોડી ચિંતા પણ થાય, તેવા બે સમાચાર ગયે અઠવાડિયે (૨૬.૦૫.૨૦૧૧) કેટલાંક છાપાંના ખૂણે ખાંચરે પ્રગટ થયા હતા. બંને સમાચાર અમેરિકાથી હતા.

સન ૧૯૯૫માં શરૂઆત થઈ, ત્યારે તો ઘણાખરાએ એમ માની લીધેલું કે આ 'એમેઝોન ડૉટ કોમ' એ તો કોઈ ભેજાંગેપનો વિચાર છે અને થોડાં વખતમાં તેનો વાવટો વીંટાઈ જશે. પણ વધ્યા જતાં પુસ્તકોનાં 'ઓન લાઈન' વેચાણ માટે એમેઝોનનું નામ દુનિયામાં જાણીતું થઈ ગયું. પુસ્તકો પછી ધીમે ધીમે તેમણે બીજી કેટલીક વસ્તુઓ પણ વેચવાનું શરૂ કર્યું. ૨૦૦૭ના નવેમ્બરમાં તેમણે ઈબુક્સ વાંચવા માટેનું સાધન 'કિન્ડલ' વેચવાનું શરૂ કર્યું. ફરી ત્યારે તો ઘણાખરાએ એમ માની લીધેલું કે આ ઈબુક્સ અને કિન્ડલ જેવાં 'ઈબુક રીડર' એ તો કોઈ ભેજાંગેપનો વિચાર છે. છાપેલાં પુસ્તકોની તોલે તો બીજું કોઈ ન આવે.

હવે, ગયે અઠવાડિયે એમેઝોને ૨૦૧૧ના વર્ષના, પહેલા ત્રણ મહિનાના, વેચાણના આંકડા જાહેર કર્યા, તે ચોંકી જવાય તેવા છે. આ ત્રણ મહિનામાં છાપેલાં ૧૦૦ પુસ્તકોની સામે કિન્ડલ માટેની ૧૦૫ ઈબુક્સનું વેચાણ થયું છે. છાપેલાં પુસ્તકોના વેચાણના આંકડામાં કાચા અને પાકા પૂંઠાના એમ બંને પ્રકારનાં પુસ્તકોનો સમાવેશ થાય છે. છેલ્લાં પંદર વર્ષથી થતા છાપેલાં પુસ્તકોના વેચાણના આંકડાને આંબી જતાં ઈબુક્સને માત્ર ચાર વર્ષ લાગ્યાં છે! આજે જુદાં જુદાં સાડા નવ લાખ જેટલાં પુસ્તકો એમેઝોન પર ઈબુક્સ રૂપે વેચાય છે અને જૂનાં, જરીપુરાણાં પુસ્તકો જ ઈબુક્સ રૂપે નથી વેચાતાં. ઘણાં પુસ્તકો તો મુદ્રિત રૂપે અને ઈબુક રૂપે એક સાથે પ્રગટ થાય છે!

વેચાણનો આ ટ્રેન્ડ ભવિષ્યના અણસારરૂપ છે. જેમ જેમ વખત જતો જશે તેમ તેમ વધુને વધુ લોકો ખાસ કરીને યુવાનો છાપેલાં પુસ્તકોને બદલે ઈબુક્સ પર પસંદગી ઉતારશે. આ સમાચાર મળ્યા વૉશિંગ્ટન સ્ટેટના સિએટલથી.

તો અમેરિકાને બીજે છેડે આવેલા ન્યૂ યોર્કથી બીજા સમાચાર મળ્યા. અમેરિકાનાં પચાસ રાજ્યો અને ડિસ્ટ્રિક્ટ ઓફ કોલમ્બિયામાંથી એકે રાજ્ય એવું નથી કે જ્યાં 'બાર્ન્સ એન્ડ નોબલ'નો બુકસ્ટોર ન હોય. ૧૮૭૩માં તેની શરૂઆત તો થયેલી પુસ્તકોનું છાપકામ કરવા માટે, પણ ૧૯૧૭માં ન્યૂ યોર્કમાં પુસ્તકો વેચવાની પહેલી દુકાન ખોલી, ત્યારથી ૭૧૭ બુકસ્ટોરની સંખ્યાએ પહોંચીને 'બાર્ન્સ એન્ડ નોબલ' આખા અમેરિકામાં પુસ્તકોના છૂટક વેચાણ માટેની સૌથી મોટી કંપની બની ગઈ, પણ છેલ્લાં કેટલાક વખતથી તેમાં છાપેલાં પુસ્તકોનું વેચાણ સતત ઘટી રહ્યું છે. પવનની દિશા પારખીને તેણે પણ પોતાનું 'નૂક' નામનું ઈબુક રીડર બજારમાં મૂક્યું છે, અને તેને માટેના પુસ્તકો પણ.

… છતાં તેના હાલના માલિકો છેલ્લાં કેટલાંક વર્ષોથી કંપની માટે કોઈ ખરીદદાર મળી જાય તે માટે પ્રયત્નો કરતા હતા. હવે એવો ખરીદનાર મળ્યો છે, પણ તેણે 'બાનર્સ એન્ડ નોબલ' ખરીદવા માટે જે કારણ આપ્યું તે ચોંકાવનારું છે. તેણે કહ્યું કે છાપેલાં પુસ્તકોનાં વેચાણને કારણે નહીં, પણ ઈબુક રીડર 'નૂક' અને તેને માટેની ઈબુકસના વેચાણની શક્યતાને કારણે મને આ કંપની ખરીદવામાં રસ છે !

અને આજે અમેરિકન બજારમાં 'કિન્ડલ' અને 'નૂક' ઉપરાંત બીજી કંપનીઓના ઈબુક રીડર્સ અને તેને માટેનાં પુસ્તકો વેચાય છે. છાપેલાં પુસ્તકોથી આપણે એટલાં ટેવાઈ ગયા છીએ કે તેનું સ્થાન ઈબુક લઈ શકે તે માનતા નથી.

પણ સાચું કહેજો : તમે છેલ્લે ક્યારે કોઈને ટ્રંકકોલ કર્યો હતો ? ક્યારે કોઈને ટેલિગ્રામ મોકલ્યો હતો ? ક્યારે ટ્રાન્ઝિસ્ટર રેડિયો સાંભળ્યો હતો ? બનવાજોગ છે કે બેપાંચ દાયકા પછી આ જ રીતે પૂછવું પડશે : તમે છેલ્લે ક્યારે છાપેલું પુસ્તક વાંચ્યું હતું ? આવો દિવસ ન આવે એમ ઈચ્છીએ, પણ આવે તો તે માટેની તૈયારી તો શરૂ કરી દઈએ ! છાપેલાં પુસ્તકોની આવતી કાલનો નહીં, છાપેલાં પુસ્તકો અને આવતીકાલનો વિચાર કરવાનો સમય પાકી ગયો છે.

**(સદ્દભાવ : 'વર્ડનેટ', "મુંબઈ સમાચાર" 26.05.2011)**

e.mail : deepakbmehta@gmail.com

# મહાન આત્મા, તંત્ર, બ્રહ્મચર્ય

• ભૂપેન્દ્રસિંહ રાઉલ

જોસેફ લેલિવેલ્ડ (Joseph Lelyveld) નામના એક 'પુલિત્ઝર પ્રાઇઝ' વિજેતા પત્રકારે એક પુસ્તક લખ્યું છે 'Great Soul' MAHATMA GANDHI AND HIS STRUGGLE WITH INDIA … આ પુસ્તક ઉપર નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં પ્રતિબંધ મૂક્યો છે. આવી રીતે જિન્નાહ વિશેના જશવંત સિંહે લખેલા પુસ્તક ઉપર પ્રતિબંધ મૂકીને એને બહુ પ્રખ્યાત કરી દીધેલું. આનું પણ આવું જ થવાનું છે.

ગાંધીજીએ ૩૭ વર્ષની ઉંમરે છેલ્લો યજ્ઞ કહીને બ્રહ્મચર્યનું વ્રત લીધેલું. બ્રહ્મચર્યનો અર્થ એવો થાય કે બ્રહ્મમાં ચર્યા. બ્રહ્મમાં સતત રમમાણ રહેવું તે. દરેકમાં પરમ આત્માને અનુભવવો તે. પણ ગાંધીજીનો મતલબ જુદો હશે, કે ભાઈ સેક્સ કરવો નહિ. સ્ત્રી સાથે સંસર્ગ કરવો નહિ. એનું કારણ પણ બહુ જૂનું હતું. ગાંધીજી ૧૩ વર્ષે ૧૪ વર્ષનાં કસ્તૂરબા સાથે ૧૮૮૩માં પરણેલા. બાળ સહજ જાતીય વૃત્તિમાં રસ સ્વાભાવિક વધુ હશે. એમના પિતા ખૂબ બીમાર હતા. એમની સેવા તે કરતા. પણ રાત્રે એમનો રસ કસ્તૂરબા સાથે વહેલી તકે પહોચી જવામાં રહેતો. એક દિવસ એ જલદી પહોચી ગયા અને એમનામાં રત થઈ ગયા અને આ બાજુ પિતાએ દેહ છોડ્યો. બસ એ દિવસથી ગાંધીજીને કામરસથી છુટકારો મેળવવો હતો. છેક ૩૭ વર્ષે એમણે બ્રહ્મચર્યનું વ્રત લઈ લીધું કામ વાસના ઉપર વિજય મેળવવા માટે. બસ ત્યારથી જાતજાતના પ્રયોગો કરતા રહેતા.



મનુ ગાંધી અને આભા ગાંધી સંગાથે

પ્રાચીન સમયમાં ભારતમાં બ્રહ્મચર્યનો અર્થ સેક્સ ના કરવો તેવો નહિ હોય. કારણ લગભગ તમામ ઋષિમુનિઓ પરણેલા હતા, એક કરતા વધારે પત્નીઓ પણ રાખતા. પણ ઉત્ક્રાન્તિના ઇતિહાસમાં બધા પુરુષોને સ્ત્રીઓ ઉપલબ્ધ થતી નહિ. સક્ષમ પુરુષો વધુ સ્ત્રીઓ મેળવી જતા. એટલે જે પુરુષોને સ્ત્રીઓ ઉપલબ્ધ થતી નહિ હોય, તેવા છગનોએ વીર્યમાં મહાન શક્તિ છે તેને બચાવવું જોઈએ તેવી 'હમ્બગ' (ધતિંગ) વાતો ફેલાવીને બ્રહ્મચર્યનો અર્થ સેક્સ નહિ કરવો તેવું ઠસાવી દીધું હશે. એટલે અમને સ્ત્રીઓ ઉપલબ્ધ નથી કે અમને સ્ત્રીઓ પસંદ કરતી નથી તેવું નીચાજોણું દેખાવા દેવું ના હોય, માટે અમે બ્રહ્મચારી છીએ કે અમે બ્રહ્મચર્યનું વ્રત લીધું છે, તેવું કહેતા હશે.



ભૂપેન્દ્રસિંહ રાઉલ

ભારતીય અધ્યાત્મિક જગતમાં કહેવાતા મોક્ષ, આત્મસાક્ષાત્કાર, સમાધિ કે જ્ઞાન માટે ત્રણ રસ્તા છે. એક છે ભક્તિ જેમાં સંપૂર્ણ સમર્પણ છે, બીજો છે યોગ જેમાં ત્યાગ ત્યાગ અને ત્યાગ છે, ત્રીજો છે તંત્ર જેમાં ભોગવો અને છુટકારો મેળવો. એકમાં અસહાયતા છે. બીજામાં નકારાત્મકતા છે. ત્રીજામાં હકારાત્મકતા છે. તંત્રમાં બધું સ્વીકાર્ય છે. કોઈને છોડવાનું નથી. સેક્સને પણ ભોગવીને છોડવાનો છે, નફરત કરીને નહિ. પણ તંત્રના નામે ખૂબ વ્યભિચાર ચાલતા આમ પ્રજા એનો વિરોધ કરવા લાગી હશે. એકલા ભોજ રાજાએ હજારો તાંત્રિકોને શૂળીએ ચડાવી દીધા હતા. તંત્ર પછી ભૂગર્ભમાં ચાલ્યું ગયું. લોકો કહેતા હશે કે પશ્ચિમ પાસેથી આપણે કહેવાતી વિકૃતિઓ શીખીએ છીએ. ના એવું નથી. આપણે એ લોકને શીખવી હશે. એ લોકો તો ડાર્ક એજમાં (અંધાર યુગમાં) જીવતા હતા, ત્યારે આપણે એકદમ સુસંસ્કૃત હતા. ઓરલ, એનિમલ અને ગ્રુપ સેક્સનાં શિલ્પ ખજૂરાહોમાં કોણે બનાવ્યાં હતાં ? યુરોપીયન્સ બનાવવા આવ્યા હતા? વડોદરાનાં કાશી વિશ્વનાથ મહાદેવના મંદિરે આજે પણ જાઓ અને પ્રદક્ષિણા કરો અને ઉપર જરા નજર કરો. મંદિર ફરતે નાની નાની મૂર્તિઓની હારમાળા છે જાણે મિનિયચર (લઘુચિત્ર) ખજૂરાહો. જલદી કોઈની નજરે ચડે તેમ નથી. આ તંત્ર માર્ગ હતો. સેક્સને વગોવવાનો નથી, ભોગવીને છોડવાનો છે. એમાં રહેલી ઉત્તેજનાથી મુક્ત થવાનું હશે. તંત્રમાં એક પ્રયોગ કરવામાં આવતો. નગ્ન સ્ત્રીની પૂજા કરવામાં આવતી. નગ્નતાની કોઈ ઉત્તેજના ના રહે. અહીં અમેરિકામાં નગ્ન બીચ હોય છે. જ્યાં લોકો સમુદ્રની મજા બિલકુલ નિર્વસ્ત્ર માણતા હોય છે ત્યાં કપડાં એલાઉ હોતાં નથી. પ્રાણીઓ નગ્ન હોય છે માટે કસમયની કોઈ ઉત્તેજના હોતી નથી. બ્રિટનમાં એક સમયે ખૂબ મલાજો હતો, સ્ત્રીઓની પગની પાની પણ ના દેખાય એટલાં લાંબા વસ્ત્રો (ગાઉન) પહેરવામાં આવતાં. ત્યારે કોઈના પગની પાની દેખાઈ જાય તો સિસકારા બોલી ઊઠતા. વસ્ત્રોએ માનવોને કાયમ ઉત્તેજિત મનોદશામાં મૂકી દીધા છે. બસ, ગાંધીજી આવા અજાણપણે તાંત્રિક પ્રયોગો કરતા રહેતા. સ્ત્રીઓ સાથે નગ્ન સૂવાના પ્રયોગો કરતા રહેતા.



યુવાન સુશીલા નૈયર સંગાથે

જેડ આડમ્સ નામના ઇતિહાસકારે જગતભરનાં પુસ્તકાલયો અને ૧૦૦થી વધુ પુસ્તકો ફેંદી, ગાંધીજીના અંતેવાસીઓ અને સગાંવહાલાંને મળીને એક પુસ્તક લખેલું : ગાંધીજીની સેક્સ લાઇફ વિષે 'ગાંધી નેકેડ ઍમ્બિશન'. મોટા માણસની એબ પશ્ચિમમાં તો આડેધડ પ્રગટ થાય છે એમાં કોઈને કશું લાગતું નથી. પણ અહીં ધરતીકંપ થઈ જતો હોય છે. મોનિકા પ્રકરણ થયા પછી પણ બીલ ક્લીન્ટનનું માન એટલું જ છે. મોનિકા-ક્લીન્ટન સમાચાર પહેલીવાર ટી.વી. પર પ્રગટ થયા ને એક ઈવલૂશનરી સાઇકૉલજિસ્ટ બૂમ પાડી ઊઠેલી. એના ઘરમાં કે આ તો થવાનું જ હતું. આ તો ઉત્ક્રાંતિનો ક્રમ છે. ગાંધીજી માટે ટૂંકી પોતડી પહેરવી, સાદું જીવન જીવવું, લીમડાની કડવી ચટણી ખાવી સહેલું હતું, પણ બ્રહ્મચર્ય પાળવું અતિ કઠિન હતું. માટે અતિ ઉત્સાહમાં "ઇન્ડિયન ઓપીનિયન"માં લખી ચૂકેલા કે દરેક હિન્દુસ્તાની જે આદર્શ જીવન જીવવા માંગતો હોય તેને લગ્ન કરવા નહિ અને અને કરે તો બ્રહ્મચર્ય પાળવું. અને આવી ફરજ એમના આશ્રમમાં ફરજિયાત પડાવવાની હિંસા કર્યા કરતા. બસ અહીં એમણે તાંત્રિક પ્રયોગો શરૂ કર્યા. આશ્રમની સ્ત્રીઓ સાથે સૂવું, સ્નાન કરવું અને છતાં બ્રહ્મચર્ય પાળવું. આશ્રમમાં રહેતાં સ્ત્રી પુરુષોએ પતિ પત્ની હોય છતાં અલગ સુવાનું. સેક્સના વિચારો આવે તો ઠંડા પાણીથી સ્નાન અરધી રાત્રે પણ કરી લેવાનું. ગાંધીજીનાં સેક્રેટરી અને અંગત ડૉક્ટર યુવાન એવાં સુશીલા નૈયર એમની સાથે એક બાથરૂમમાં સ્નાન કરતાં તેનો વાંધો બીજા આશ્રમવાસીઓને આવતો. બીજી બહેનોને પણ આવો લહાવો લેવો હોય તેમને સુશીલા નૈયરની ઈર્ષ્યા આવતી. સુશીલા નૈયરે ઈન્ટરવ્યું લેતાં પૂછેલા સવાલના જવાબમાં ગાંધીજી સાથે નગ્ન સ્નાન કરતા તેનો ઇન્કાર કરેલો નહિ.

આશ્રમની સ્ત્રીઓ એમના પતિ સાથે સૂતી નહિ, પણ ગાંધીજી સાથે બ્રહ્મચર્યના પ્રયોગો કરવા સુવા તૈયાર થઈ જતી. ગાંધીજી નખશિખ પ્રમાણિક હતા. કશું છુપાવતા નહિ. એમના પત્રો દ્વારા બધું જાણવા મળેલું છે પણ ઘણા બધા પત્રોનો નાશ કરવામાં આવ્યો છે. લેખક જેડ આડમ્સ લખે છે કે ગાંધીજીએ બ્રહ્મચર્યનો વિચાર નવેસરથી રજૂ કરેલો, તેઓ કહેતા કે જે વ્યક્તિ

ઈશ્વરના સાંનિધ્યમાં સતત જીવે છે તે જાગરૂકતા કે અજાગ્રત અવસ્થામાં વીર્ય સ્ખલન કરે તેનો વાંધો નહિ, એવી વ્યક્તિ સ્ત્રી સાથે નગ્ન સૂઈને બ્રહ્મચર્ય પાળી શકે છે, ફક્ત એનો ઈરાદો વાસનામય ના હોવો જોઈએ. ગાંધીજીની વાતો કોઈ સમજી શક્યું નહિ. એમની સાથે નગ્ન સુવાના પ્રયોગો કરતી યુવાન મનુ અને આભાનાં કુટુંબમાં ખૂબ વિવાદ જાગ્યો. એક ભત્રીજાની દીકરી હતી અને બીજી ભત્રીજાના દીકરાની વહુ હતી. ઘણા બધાએ આશ્રમમાંથી રાજીનામું આપ્યું અને છૂટા થયા. ગાંધીજીના આવા પ્રયોગો જવાહરને અકુદરતી અને એબ્સર્ડ લાગતા. નેતાઓને થતું કે બ્રહ્મચર્યના આવા પ્રયોગો શું કામ કરતા હશે? અને પાછા જાહેર કેમ કરતા હશે? ભારતમાં ખાનગીમાં બધું ચાલે. પણ ખાનગી રાખે તો ગાંધીજી શાના? વલ્લભભાઈએ પણ અણગમો રજૂ કરેલો. મોરારજી દેસાઈને પણ મનુ અને આભાને ટેકવીને ગાંધીજી ચાલતા તે ના ગમતું. મહાત્મા થયા તો શું થયું, આમ નાની છોકરીઓને ખભે ટેકવીને ચલાય? આવું મોરારજી કહેતા. અહીં ભારતીય મનોદશા વ્યક્ત થાય છે.

ભારતમાં પુરુષો એકબીજાને ખભે હાથ રાખીને ચાલે, વળગે તો લોકોને કશું અજુગતું લાગે નહિ, પણ કોઈ સ્ત્રીને ખભે હાથ મુકીને ચાલે તો ખરાબ ગણાય. જ્યારે પશ્ચિમમાં ઊંધું છે. અહીં પુરુષો એકબીજા પર વધારે ભાવ વ્યક્ત કરે, ખભે ટેકવીને ચાલે તો લોકો સમજે 'ગે' હશે, સજાતીય હશે. પશ્ચિમ જગતમાં સ્ત્રી મિત્ર હોય તે કુદરતી ગણાય. સ્કૂલમાં પણ કોઈ છોકરો કે છોકરી વિજાતીય મિત્રો ના રાખે અને છોકરો છોકરા સાથે જ કે છોકરી છોકરી સાથે જ મિત્રતા રાખે તો શંકાની નજરે જુએ. કોઈ ખામી હશે, જરા જોજો, એવી સૂચના માબાપને અપાતી હોય છે. જો કે હવે તો આ સમાજ એટલો બધો સ્વતંત્ર અને છૂટછાટવાળો બની ગયો છે કે એમાં પણ કોઈને અજુગતું લાગતું નથી.



સરલાદેવી

રામાનુજ દત્ત ચૌધરીનાં પત્ની અને રવીન્દ્રનાથ ટાગોરના દૂરનાં ભત્રીજી સરલાદેવી ચૌધરી ગાંધીજી ઉપર ભરપૂર પ્રેમ વરસાવતાં. કૅલનબૅક નામના જર્મન મિત્રને ગાંધીજીએ લખેલું કે હું એમને મારી બૌદ્ધિક પત્ની માનું છું. બૌદ્ધિક સાથીદારી કસ્તૂરબા આપી નહિ શક્યા હોય. ગાંધીજી અસ્વસ્થ હોય ત્યારે સરલાદેવીને ઉષ્માભર્યા પત્રો લખતા. બંને વચ્ચે આધ્યાત્મિક સાથીદારી શક્ય છે કે નહિ તેની ચર્ચા પણ થયેલી.

જર્મન યહૂદી કૅલનબૅક દક્ષિણ આફ્રિકાથી ગાંધીજી સાથે જોડાયેલો હતો. જોસેફ લેલિવેલ્ડ 'Great Soul'માં કૅલનબૅક અને ગાંધીજી વચ્ચે અતિ અંગત અને અસંદિગ્ધ સંબંધો હતા તેવું નોંધે છે. કૅલનબૅકને ગાંધીજીએ ૨૫૦ પત્રો લખેલા તેનું લીલામ બ્રિટનમાં થયેલું. ગાંધીજીએ એક પત્ર કૅલનબૅકને લખેલો. એના લીધે ખૂબ વિવાદ જાગ્યો છે. "વોલ સ્ટ્રીટ જર્નલ"ના રિવ્યુઅર એન્ડ્ર્યુ રોબર્ટ અને લંડનના "ડેઈલી મેલ"નાં લેખોએ ખૂબ વિવાદ જગાવ્યો છે. અને એના લીધે આ પુસ્તક ઉપર ગાંધીના ગુજરાતમાં પ્રતિબંધ મુકાયો છે. પત્રમાં ગાંધીજીએ લખેલા વાક્યો 'Your portrait (the only one) stands on my mantelpiece in the bedroom. The mantelpiece is opposite to the bed. The eternal toothpick is there. The corns, cottonwool and vaseline are a constant reminder. The pen I use in each letter it traces makes me think of you. If, therefore, I wanted to dismiss you from my thoughts, I could do it……………….The point to illustrate is to show to you and me how completely you have taken possession of my body. This is slavery with a vengeance.' આ પત્રે ગાંધીજીને સજાતીય ચીતરવામાં બહુ મોટો ભાગ ભજવ્યો છે. કૅલનબૅક સાથે પત્રવ્યવહાર કરતી વખતે ગાંધીજી પોતાને અપર હાઉસ અને કૅલનબૅકને લોઅર હાઉસ તરીકે સંબોધન કરતા. બે પુરુષ મિત્રો વચ્ચે ખૂબ પ્રેમભાવ હોય તો ભારતમાં અજુગતું લાગે નહિ, પણ પશ્ચિમના સમાજમાં 'ગે' હશે તેવું સમજાય તેમાં અજુગતું નથી. એવા તો કેટલા ય પત્રોમાં ગાંધીજીએ અંતેવાસીઓને સલાહ આપી છે વૅસલિન કઈ રીતે અને ક્યાં વાપરવું. વૅસલિન પગે લગાવવામાં અને એનિમા લેવામાં આશ્રમમાં વપરાતું.


લેલિવેલ્ડ (Lelyveld) નોંધે છે કે ગાંધીજીની હત્યાના એક દિવસ પહેલાં મનુને ગાંધીજીએ કહેલું કે કોઈ મને ગોળી મારે અને એની ગોળી મારી છાતી ઉપર વાગે, ત્યારે કોઈ આહ વગર મારા મુખમાંથી રામનું નામ નીકળે તો જ મને સાચો મહાત્મા માનજો. એક સપ્તાહ પહેલાં બોમ્બ નાંખીને એમની હત્યાનો પ્રયાસ થઈ ચુક્યો હતો, અંતે એમને સમજ પડી ગયેલી કે કોઈ મારી હત્યા કરવાનું છે. મનુને ગોડસેએ ધક્કો મારીને હડસેલી મુકેલી. ગોળીના અવાજે મનુનાં કાનમાં ક્ષણ માટે બહેરાશ લાવી દીધેલી. મનુ 'હે ! રામ !' સાંભળવા માટે અપેક્ષિત પૂર્વનિર્ધારિત તૈયાર હતાં. ગોડસે અને વિષ્ણુ કરકરે કહેતા કે ખાલી દુ:ખભર્યા 'આહ!' શબ્દો જ નીકળ્યા છે. એમની પાછળ ચાલતા શીખ વ્યાપારી ગુરુબચનસિંગે કશું પ્રાર્થના જેવું સાંભળેલું. પ્યારેલાલ કહેતા, બે શબ્દો 'રામ રામ' નીકળ્યા છે. … જે હોય તે. એમનું મહાત્માપણું બે શબ્દો 'રામ રામ' માટે મોહતાજ નહોતું. ઓશો કહેતા કે ગાંધી જેવો માણસ હજાર વર્ષે પણ પેદા થાય નહિ. આઈનસ્ટાઈન કહેતા કે આવો માણસ પૃથ્વી પર ફરતો હતો તેવું ભવિષ્યમાં કોઈ માની પણ નહિ શકે. દુનિયાભરના કેટલા ય સફળ ક્રાંતિકારી રાજનેતાઓએ એમનામાંથી પ્રેરણા લીધી છે.

ગાંધીજીને જીવતા હતા ત્યારે જ કોંગ્રેસીઓએ કોરાણે મૂકી દીધેલા. હવે આઝાદી મળી ગઈ હતી, હવે એમની જરૂર નહોતી. નાના બાળકની જેમ રિસાઈને જવાહારે વડાપ્રધાનપદ મેળવી લીધું હતું. દોઢસો વર્ષ દેશસેવા માટે જીવવાની ઈચ્છા ધરાવનાર ગાંધીજીની જિજીવિષા મરી પરવારી હતી. ભાગલાનું અને તેના લીધે થયેલી લાખોની હત્યાએ ગાંધીજીનું હૃદય તોડી નાખ્યું હતું. એ પારાવાર દુ:ખી હતા. ગાંધીજીની કલ્પનાનું આદર્શ ભારત આજે બની શક્યું નથી. સત્ય, અહિંસા, ચોરી ન કરવી, વણ જોઈતું નવ સંઘરવું. ચોરી કરવી આપણો ધર્મ બની ચુક્યો છે, વણ જોઈતા ૧,૫૦૦ બિલિયન ડોલર્સ ભારતના મહા ચોરોએ સ્વીસ બેન્કોમાં સંગ્રહી રાખ્યા છે. આજ ચોરો સરકારમાં બિરાજે છે. બાબા રામદેવ ગમે તેટલાં ઉપવાસ કરે પૈસા પાછા આવવાના નથી. જે લોકો લાવી શકે છે તેમના જ પૈસા સ્વીસ બેન્કોમાં છે.

જેમનું જીવન એક ખુલ્લી કિતાબ હતું, એવા એક સ્વપ્નીલ ભારતીયે સેવેલું આદર્શ ભારત, ક્યાં છે? વિડમ્બના એ છે કે એમની હત્યા કરનારા ગોડસેના અસ્થિ અખંડ હિન્દુસ્તાન બને તેની રાહ જોતા હજુ મૂકી રખાયા છે. વર્ષમાં એકવાર એની પૂજા થાય છે. બંનેનું સ્વપ્ન અખંડ હિન્દુસ્તાન હતું.

(સદ્‌ભાવ : http://brsinh.wordpress.com/2011/05/17/3412/)

e.mail : brraol1157@gmail.com



**તને યાદ છે આપણા બાજુવાળા પડોશી વરજીનિયા મૂવ થયા છે એ ? એમનો ફોન છે. આ લૉન્ગ વીકએન્ડમાં આપણે ત્યાં આવવાનો વિચાર કરે છે. બોલ, કયું બહાનું કાઢવું છે ? આપણાં ગ્રાન્ડ ચીલ્ડ્રનનાં બેબી સિટીંગનું કે તારા સાયનસનું ?**

# સંશોધનની સાધના

## ધનશ્યામ શાહ : આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત રાજકીય સમાજવિજ્ઞાનીના જીવનનું ‘અવલોકન’ અને ‘તારણ’

• બીરેન કોઠારી

બૌદ્ધિકો એટલે એરકન્ડિશન્ડ ઑફિસમાં બેસીને જાતજાતની થિયરીના આધારે સંશોધન કરતા લોકો, જેમની ભાષા સામાન્ય માણસ માટે દુર્બોધ હોય છે. મુખ્યત્વે અંગ્રેજીમાં જ લખતા, અંગ્રેજીમાં જ વાંચતા અને અંગ્રેજીમાં વિચારતા બૌદ્ધિકો રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતનામ હોય એમ બની શકે, પણ સ્થાનિક સમસ્યાઓ કે બાબતો અંગેની તેમની જાણકારી કે અભ્યાસ બહુ મર્યાદિત હોય. અને જેટલો હોય એ પણ કોઈ ને કોઈ થિયરીને આધારે, અથવા તો વિહંગાવલોકનની જેમ બહુ ઉપર રહીને કરાયેલો હોય, જેમાં ભૂમિગત વાસ્તવિકતા ભાગ્યે જ જોવા મળે. આવી એક સર્વસામાન્ય છાપ સામાન્ય લોકોમાં બૌદ્ધિકોની હોય છે. એ કેટલી સાચી છે કે ખોટી એ અલગ વાત છે.




પણ ધનશ્યામ શાહ જેવા અભ્યાસુ અને ખંતીલા રાજકીય સમાજવિજ્ઞાનીને મળીએ ત્યારે આ છાપ પૂરેપૂરી ખોટી પડતી જણાય. અનેક રાજકીય - સામાજિક બાબતો પરનો એમનો તલસ્પર્શી અભ્યાસ એમને અન્ય અભ્યાસુઓથી અલગ તારવી આપે છે. મૂળગામી સંશોધન, પોતાનાં તારણોની સતત પુનઃચકાસણી કરતા રહેવાનું વલણ, સમસ્યા અંગેની ઊંડી નિસ્બત અને સતત તેમ જ સઘન ફીલ્ડવર્કને કારણે ધનશ્યામભાઈએ કરેલા અભ્યાસ અને સામાજિક-રાજકીય સંશોધનોની ખ્યાતિ કેવી છે? ધનશ્યામભાઈ કરતાં સિનીયર એવા આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત સમાજવિજ્ઞાની ધીરુભાઈ શેઠ કહે છે, ‘ભારતીય સમાજની અસ્પૃશ્યતા, જ્ઞાતિપ્રથા, વિવિધ ચળવળો કે એવી અનેક બાબતો અંગે જાણકારી મેળવવા ઈચ્છનાર દેશની કે વિદેશની કોઈ પણ વ્યક્તિએ ધનશ્યામભાઈનાં પુસ્તકો પુસ્તકો વાંચેલા જ હોય. અને ન વાંચેલા હોય તો એને વાંચવા જરૂરી બની રહે એવી એની અધિકૃતતા છે.’

એક તરફ આંતરરાષ્ટ્રીય સ્તર તો બીજી બાજુ સામાન્ય માણસને સમજાય એ રીતની સરળ રજૂઆત! આવું વિરલ વિરોધાભાસી સંયોજન ધનશ્યામ શાહના લખાણોમાં, અભ્યાસમાં જોવા મળે. આવું શી રીતે? ધનશ્યામભાઈની અત્યાર સુધીની જીવનયાત્રાની ઝલકમાં કદાચ આનો જવાબ મળે.

પિતા શાંતિલાલ અને માતા કમળાબહેનનાં છ સંતાનોમાં ૧૪ ઓગસ્ટ, ૧૯૩૯ના દિવસે જન્મેલા ધનશ્યામભાઈનો નંબર સૌથી પહેલો. તેમના પછી ત્રણ બહેનો ઈન્દિરા, કોકીલા, ગીતા, ત્યાર પછી ભાઈ બિહારી અને સૌથી છેલ્લે બહેન હંસા. તેમનું મૂળ વતન ખેડા જિલ્લાના બાલાસિનોર તાલુકાનું જનોડ, પણ દાદા પંચમહાલ જિલ્લાના જાંબુઘોડામાં શાહુકારનો વ્યવસાય કરતા હતા. પિતાજી નજીકના ગામમાં શિક્ષક તરીકે નોકરી કરતા હતા. જો કે, ધનશ્યામભાઈનો જન્મ મોસાળ કપડવંજમાં થયેલો. તેમના જન્મના થોડા સમય પછી પિતાએ શિક્ષકની નોકરી છોડી. તેઓ કપડવંજ સ્થાયી થવા આવ્યા અને નામું લખવાનું કામ શરૂ કર્યું. આ બધાને લઈને ધનશ્યામભાઈનું પૂર્વપ્રાથમિક શિક્ષણ કપડવંજમાં અને ત્યાર પછી જાંબુઘોડામાં થયું.

ધનશ્યામભાઈની ઉંમર સાતેક વરસની હતી એ અરસામાં પરિવાર આખો વડોદરામાં આવીને વસ્યો.વધુ સારી તક મળે એ હેતુ હોય કદાચ ! ધનશ્યામભાઈનું સમગ્ર શિક્ષણ વડોદરામાં જ થયું. પ્રાથમિક સુધી વડોદરાની સરકારી શાળામાં અને ત્યાર પછી મીડલ સ્કૂલ અને માધ્યમિક શિક્ષણ ઘરથી નજીકમાં આવેલી એચ.વી. શ્રોફ મેમોરિયલ હાઈસ્કૂલમાં. વડોદરામાં તેમનું મકાન નવી પોળમાં હતું. પોળના સામૂહિક જીવનનો અનુભવ વિશિષ્ટ હતો. અહીં ક્રિકેટથી લઈને ખાદીકામ જેવી અનેક પ્રવૃત્તિઓ સામૂહિક ધોરણે ચાલતી રહેતી.

વડોદરા આવ્યા પછી ય તેમના પિતાજીનો આર્થિક સંઘર્ષ જારી રહ્યો. પણ તેમનામાં રહેલા શિક્ષકના મૂળભૂત ગુણો અકબંધ હતા. પોતાના સંતાનોમાં પણ એ ગુણો ઉતરે એવો તેમનો આગ્રહ. દેશભક્તિની પ્રવૃત્તિઓમાં ભાગ લેવો જ જોઈએ એવું એ દૃઢપણે માનતા. શરૂઆતમાં ઘરની નજીકમાં ચાલતી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની શાખામાં ધનશ્યામભાઈને એ મોકલતા, પણ પછી ગાંધીજીના હત્યારા ગોડસેનો સંબંધ આર.એસ.એસ. સાથે હતો એવી વિગત બહાર આવતાં ધનશ્યામભાઈનું ત્યાં જવું બંધ કરાવાયું.

આઠમા ધોરણમાં હતા ત્યારે શાળામાં એક મિત્ર થકી ધનશ્યામભાઈનો પરિચય સેવાદળ સાથે થયો, જે એક લાંબા ગાળાનું જોડાણ બની રહેવાનું હતું. ધનશ્યામભાઈ ભણવામાં સરેરાશ વિદ્યાર્થી હતા, પણ સ્વભાવ બોલકો, એટલે વિવિધ બાબતો વિશે શિક્ષકોને સવાલ કરતા રહેતા. કવિતા લખવાનો ય તેમને શોખ હતો, પણ તેમની કવિતાઓ એમની ઉંમર મુજબ સ્વપ્નિલ નહીં, બલ્કે વાસ્તવિક સમસ્યાઓ પર આધારિત રહેતી. આંતરશાળા વક્તૃત્વ સ્પર્ધામાં તેઓ ભાગ લેતા. આવી અનેકવિધ પ્રવૃત્તિઓમાં એ સક્રિય હતા.

શહેરી જીવનના અનુભવની સાથેસાથે ગ્રામ્ય જીવનના અનેકવિધ અનુભવો થકી તેમની ચેતના ઘડાતી ગઈ. રજાઓમાં દાદાને ત્યાં જાંબુઘોડા જઈને રહેવાનું બનતું. દાદાની દુકાન એ સંભાળતા. આદિવાસીઓ મહુડો વેચવા આવે એ લેવાનો અને સામે પૈસા આપવાના. દાદાની દૃષ્ટિ ધીમે ધીમે ક્ષીણ થતી જતી હતી, એટલે દાદાની સાથે આસપાસનાં ગામડાંઓમાં ઉઘરાણીએ પણ પગપાળા જવાનું બનતું. ત્યારે લોકોની મહેમાનગતિનો પણ લાભ મળતો. જો કે, દાદાએ ધીમે ધીમે જાંબુઘોડાનો વ્યવસાય સમેટવા માંડ્યો અને વડોદરા રહેવા આવી ગયા.

વડોદરામાં પિતાજીનો સ્થિર થવાનો સંઘર્ષ ચાલુ જ હતો. કુટુંબની આર્થિક સ્થિતિ ઘણી નબળી કહી શકાય એવી. ધનશ્યામભાઈના પિતાજીએ એક મિત્ર સાથે ભાગીદારીમાં કરિયાણાની દુકાન શરૂ કરેલી. શાળા સિવાયના સમયમાં ધનશ્યામભાઈ પિતાજીને મદદ કરવા દુકાને જતા. આ દુકાન તો એક-દોઢ વરસમાં

જ બંધ કરવી પડી. એ વાત યાદ કરતાં ઘનશ્યામભાઈ કહે છે, 'એક જોતાં એ સારું થયું. કેમ કે દુકાન ચાલુ રહી હોત તો પિતાજીની ઈચ્છા એવી હતી કે આગળ ભણવાને બદલે ધીમે ધીમે હું દુકાન સંભાળી લઉં. કેમ કે માણસની જરૂર હતી જ. એટલે હું દુકાને બેસી ગયો હોત.' દુકાન બંધ થયા પછી ઘરની પરિસ્થિતિ ઓર બગડી. આટલા મોટા વસ્તારનું પૂરું શી રીતે કરવું? બધાં ભાઈબહેનોએ મા જે બનાવે, જેટલું બનાવે એમાંથી ખાઈ લેવાનું. ક્યારેક ખાવાનું ન બને તો એના વિના પણ ચલાવી લેવાનું. આવા સંજોગોને કારણે સાદાઈ કે કરકસર છેક કંજૂસાઈની હદ સુધી પહોંચી જતી. પહેલાં ઘરમાં વીજળી હતી નહીં, અને વીજળી આવી ત્યારે એનું કનેક્શન લેવાના પૈસા નહોતા. એટલે વાંચવાનો કાર્યક્રમ પડોશમાં આવેલા એક માજીના ઘરના માળિયામાં રહેતો.

આવા સંજોગોમાં ઘનશ્યામભાઈના પિતાજીએ વધુ એક વાર નસીબ અજમાવવા માટે મુંબઈની વાટ પકડી. એકાદ વખત વેકેશનમાં ઘનશ્યામભાઈ પિતાજીને મદદ કરવા મુંબઈ ઉપડેલા. પિતાજી મુંબઈના સાવ ઝુંપડપટ્ટી (સ્લમ) જેવા વિસ્તારમાં રહેતા, સવારે કામે નીકળી જતા અને સાંજે થાક્યાપાક્યા આવતા. પિતાજીના નીકળ્યા પછી ઘનશ્યામભાઈ પસ્તીવાળાને ત્યાંથી છાપાંની પસ્તી લઈ આવતા અને એ કાગળની કોથળીઓ બનાવતા અને એને વેચીને થોડીઘણી કમાણી કરતા. પછી તો પિતાજીએ મુંબઈમાં કોઈકની સાથે ભાગીદારીમાં સોપારી કાતરવાનું મશીન પણ લીધેલું, અને ઘીમાં બોળેલી રૂની તૈયાર દીવેટો વેચવાનો ય પ્રયત્ન કરી જોયેલો, પણ સરવાળે નિષ્ફળતા ! છેવટે એ પાછા વડોદરા ભેગા થઈ ગયા. ફરી પાછી કામની તલાશ અને ફરી પાછું નામું લખવાનું કામ. આ વખતે તેમને સાબરકાંઠામાં આવેલા બાયડની એક જિનીંગ ફેક્ટરીમાં નામું લખવાનું કામ મળ્યું. ત્યાં જ રહેવાનું, ખાવાપીવાનું અને કામ કરવાનું.



**કલ્પનાબહેન અને ઘનશ્યામભાઈ શાહ**

દરમ્યાન ઘનશ્યામભાઈ મેટ્રિક પાસ થયા. મનમાં એવી ઈચ્છા ખરી કે આગળ જતાં શિક્ષક બનવું. સેવાદળના સંપર્કો થકી ઘનશ્યામભાઈને ટ્યુશનો મળતાં થયાં, પણ એનાથી થતી આવક રણમાં થતા વરસાદ જેવી હતી. હોઠ ભીના થાય, પણ તરસ છીપે નહીં! કોલેજમાં જતા ત્યારે ઈસ્ત્રી વિનાનું, પીળું પડી ગયેલું ખાદીનું ખમીસ અને ખાદીનો પાયજામો તેમનો પોષાક, બલ્કે તેમની ઓળખ. આને કારણે તેમની મશ્કરીઓ પણ થતી. તેમના ક્લાસની અમુક તોફાની છોકરીઓએ તો એક વાર ઘનશ્યામભાઈની મજાક ઉડાડવા માટે એમને ઘેર ટપાલમાં ગળી અને ટીનોપોલનું પેકેટ પણ મોકલેલું. પણ ઘનશ્યામભાઈ પાસે એને હસી કાઢવા સિવાય બીજો વિકલ્પ ક્યાં હતો! તેમના મનમાં એક વાત નક્કી હતી કે આગળ કંઈક કરવું હોય તો સારો ક્લાસ લાવવો પડે. સેવાદળના સંસ્કારને કારણે સમાજ માટે કંઈક કરી છૂટવાની ય ભાવના ખરી. સાથોસાથ દંભી સામાજિક કુરૂઢિઓ પ્રત્યે એક છૂપો આક્રોશ પણ તેમનામાં પ્રગટતો જતો હતો. દાદાનું અવસાન થયું ત્યારે તેમની મરણોત્તર વિધિઓનો તેમણે વિરોધ કરેલો અને ભોજનનો બહિષ્કાર કર્યો હતો. ઘનશ્યામભાઈના પોતાના વિવાહ સાવ બાળપણમાં એક છોકરી સાથે કરવામાં આવેલા, પણ આગળ જતાં ઘનશ્યામભાઈએ પોતે એ છોકરીને જોવાનો આગ્રહ રાખ્યો. એની સાથે લગ્ન કરવાની તેમણે ના પાડી દીધી. આવું પગલું કેવળ કુટુંબ માટે જ નહીં, આખી જ્ઞાતિ માટે આઘાતજનક હતું. તેમના કાકાની દીકરીને પરાણે નાના ગામમાં પરણાવી દેવામાં આવી હતી. આ પિતરાઈ બહેને એક વાર ઘનશ્યામભાઈ આગળ પોતાની વ્યથા રજૂ કરી. આવી બળજબરીથી ધૂંધવાઈને ઘનશ્યામભાઈએ ખડાયતા જ્ઞાતિના મુખપત્ર ગણાતા સામયિક "ખડાયતા જ્યોતિ"માં બળજબરીથી કરાતાં લગ્નોની વિરુદ્ધમાં લેખ લખેલો.

આ અરસામાં ઘનશ્યામભાઈ સેવાદળના ઠાકોરભાઈ શાહના પરિચયમાં આવેલા. સેવાદળના ગાળામાં જ તેમનો પરિચય કલ્પના અને તેના પિતા નરેન્દ્ર મહેતા સાથે થયેલો. નરેન્દ્રભાઈએ થોડાં ટ્યુશન પણ ઘનશ્યામભાઈને મેળવી આપેલાં. કલ્પના સાથેનો પરિચય કોલેજના અભ્યાસ દરમ્યાન વધુ ગાઢ બન્યો. ઘનશ્યામભાઈએ એમ.એ. શરૂ કર્યું. દરમ્યાન પિતાજી પણ બાયડથી વડોદરા આવી ગયા હતા અને છૂટક નામું લખતા હતા. એ રીતે ઓછી તો ઓછી પણ સ્થાયી આવક થઈ હતી.

ઘનશ્યામભાઈના એમ.એ.ના અભ્યાસ દરમ્યાન પોલિટીકલ સાયન્સ વિભાગના પ્રો. રજની કોઠારી અને સોશ્યોલોજી વિભાગના પ્રો. તરુણ શેઠે વડોદરાની ચૂંટણીઓનો અભ્યાસ કરેલો. આ માટે કોંગ્રેસના નેતાઓ સાથે મુલાકાત કરાવી આપવામાં ઘનશ્યામભાઈના સેવાદળના સંપર્ક કામ આવેલા. યોગાનુયોગે રજની કોઠારીએ ૧૯૬૨માં વડોદરા છોડ્યું અને તેઓ મસૂરી ગયા, જ્યાં તેમને એક પ્રોજેક્ટ મળ્યો હતો. એ જ વરસે ઘનશ્યામભાઈએ એમ.એ.નો અભ્યાસ પૂરો કર્યો હતો એ પ્રો. કોઠારીના ધ્યાનમાં હતું. ઘનશ્યામભાઈ જેવા નિષ્ઠાવાન વિદ્યાર્થીની પ્રતિભાનો યોગ્ય ઉપયોગ થઈ શકે એ માટે મસૂરીથી એમણે ઘનશ્યામભાઈ પર સંદેશો મોકલ્યો કે પરીક્ષા પત્યે એમણે સાબરકાંઠા પહોંચી જઈને ફીલ્ડવર્ક કરવાનું છે.

આમ, પરીક્ષાનું પરિણામ આવે એ પહેલાં જ ઘનશ્યામભાઈનું કામ શરૂ થઈ ગયું. એ ઉપડ્યા સાબરકાંઠા. શરૂમાં એકાદ મહિનો હિંમતનગર અને ત્યાર પછી મોડાસામાં સતત રહીને ઘનશ્યામભાઈએ આ વિસ્તારના લોકોના મતદાનલક્ષી વલણનો અભ્યાસ કરવાનો હતો. ચૂંટણી પછીના આ અભ્યાસમાં લોકો કયાં કયાં પરિબળોને લક્ષમાં લઈને મતદાન કરે છે એ પેટર્નનો (નમૂનાનો) અભ્યાસ અનેક સ્તરના લોકોને મળીને, વિવિધ પ્રશ્નો પૂછીને કરવાનો હતો. સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં આ પ્રકારના અભ્યાસ લોકશાહીના વલણને પારખવામાં ઘણા ઉપયોગી બની શકે એમ હતા. સ્વતંત્ર ભારતમાં આ પ્રકારનો પહેલવહેલો અભ્યાસ ૧૯૫૬ની ચૂંટણી પછી પ્રો. સોમજીએ કરેલો, જે ખૂબ વખણાયેલો અને "માન્ચેસ્ટર ગાર્ડિયન" જેવા પ્રતિષ્ઠીત અખબારમાં તેની નોંધ લેતો તંત્રીલેખ લખાયો હતો. પ્રો. સોમજીએ પોતાના વિદ્યાર્થીઓ પાસે આવો જ અભ્યાસ વડોદરાની આસપાસનાં ગામડાંઓનો કરાવેલો, જેમાં ઘનશ્યામભાઈએ વડોદરા નજીકના કલાલી ગામનો અને કલ્પનાબહેને અટલાદરા ગામમાં જઈને અભ્યાસ કરેલો.

સમાજવિજ્ઞાન કંઈ ભૌતિકવિજ્ઞાન કે રસાયણવિજ્ઞાનની જેમ સનાતન નિયમો ધરાવતું વિજ્ઞાન નથી, બલ્કે સમાજના બદલાતા પ્રવાહોની સાથેસાથે એ પણ પરિવર્તન પામતું રહે છે. એટલે એના માટે જરૂર પડ્યે પોતાના અભ્યાસનું કે પોતે ભણ્યા હોય એવા સિદ્ધાંતનું પુનર્મૂલ્યાંકન કરવા જેટલું ખુલ્લું મન રાખવું જ પડે, નહીંતર એ સમાજવિજ્ઞાની કે રાજકીય વિજ્ઞાની કોઈ ને કોઈ વાદ કે થિયરીમાં જ થીજી જાય. પણ ઘનશ્યામભાઈની કાર્યશૈલી અને નિસ્બત એવી

હતી કે આમાંથી એ બચી શક્યા, એટલું જ નહીં, તેમણે આગળ જતાં કરેલા વિવિધ અભ્યાસો અત્યંત આધારભૂત અને પ્રમાણિત ગણાયા.

ઘનશ્યામભાઈએ રજની કોઠારી સાથે કરેલો પહેલવહેલો અભ્યાસ મોડાસા વિસ્તારનો હતો, જે ખૂબ વખણાયો અને અત્યંત પ્રતિષ્ઠીત ગણાતા "ઇકોનોમીક વીકલી"માં પ્રસિદ્ધ થયો. એમ.એ. પાસ કર્યા પછી ઘનશ્યામભાઈ એમ.એસ. યુનિવર્સિટીમાં જ રીસર્ચ આસિસ્ટન્ટ તરીકે જોડાઈ ગયા, પણ બહુ ઝડપથી તેમને લાગ્યું કે કામ કરવા માટે અહીં બહુ મર્યાદિત ક્ષેત્ર છે. દરમ્યાન મસૂરી ગયેલા રજની કોઠારીએ પોતાની સાથે પંચાયતી રાજને લગતા અભ્યાસમાં જોડાઈ જવાની ઑફર કરી, એટલે ઘનશ્યામભાઈએ તરત હા ભણી દીધી. મસૂરીમાં જઈને તેમણે છ મહિના કામ કર્યું. એ પછી ઓલ ઇન્ડિયા કોંગ્રેસ કમિટીના એક પ્રોજેક્ટ માટે પણ કામ કર્યું.



૧૯૬૪માં તેમનાં લગ્ન તેમની સહાધ્યાયી કલ્પના સાથે થયાં. આ જ વરસે દિલ્હીમાં પ્રો. રજની કોઠારીએ સી.એસ.ડી.એસ. (સેન્ટર ફોર ધ સ્ટડી ઑફ ડેવલપીંગ સોસાયટીઝ)ની સ્થાપના કરેલી અને ઘનશ્યામભાઈને જોડાવા માટે નિમંત્રણ આપેલું. એટલે ઘનશ્યામભાઈ આવી ગયા દિલ્હી અને રીસર્ચ આસિસ્ટન્ટ તરીકે જોડાયા. દિલ્હીમાં રહેવા છતાં ઘનશ્યામભાઈના ગુજરાતલક્ષી અભ્યાસ ચાલુ જ રહ્યા. સરદાર પટેલની આગેવાની હેઠળના બારડોલી સત્યાગ્રહનો તેમણે અભ્યાસ કર્યો. ત્યાર પછી ૧૯૬૭માં તેમણે પી.એચ.ડી. શરૂ કર્યું.

મહાગુજરાતના ઇતિહાસમાં પહેલવહેલા કોમી રમખાણો ૧૯૬૯માં થયાં ત્યારે અમદાવાદ અને વડોદરાના રમખાણગ્રસ્ત વિસ્તારોમાં જાતે ફરીને તેમણે અભ્યાસ કર્યો. અસરગ્રસ્તોને પણ એ મળ્યા, એમ હુમલાખોરોને પણ મળીને તેમના માનસિક વલણનો તાગ લીધો. આ અભ્યાસ ગુજરાતને લગતો અતિ મહત્ત્વનો અભ્યાસ ગણાય છે, જે "ઇકોનોમીક એન્ડ પોલિટીકલ વીકલી"માં પ્રકાશિત થયો. ૧૯૭૧માં તેમણે પી.એચ.ડી. પૂરું કર્યું. એ પછી તેમને લાગ્યું કે ગુજરાતમાં જઈને કંઈક નક્કર કામ કરવું જોઈએ. પણ ગુજરાતમાં જવું ક્યાં? પ્રો. આઈ.પી. દેસાઈએ સમાજવિજ્ઞાનના સંશોધન માટે ૧૯૬૯માં 'સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ'નો આરંભ કરેલો. દેસાઈ સાહેબે એક મુલાકાતમાં ઘનશ્યામભાઈને સુરતના સેન્ટરમાં જોડાઈ જવાનું નિમંત્રણ આપ્યું. ઘનશ્યામભાઈએ એ સ્વીકાર્યું અને દિલ્હીની ઔપચારિકતાઓ પૂરી કરીને ૧૯૭૨માં સુરત આવી ગયા.

થોડા સમય પછી વડોદરાની એક શિબિરમાં એમણે પ્રખર સામ્યવાદી અક્ષયભાઈ દેસાઈને સાંભળ્યા. એ અગાઉ સામ્યવાદી વિચારધારાનો અભ્યાસ હતો, જેનું દર્શન હવે નવા પ્રકાશમાં થયું. ૧૯૭૪માં ગુજરાતમાં થયેલા નવનિર્માણ આંદોલનનો પણ ઘનશ્યામભાઈએ અભ્યાસ કર્યો, જેનો અભ્યાસલેખ "ઇકોનોમીક એન્ડ પોલિટીકલ વીકલી"માં ત્રણ ભાગમાં પ્રકાશિત થયો. એ જ વરસે થયેલા બિહાર આંદોલનનો પણ ઘનશ્યામભાઈએ બિહાર જઈને તુલનાત્મક અભ્યાસ કર્યો. કોઈ પણ અભ્યાસ કે તારણ એ નક્કર પુરાવા વિના રજૂ કરતા નહીં. એમના અભ્યાસ કે પૃથક્કરણને પડકારી ન શકાય. આને લઈને ઘણી વાર એવું પણ થતું કે તેમણે અમુક લોકોની નારાજગી પણ વહોરી લેવી પડતી. નર્મદા બંધ અંગેના અભ્યાસમાં આવું વારંવાર થતું. આની સામે એવું પણ થયું કે ૧૯૯૪માં સુરતમાં પ્લેગની બિમારી ફેલાઈ અને તેને કારણે મહાનગરના વિકાસનું વિકરાળ સ્વરૂપ છતું થયું. આ સમયે ઘનશ્યામભાઈએ પોતાની નૈતિક ફરજ સમજીને એના વિષે વિસ્તૃત અભ્યાસ કરીને વિશદ અહેવાલ તૈયાર કર્યો. આ અહેવાલ પુસ્તકરૂપે પણ પ્રકાશિત થયો, જેના કેન્દ્રમાં સુરત હતું, પણ આમ જોઈએ તો શહેરી વિકાસના વર્તમાન મુદ્દાને એમાં આવરી લેવાયો હતો. સુરતના મ્યુનિસિપલ કમિશ્નર રાવે આ દુર્ઘટના પછી સુરતની ઐતિહાસિક કાયાપલટ કરી, એમાં આ રિપોર્ટનું પ્રદાન ઘણું મહત્ત્વનું હતું.

પોતે ૧૯૬૨માં કરેલા મોડાસા વિસ્તારના અભ્યાસ પછી છેક ચાલીસ વરસે તેમણે એ જ વિસ્તારમાં જઈને ત્યાંના બદલાયેલાં વલણનો તાગ લીધો.

સુરતમાં ઘનશ્યામભાઈનો કાર્યકાળ છવ્વીસેક વરસનો રહ્યો. સુરતના સેન્ટર દ્વારા પ્રકાશિત ત્રિમાસિક "અર્થાત્" ગુજરાતીમાં જ પ્રસિદ્ધ થાય એવો આગ્રહ ઘનશ્યામભાઈનો હતો, જેથી વધુ લોકો સુધી પહોંચી શકાય.

ત્યાર પછી દિલ્હીની જે.એન.યુ.એ એમને નિમંત્ર્યા. વચ્ચે નેધરલેન્ડની એમ્સ્ટર્ડામ યુનિવર્સિટીમાં પણ એમને વીઝીટીંગ પ્રોફેસર તરીકે નિમંત્રીત કરવામાં આવ્યા, તો યુનિવર્સિટી ઑફ શિકાગોમાં પણ તેમણે ભણાવ્યું છે. સમયાંતરે ઘનશ્યામભાઈએ અનેક બાબતોને કેન્દ્રમાં રાખીને અભ્યાસ કર્યા છે, જેમાં વિવિધ સામાજિક બાબતો, રાજકીય બાબતો, જનઆંદોલનો વગેરેનો સમાવેશ થાય છે. વિષયવૈવિધ્ય હોવા છતાં એ સૌમાં કશી સમાનતા હોય તો એ છે ઘનશ્યામભાઈની નિસ્બત, નિષ્ઠા અને ખંત. આને લઈને તેમનાં સંશોધનોને અને તેમને ફુલબ્રાઇટ એવોર્ડ, યુ.જી.સી. નેશનલ એવોર્ડ, વી.કે.આર.વી.રાવ પ્રાઇઝ જેવાં અનેક માન-સન્માન મળ્યાં છે.

એક વરસ વહેલી નિવૃત્તિ લઈને ઘનશ્યામભાઈ અમદાવાદમાં સ્થાયી થયા છે અને હાલ શિમલાની ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ એડવાન્સ્ડ સ્ટડીઝમાં તેઓ નેશનલ ફેલો તરીકે કાર્યરત છે. તેમની બે દીકરીઓમાં અમદાવાદ સ્થિત નેહા કબીર ઠાકોર જે એલ.જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ સાથે સંકળાયેલાં છે, તો શૃંગી કિરણ દેસાઈ સુરતનાં નામાંકીત વકીલ છે.

ઘનશ્યામભાઈનાં વિદુષી પત્ની કલ્પનાબહેન હાલ ગુજરાતમાં સ્ત્રી ચળવળ અને સ્ત્રી સંસ્થાઓનો અભ્યાસ કરી રહ્યાં છે, તો શિમલામાં રહીને ય ઘનશ્યામભાઈ વર્તમાન સમયના સામાજિક પરીવર્તન વિષે અભ્યાસ કરી રહ્યા છે. પોતાના અભ્યાસલેખો અંગે એ કહે છે, 'અભ્યાસ દરમ્યાન હું એક બાબત પર ખાસ ભાર મૂકું છું, અને અભ્યાસ કરનારા સૌને કહું છું કે આપણે અભ્યાસ કરીને સામેવાળા પર ઉપકાર નથી કરતા, બલ્કે શીખવા માટે જઈએ છીએ. એટલે ભૂલેચૂકે ય એવો ભ્રમ ન રાખવો કે આપણે એની સેવા કરી રહ્યા છીએ.' ઘનશ્યામભાઈની કાર્યશૈલીનો અને વલણનો અંદાજ તેમના આ અભિગમમાં જોવા મળી શકે છે.

**(સદ્ભાવ 'ગુર્જરરત્ન', "અહા ! જિંદગી", મે ૨૦૧૧)**

e.mail : birenkamini@yahoo.com

# આધુનિક, ઔદ્યોગિક અમદાવાદના પ્રણેતા

**• દીપક મહેતા**

સ્વર્ણિમ ગુજરાતનાં ઢોલત્રાંસા હવે વાગતાં બંધ થયાં છે. ગુરુદેવ ટાગોરની ૧૫૦મી જન્મજયંતી પણ રંગેચંગે ઉજવાઈ ગઈ. પણ સ્વર્ણિમ ગુજરાતનો, ઔદ્યોગિક ગુજરાતનો, આધુનિક ગુજરાતનો પાયો નાખનાર એક ઘટના દોઢસો વર્ષ પહેલાં, ૧૮૬૧ના મે મહિનાની ૩૦મી તારીખે અમદાવાદમાં બની હતી એની ઉજવણી કરવાનું ભાગ્યે જ કોઈને સૂઝશે.

એ ઘટના તે અમદાવાદની પહેલવહેલી સુતરાઉ કાપડની મિલની સ્થાપના. અને એ 'અમદાવાદ સ્પિનિંગ એન્ડ વિવિંગ મિલ' શરૂ કરનાર હતા રણછોડલાલ છોટાલાલ, ઉર્ફે રણછોડ રેંટિયો. એ દિવસે સાંજે પોણા પાંચ વાગે એ મિલમાં પહેલી સીટી વાગી અને તેની સાથે અમદાવાદમાં, ગુજરાતમાં આધુનિક ઔદ્યોગિક યુગનાં મંડાણ થયાં.

રણછોડલાલનો જન્મ ૧૮૨૩ના એપ્રિલની ૨૯મી તારીખે. અવસાન ૧૮૯૮ના ઓક્ટોબરની ૨૬મી તારીખે. યશોધર નર્મદાશંકર મહેતાએ ગુજરાતના મિલ ઉદ્યોગના આ પિતા વિષે દસ્તાવેજી નાટક 'રણછોડલાલ' લખ્યું છે. તેનાં પ્રાસ્તાવિકમાં તેમણે કહ્યું છે : 'અમદાવાદના ૫૦૦ વર્ષના ઇતિહાસમાં

# કાર્ટૂનિસ્ટ તે કારીગર કે કલાકાર ?

• મધુ રાય

તાલીમથી તો અમેરિકાવાસી મહેન્દ્ર શાહ સાહેબ સ્થપતિ છે, પરંતુ આજે એમનાં દોરેલાં કાર્ટૂન્સ અનેક પત્રિકાઓમાં અને ઇ-સ્થાને છપાય છે.

મે માસની ૧૪મી તારીખે ‘ગુજરાતી સમાજ ઓફ ટ્રાયસ્ટેટ’ના મેડફર્ડ ન્યુ જર્સી નગરમાં ભરાયેલા ‘આનંદ મેલા’નું મુખ્ય આકર્ષણ હતું મહેન્દ્ર શાહનાં કાર્ટૂનોનું પ્રદર્શન. સહસા ખડખડ હસાવે તેવાંથી માંડીને સ્મિત થાય, અથવા કદીક વાસ્તવની મેલી બાજુ તરફ આંગળી કરતું કાર્ટૂન જોઇ મન ખાટું થાય તેવા વિધવિધ ઠઠ્ઠાચિત્રો દોરનાર આ કાર્ટૂનિસ્ટનું પ્રદર્શન તમામ ટ્રાયસ્ટેટીસ્ટ મુલાકાતીઓએ માણ્યું હોય, કેમ કે મળતાવડા, ઉત્સાહથી છલછલતા અને બારીક ‘કોતરકામ’ કરનારા મહેન્દ્રભાઈની પીંછી ફ્યુચરના કિંગ વિલિયમને કે ટેરરના કિંગ બિન લાદેનને પણ છોડતી નથી.




મૂળ અમદાવાદના મહેન્દ્ર શાહ ૧૯૭૪થી અમેરિકામાં વેરાઇટી સ્ટોર્સના માલિક છે, જો કે તાલીમથી તો શાહ સાહેબ સ્થપતિ છે, (સ્થપતિ એટલે ગુજરાતીમાં આર્ચિટેક, કે આર્કિટેક્ટ). કિન્તુ સ્ટોરમાલિક સ્ટ્રોક સ્થપતિનો માંહ્યલો નાચે છે તેમની પીંછી માર્ગે. દર અઠવાડિયે તેમનું કાર્ટૂન તેમના બ્લોગ (isaidittoo.com) ઉપર, ને આપણા ઈમેઈલની પેટીઓમાં પણ પ્રવેશે છે. દરેક કાર્ટૂનિસ્ટની માફક તેમની વક્રનજર દિનમાનના બનાવોને તિર્યક રેખાથી દોરે છે. રીયલ એસ્ટેટસ્ટિ, સ્ટોરમાલિક, આર્કિટેક્ટ અને કાર્ટૂનિસ્ટ શાહ સાહેબને પોયેટ્રી ને લલિતલેખનનું પણ ઘોયું છે, ને એંય! પેઇન્ટિંગ બેઇન્ટિંગમાં બી ‘આઇ જાઓ!’ લેન્ડસ્કેપ રેન્ડરિંગ યાને રેખાંકન મહેન્દ્રભાઈને વિશેષ વહાલું છે.

તેમણે બાલકૃષ્ણ દોશી, હસમુખ પટેલ અને રાજેન્દ્ર ચોકસી જેવા જાજરમાન સ્થપતિઓ માટે લેન્ડસ્કેપ રેન્ડરિંગનાં રેખાંકન દોરેલાં. તે સમયથી રેખા અને આકારની પ્રીતિ પ્રગાઢ થઈ. અમેરિકા આવી તેમણે ન્યુક્લીયર ઈન્સ્ટ્રુમેન્ટ ડિઝાઇનર તરીકે કામ કર્યું ને હવે રીયલ એસ્ટેટ અને સ્ટોરમાં કાર્યરત છે. પરંતુ અમેરિકાના ભારતીયોની સેટલ થવાની છટપટાહટને તે કાકનિગાહથી અવલોકતા રહેલા, નાનપણમાં તેમના માતુશ્રી કહેતાં કે નાહક શા માટે રંગ બગાડે છે, તે યાદ કરીને મહેન્દ્રભાઈ રમત રમતમાં તે છટપટાહટનાં ઠઠ્ઠાચિત્રો દોરવા લાગ્યા.

પિટ્સબર્ગની ગુજરાતી પત્રિકામાં તેમનાં કાર્ટૂનો શરૂ થયાં ને હવે અમેરિકાના “ગુર્જરી”, “ગુંજન”; ભારતનાં “કુમાર”, “અખંડ આનંદ”, “ચિત્રલેખા”; ઈંગ્લેન્ડના “ઓપિનિયન”; તથા ઈન્ટરનેટ ઉપર ‘રીડિફ’, ‘કેસૂડાં’, ‘રીડ ગુજરાતી’, ‘સન્ડે મેહફિલ’ અને ‘ગુજરાત ઓનલાઇન’ જેવા પ્રતિષ્ઠિત ઇ-સ્થાનેથી વાચકોનું મનરંજન કરે છે. તેમનાં કાર્ટૂનોનું એક વૈભવી પુસ્તક ‘અમે અમદાવાદી’ સન ૨૦૦૫માં પ્રગટ થયું છે. પિટ્સબર્ગ નગરના ભારતીય સમાજના ઉત્સવોમાં, જૈન કન્વેન્શનોમાં, ‘ચાલો ગુજરાત’ના મેલાવડાઓમાં અને ગુજરાતી સાહિત્ય સંમેલનોમાં તેમનાં પ્રદર્શનો ગોઠવાય છે.

તમને વસ્તુ ક્યાંથી મળે છે, શાહભાઈ? હવામાં હાથ હલાવીને શાહભાઈ કાર્ટૂનનો મજમૂં ભાંપી લે છે, ને ડ્રોઇંગ ટેબલ ઉપર મોટી સાઇઝમાં સ્કેન કરીને પોતાના બ્લોગમાં ને સેંકડો ટપાલપેટીઓમાં મૂકે છે. ઈમેઇલ સાથે તેમની નોંધ હોય છે, ‘તમારું એપ્રિસિયેશન તે મારી ઈન્સપિરેશન.’

ગયા માસમાં ઇડલી ઢોંસાના સેવન સાથે તેમની મુલાકાત થયેલી ને ત્યારે તેમણે અકળામણના દેખાવથી કહેલું કે માનો કે પાંચસો કે હજાર કાર્ટૂન કર્યા હશે, પણ હજી અમેરિકાના સાહિત્યકારોની યાદી આવે તેમાં તેમનું નામ નથી હોતું. કાર્ટૂન તે લેખન નથી? એક ચિત્ર તે હજાર શબ્દોની બરાબર નથી? ને પછી શાહ સાહેબ હસી પડે છે, ‘મસાલો ફાઇન આપે છે, આ લોકો, હેં ને?’ ગગનવાલા ગગનભેદી અટહાસ્ય કરે છે. અમે પોતે ઘણીવાર આ પૃષ્ઠોમાં અમેરિકાના નામીગિરામી લખવૈયાઓની યાદી બનાવી જેમનાં નામ રહી ગયા હોય તેમની માફી માગી છે.

કેમ કે જૈફ દિમાગમાં બધું ઠરીઠામ રહેતું નથી. તે ભુલાયેલાં નામોમાં ઢોસાપ્રેમી શાહસાહેબ પણ છે, તેથી મનોમન ગુનાભાવના સાથે ગગનવાલા સાંબાર પીએ છે. યસ, યસ, બરાબર છે, પણ યુસી, કાર્ટૂનિસ્ટને હજી સાહિત્યકાર ગણવાની રસમ ચાલુ થઈ નથી. બોલો બીજા શું ખબર છે? બીજા ખબરમાં શાહ સાહેબનો બીજો કાર્ટૂનસંગ્રહ તૈયાર થઈ ગયો છે. બંને

---

તેના ત્રણ વિધાયકો તરફ મારી દૃષ્ટિ વિશેષ આકર્ષાઈ છે : અહમદશાહ, રણછોડલાલ છોટાલાલ અને ગાંધીજી.’



આ રણછોડલાલ છોટાલાલ વિષે ભગવાનલાલ બાદશાહે ‘રણછોડલાલનું જીવનચરિત્ર’ નામે પુસ્તક લખ્યું છે. અંગ્રેજીમાં એસ.એમ. એડવર્ડ્ઝ અને સર એચ. ઈવાન એમ. જેમ્સે લખેલું મેમ્વા ઓફ રાવ બહાદુર રણછોડલાલ છોટાલાલ, સી.આઇ.ઇ. ૧૯૨૦માં પ્રગટ થયું હતું. પણ રણછોડલાલ માત્ર દૂરંદેશીવાળા ઉદ્યોગપતિ જ નહોતા. એમના જમાનાના એક અગ્રણી સમાજસેવક અને સમાજ સુધારક પણ હતા. ‘પ્રાર્થના સમાજ’ના પ્રખર પુરસ્કર્તા ભોળાનાથ સારાભાઈના તેઓ નિકટના મિત્ર હતા. રોજ સાંજ થતાં પહેલાં રણછોડલાલ પહોંચી જાય ભોળાનાથભાઈને ઘેર. રાતે ફાનસ લઈને તેમને તેડવા આવેલો નોકર ઘરનાં ઓટલા પર નિરાંતે ઊંઘે : ભોળાનાથભાઈના પુત્ર નરસિંહરાવ દીવેટિયાએ તેમનાં ‘સ્મરણમુકુર’ પુસ્તકમાં રણછોડલાલ છોટાલાલ વિષે લખ્યું છે તે જોઈએ.

‘બાહ્ય દેખાવમાં રણછોડભાઈ ગંભીર, જીવનના નાનાં સ્ત્રોતમાં પગ ના બોળનારા જણાતા હતા. તેથી કોઈને એમ લાગે કે એમનામાં રમૂજની વૃત્તિ હશે નહીં, અથવા કેળવાઈ નહીં હોય. પણ તેમ નહોતું. માત્ર જીવનનું સમર્પણ જે કામમાં કરેલું તેમાં એવા વિલીન હતા કે રમૂજના પ્રસંગ જ એમની આડે આવતા નહોતા. બાકી એક પ્રસંગ નોંધવા જેવો યાદ આવે છે. અમદાવાદ મ્યુનિસિપાલિટીની મીટિંગ ભરાઈ હતી : પ્રમુખસ્થાને રણછોડભાઈ પોતાની પદવીને યોગ્ય બેઠા હતા. બે મેમ્બરો એમની કને આવ્યા. એક કહે : ‘જુઓ સાહેબ ! આ શખ્સે મને ‘લોફર’ કહ્યો, બીજાએ ઉશ્કેરાઈને કહ્યું : સાહેબ ! એણે મને ‘લોફર’ કહ્યો. શાંત, ગંભીર, મુખચર્યા રાખી રણછોડભાઈ બોલ્યા : શું કામ લડી મરો છો ? અમારે મન તમે બંને સરખા છો.’

‘રણછોડભાઈની કંજૂસાઈ એમના મિત્રવર્ગમાં પ્રખ્યાત હતી. લક્ષાધિપતિ થયા છતાં લાંબા સમય સુધી જૂનું સગરામ, સસ્તો ઘોડો અને અંદર હાથ ખોસવાની લાંબી આરામપટ્ટીઓમાં બે હાથ ભરવીને જાતનું રક્ષણ કરતા બાવરા જેવા બેઠેલા, સાદાઈ જોડે ઉમદાઈ નહીં મૂજીપણાનો ભાસ આપતાં વસ્ત્રોમાંથી તીક્ષ્ણ નયનદ્વારમાંથી બુલિતેજ ઝરતા રણછોડભાઈનું ચિત્ર જૂનો પરિચય ખડું કરે છે. રણછોડલાલ વિષેના અંગ્રેજી પુસ્તકને અંતે લખ્યું છે : અત્યંત હિમ્મત અને સાતત્યપૂર્વક જે શહેરના (અમદાવાદના) ઉત્કર્ષ માટે તેઓ કામ કરતાં રહ્યા તે શહેરની સ્મૃતિમાં તો રણછોડલાલ કાયમ જીવતા રહેશે.’

સંભળાય છે, અમદાવાદ ? સમજાય છે, અમદાવાદ !

**(સદ્‌ભાવ : ‘વર્ડનેટ’, “મુંબઈ સમાચાર” 26.05.2011)**

e.mail : deepakbmehta@gmail.com

# ‘સ્વતંત્રતા, દે વરદાન આટલું …’

• ફારુક ઘાંચી

**મળતાં મળી ગઈ મોંઘેરી ગૂજરાત**
**ગૂજરાત મોરી મોરી રે**

‘ગુજરાતી દિન’ની હાર્દિક શુભેચ્છાઓ. … આજે ગુજરાત સ્થાપના દિવસ પણ છે. … એ સપરમા દિવસે ગુજરાતની આગવી પ્રતિભા ઘડાઈ કે ? … એ ગુજરાત એટલે શું ? … ગુજરાત સ્થાપના દિવસનું મહત્ત્વ શું ? તળ ગુજરાત માટે અને વસાહતી ગુજરાત માટે. કેમ કે ગુજરાત એ ભૌગોલિક સીમાડાઓમાં સ્થાપિત પ્રદેશ માત્ર નથી, કે નથી કોઈ કલ્પના, કથા, યા કાવ્યમાં સીમિત કે નથી સીમિત એ સંપ્રદાયમાં … ગુજરાત તો છે ધબકતી સહિયારી સમાજવ્યવસ્થા … આપણાં સુજ્ઞ વડીલોએ પુષ્ટ કરેલી મહાજન પ્રણાલીમાં, જેની મહેક છે અને એ ખોબલે ખોબલે છલકાય છે ધીર ગંભીર ગુજરાતીના વહેવારમાં, પરિશ્રમમાં, એની નિષ્ઠામાં. એથી જ તો ગુજરાતી સમાજ જ્યાં જ્યાં ફેલાયો છે, ત્યાં ત્યાં એણે સફળતાના નવા શિખરો સર કર્યા છે. તળ ગુજરાતનો આર્થિક વિકાસ એ ગુજરાતી સિદ્ધિ છે. એની સહર્ષ નોધ યથાયોગ્ય છે જ. આ હરખની હારોહાર, ફરીવાર, ગુજરાત/ગુજરાતી એટલે શું ? – એ અંગે સભાનપણે સજાગ રહેવું એ આજના જમાનાની તાકીદ છે. ગુજરાત અંગે કવિ ‘ખબરદાર’ને સંભારીએ તો :

**જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત!**
**જ્યાં જ્યાં બોલાતી ગુજરાતી, ત્યાં ત્યાં ગુર્જરીની મહોલાત!**

ઐતિહાસિકતાના હિસાબે તો ગુજરાત એ ‘ગુર્જર રાષ્ટ્ર’નો અપભ્રંશ છે. આ ગુર્જરો, મધ્ય એશિયામાંથી ભારતમાં આવ્યાનું કહેવાય છે. આજના લગભગ છ કરોડ ગુજરાતીઓ આ ઐતિહાસિક વારસાના વારસદારો છે. …. આ આપણા ગુજરાતની ધરતી પર ઘણી પ્રતિભાઓએ પગ માંડેલા છે. દ્વારિકામાં શ્રીકૃષ્ણના પુનીત પગલાંથી માંડીને એ … ય ભક્ત નરસિંહ મહેતા, … નર્મદ, દયારામ, તો સિદ્ધરાજ જયસિંહ, મૂળરાજ ચાવડા, અહમદશાહ, ને વળી આ નજદીકી ભૂતકાળમાં ગાંધી બાપુ, સરદાર, ઈન્દુચાચા, ઈત્યાદિ ઈત્યાદિ ….

**ઉમાશંકર – આરંભના વરસો :** નરસિહ મહેતા એટલે ગુજરાતી કાવ્ય સાહિત્યના આરંભી, એમ કહી શકાય. એ ગુજરાતી સાહિત્યનું વિશ્વ કક્ષાએ ઝળહળતું નામ એટલે ઉમાશંકર જોશી. ૨૧ જુલાઈ ૧૯૧૧ (અષાઢ વદ ૧૦ વિ.સં. ૧૯૬૭) ઈડર સૂબાના બામણા ગામે એમનો જન્મ. એમના પિતાજી જેઠાલાલ કમળજી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ, જે મૂળ શામળાજી પાસેના લુસડિયા ગામના વતની અને ગામની જ મિશન સ્કૂલમાં સાત ચોપડી ભણેલા એ હિસાબે દેવની મોરી તથા સામેરાના કામદાર તરીકે સારી નોકરી કરતા. માતા નવલબાઈ એ ભાઈશંકર ઠાકરનાં પુત્રી, આમ નિરક્ષર કિન્તુ માયાળુ અને વ્યવહારકુશળ. એમના નવ સંતાનોમાં ઉમાશંકર ત્રીજા નંબરે. બીજા છ ભાઈઓ અને બે બહેનો (રામશંકર, છગનલાલ, ઉમાશંકર, ચૂનીલાલ, પ્રાણજીવન, કાન્તિલાલ, જશોદાબહેન, કેસરબહેન, દેવેન્દ્ર). જેઠાલાલે કુદરતી આપત્તિને લીધી લુસડિયા છોડી, બ્રાહ્મણોની વસ્તી વાળા બામણા ગામમાં સ્થળાંતર કરેલું. કદાચ બ્રાહ્મણોની વસ્તીને કારણે જ એ બામણા તરીકે સ્થાપિત થયું હશે ! એ જમાનામાં એ બામણા ગામમાં વીજળીનાં સપનાં પણ જોવાતાં હશે કે કેમ એ એક શંકા. એ ગામની શાળામાં પ્રાથમિક શિક્ષણ લઈ ઉમાશંકર ઈડરની સર પ્રતાપ હાઈસ્કૂલમાં દાખલ થયા. એની બોર્ડીંગમાં રહી ચોથું ધોરણ પૂરું કર્યું અને



**‘આંતરરાષ્ટ્રીય ગુજરાતી દિવસ’ નિમિત્ત, લંડનમાં ગુજરાતી સાહિત્ય અકાદમીને ઉપક્રમે તથા માંધાતા યૂથ ઍન્ડ કમ્યુનિટી ઍસોસિયેશનની નિશ્રામાં, યોજાયેલી તાજેતરની એક સભામાં, ‘શતાબ્દીએ સંભારણાં’ રજૂ કરતા ફારુક ઘાંચી**

મેટ્રિક સુધી ત્યાં અભ્યાસ કર્યો. ૧૯૨૭-૨૮ દરમ્યાન અમદાવાદની પ્રોપ્રાયટરી હાઈસ્કૂલમાં શિક્ષણ લઈ એમણે ૧૯૨૮માં મેટ્રિક પાસ કરી.

એ જમાનામાં મારા તમારા જેવા મેટ્રિક થાય તો મોટી ડિગ્રી મળી હોય, એમ ગણાતું અને સામાન્યતઃ સારી નોકરી મળી જતી, શિક્ષકની તો ખરી જ. આપણા ઉમાશંકરને એ થોડું જ માફક આવે ? એમને તો …

**ભોમિયા વિના મારે ભમવા’તા ડુંગરા ….**

અલ્યા ભાઈ, ભૂલા પડ્યા તો ? આ તો કંઈ ઈડરના ડુંગરા થોડા હતા કે ગૌ બે ગૌ જાઓ ન ખલાસ ? … પણ ઉમાશંકર એ ઉમાશંકર … એ તો દાખલ થઈ ગયા ગુજરાત કોલેજમાં. ખમ્મા ! … પણ ના. હજુ તો એમને : **જોવી’તી કોતરો ને જોવી’તી કંદરા.** એ ય એ તો પહોંચ્યા મુંબઈ. … એલ્ફિસ્ટન કૉલેજમાંથી ૧૯૩૬માં બી.એ. (અર્થશાસ્ત્ર અને ઈતિહાસ) કર્યું અને એ પછી એમ.એ. (ગુજરાતી અને સંસ્કૃત) કર્યું, ફસ્ટકલાસ સાથે ૧૯૩૮માં. એ સાથે સાથે જ એમણે ૧૯૩૭માં ઘર સંસાર માંડ્યો જ્યોત્સનાબહેન જોડે, ૨૫ મે : બુદ્ધપૂર્ણિમાને દિવસે. (એમનાં દામ્પત્ય જીવનનાં બે પ્રેમાળ પુષ્પો એટલે સ્વાતિબહેન ને નંદિનીબહેન.)

જરાક ઝીણવટથી જોઈએ તો જણાશે કે આટલો હોશિયાર માણસ, ૧૯૨૮માં મેટ્રિક પાસ થાય તો બી.એ. થતા કેમ ૧૯૩૬ થયું ? એનો ઉત્તર જડે છે એમની સામજિક અને રાજકીય પ્રવૃત્તિઓમાંના રસમાં.

૧૯૨૮માં એમણે અમદાવાદની ગુજરાત કોલેજમાં પ્રવેશ લઈ ૧૯૩૦ સુધી અભ્યાસ કરેલો, એ સાચી વાત. પરંતુ એ દરમ્યાન, ૧૯૨૯ના જાન્યુઆરીમાં, શરૂ થયેલી છાત્ર હડતાલમાં એ પણ સામેલ થયા હતા. આ લબરમૂછિયા જુવાનિયાએ ક્યાંકથી રાષ્ટ્રીય ચળવળની વાત જે સાંભળેલી …. અને પછી તો ગાંધીના પ્રભાવમાં એ તો આવી પહોંચ્યા’તા વિરમગામ ! ૧૯૩૦માં ત્યાની છાવણીમાં સત્યાગ્રહી તરીકે જોડાયાનું સુવિદિત છે જ. છાવણીની પત્રિકા ચલાવતા વેણીભાઈ બુચ પકડાઈ ગયા બાદ, છાવણીના સંચાલકે પત્રિકાનું કામકાજ ઉમાશંકરને સોંપ્યું . કારણ કે ઉમાશંકરનાં લખાણોથી એ પ્રભાવિત થયેલા હતા ! વરસો બાદ ૧૯૮૪માં ઉમાશંકર લખે છે કે …. લોહીમાં જ પત્રકારત્વ અંગે સળવળાટ હશે. ઉમાશંકરની તંત્રી તરીકેની પ્રતિભાની આપણે સહુને જાણ છે જ ને ?

અરે આ બ્રાહ્મણ જીવ, મીઠાની ચોરીમાં, ૧૯ વરસની ઉંમરે, ૧૪ અઠવાડિયા કારાગારમાં કાઢી આવેલા (સાબરમતી અને યરવડા જેલમાં). બીજો જેલવાસ ૧૯૩૨માં પણ ભોગવેલો ! સત્યાગ્રહના રંગે રંગાયેલા આ યુવાન ઉમાશંકરે કરાંચીનું રાષ્ટ્રીય કોંગ્રેસ અધિવેશન પણ ભર્યું હતું, સાલ ૧૯૩૧માં. વળી, આ અરસામાં એમનો સાહિત્યકારનો આત્મા પણ જાગી ચૂક્યો હતો. ગુજરાતના ઈશાનિયા અંતરિયાળ ખડકાળ પ્રદેશનો માનવી લઈ આવ્યો હતો આહ્વાન ‘વિશ્વમાનવી’નું … ૧૯૩૧ માં !

---

પુસ્તકોમાંથી ચૂંટેલાં ચુનંદા ચિત્રોનો એક અલગ સંગ્રહ ઈંગ્લિશમાં પણ પ્રગટ કરવાની તેમની નેમ છે.

તો બંધુગણ ! કાર્ટૂનિસ્ટ કારીગર છે કે કલાકાર ? સહેજ સમય સ્થગિત થાય છે, એસ. ડી. બર્મનના મ્યૂઝિક સાથે સ્ક્રીન વેવી વેવી થાય છે, અને આ કોલમના લખવૈયાના કાનમાં ગબ્બરસિંહના અવાજ જેવી ગેબી ગગનવાણી સંભળાય છે, ‘કોલમસ્ટિ તે કારીગર છે કે કલાકાર?’ જય કાર્ટૂન, જય લક્ષ્મણ!

**(સદ્‌ભાવ : ‘નીલે ગગન કે તલે’ નામે સ્થંભ, ‘કળશ’, “દિવ્ય ભાસ્કર”, ૧૧ મે ૨૦૧૧)**

e.mail : madhu.thaker@gmail.com

**કીકી કરું બે નભતારલીની**
**ને મીટમાં માપું દિગંતરાલને,**
**...**
**વ્યક્તિત્વનાં બંધન તોડીફોડી ....**
**... સ્થળે સ્થળે અંતરપ્રેમ છાવરું.**

**વ્યકિત મટીને બનું વિશ્વમાનવી;**
**માથે ધરું ધૂળ વસુન્ધરાની.**

**ઉમાશંકર એક ગુરુ :** શરૂઆતનાં વરસોમાં ઉમાશંકર પર સ્વાતંત્ર્ય સંઘર્ષની ઘેરી અસર રહી – રોલ મોડેલમાં ગાંધી અને કવિવર રવીન્દ્રનાથ ટાગોર; હૃદયમાં આસ્થા, ઉત્સાહ અને મનમાં સાહસ, વિચક્ષણ દૃષ્ટિ, વિશ્લેષણનો આત્મા – આ સઘળા એક ગુરુના લક્ષણ છે ને ? સાહજિકતાથી ઉમાશંકર આ રોલમાં આસાનીથી ગોઠવાઈ જતા હતા. એમને એમના ગુજરાતના અંતરિયાળ ઉદ્‌ભવસ્થાનનો ક્ષોભ નહોતો ... એ ખુદ વનફૂલ થઈ કહેતા :



સદ્‌ભાવ : www. Umashankarjoshi.in

**મારે મોઢે મધુટપકતી ચૂમીઓ ના ભલે હો !**
**કે ના મારું સ્થલ અલકની વેણીમાંયે ભલે હો !**

કિન્તુ હું એથી પ્રેરણા લઈ નવા શિખરો સર કરવા નીકળી પડીશ! ...એટલે જો જરા ધ્યાનથી જોઈએ તો એમનાં ખંત, ખુમારી અને આત્મશ્રદ્ધાનાં દર્શન એમની કારકિર્દીનાં ઘડતરમાં જણાય છે. ૧૯૩૭માં વિલેપાર્લેની ગોકળીબાઈ હાઇસ્કૂલમાં શિક્ષકની નોકરી તો એમણે અભ્યાસની સાથોસાથ જ ગોઠવી લીધેલી. ત્યાર બાદ ૧૯૩૯ સુધી, એ સિડનહામ કોલેજ ઓફ કોમર્સ (મુંબઈ)માં ગુજરાતીના અંશ સમયના વ્યાખ્યાતા તરીકે રહ્યા. એ પછી ૧૯૩૯માં અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (વિદ્યાસભા)ના અનુસ્નાતક અભ્યાસ, સંશોધન વિભાગમાં અધ્યાપક તરીકે નિયુક્ત થતા, એ એમની કર્મભૂમિ અમદાવાદ આવ્યા. જો કે ૧૯૪૬ના સપ્ટેમ્બરમાં ઉમાશંકરે સ્વેચ્છાએ ગુજરાત વિદ્યાસભાના અધ્યાપકના સવેતન વ્યવસાયમાંથી નિવૃત્તિ લીધેલી.

પણ સાચો શિક્ષક આત્મા ઝાઝો વખત શિક્ષણકાર્યથી થોડો જ દૂર રહી શકે ? ૧૯૫૩માં ઉમાશંકરના અધ્યાપન ક્ષેત્રમાં પુનરાગમનના સંજોગો ઘડ્યા સૌરાષ્ટ્રની લોકભારતી શિક્ષણસંસ્થા(સણોસરા, જિ. ભાવનગર)એ, જ્યાં મુલાકાતી અધ્યાપક તરીકે એ જોડાયા. એના પછીના જ વરસે એટલે કે જૂન ૧૯૫૪માં, ગુજરાત યુનિવસિર્ટીમાં ગુજરાતી સાહિત્યના મુખ્ય અધ્યાપક તરીકે એ નીમાયા. તો વળી, યુનિવસિર્ટીના ભાષા સાહિત્યભવનના અધ્યક્ષ તરીકેની જવાબદારી પણ એમને આપવામાં આવી. આગળ જતાં ૧૯૬૬થી ૧૯૭૨ સુધી ગુજરાત યુનિવસિર્ટીના એક સફળ ઉપકુલપતિ (વાઇસ ચાન્સેલર) તરીકે એમણે એ હોદ્દો શોભાવ્યો. આ કાર્યકાળ દરમ્યાન, એપ્રિલ ૧૯૭૦થી (૧૯૭૬ સુધી) એ રાષ્ટ્રપતિ દ્વારા રાજ્યસભાના સભ્ય નિયુક્ત થયા. એથી ગુજરાત યુનિવસિર્ટીના ભાષા-સાહિત્ય ભવનના માનાર્હ પ્રાધ્યાપક તેમ જ અધ્યક્ષપદેથી એ સ્વૈચ્છિક નિવૃત્ત થયા હતા.

રાષ્ટ્રીય કક્ષાએ ઉમાશંકર ૧૯૬૬થી ૧૯૭૨ સુધી કેન્દ્રીય ભાષા-સલાહકાર સમિતિના સભ્ય રહ્યા. ૧૯૭૨માં એમના પ્રેરણામૂર્તિ ટાગોરના શાંતિનિકેતનમાં ઉમાશંકરે દીક્ષાન્ત પ્રવચન આપેલું. એથી એ વિશેષ, ૧૯૭૯ થી ૧૯૮૨ સુધી જગ વિખ્યાત વિશ્વભારતી, શાંતિનિકેતનના માનાર્હ આચાર્ય (ચાન્સેલર) તરીકે ઉમાશંકરે સેવા આપી. આવો પ્રતિભાશાળી માણસ જે કોઈને મળે, તે સૌને સ્પર્શી જતું એમનું માયાળુ, નમ્ર, સહૃદય વ્યક્તિત્વ. એમને મોડાસાની કોલેજનાં કાર્યક્રમમાં જોયેલાનું યાદ છે. કહે છે એમને સાબરકાંઠાની ભૂમિ અંગે ખાસ માયા હતી. તો આવો માયાળુ ગુરુ એના શિષ્યને શું વિચારભાથું બંધાવે ?

**આટલું જરી ભૂલશો નહિ**
**તમે આગળ ઉપર હાઈકોર્ટો ધ્રુજાવો**
**કે યુનિવર્સિટીના શિખર પર કળશ થઈને દીપી રહો,**
**ધારાસભા ગજવો કે મોટી મોટી મેદની ડોલાવો,**
**ભારે અફસર થાઓ કે મહાપુરુષ બની જાઓ,**
**પણ ત્યારે આટલું કદી ભૂલશો નહિ કે -**
**તમે અત્યારે અહીં ભણો છો તે એક અકસ્માત જ છે.**
**તમે અહીં ભણો છો.. ને તમારી ઉંમરના ગોઠિયાઓ**
**ખેતરે માળા પર ચઢી ને પંખીડા ઉડાડે છે,**
**શહેરના કારખાનામાં બેવડ વળી જાય છે,**
**વીશીઓના અંગીઠા આગળ શેકાય છે,**
**અથવા તો મુંબઈની ચોપાટી પર પગચમ્પી કરે છે.**
**કોઈ અકસ્માતથી તમે એને ઠેકાણે હોત,**
**એ તમારે ઠેકાણે હોત.. તો ?**
**આગળ ઉપર જયારે તમે મોટા તીસ મારખા બની જાઓ,**
**ત્યારે પણ આટલું જરી ભૂલશો નહિ,**
**અનેક લાલચો અને પ્રલોભનો હોય,**
**પણ પેલા વાંદરાએ મગરને કહેલું તેમ કહેજો કે,**
**મારું કાળજું તો, અરે ત્યાં રહી ગયું -**
**જ્યાં પેલા કુમળા બાળકો ટોયા બની પંખી ઉડાડે છે,**
**છાપા વેચવા ફૂટપાથ પર દોડે છે ,**
**કપરી મજૂરીમાં ઘસાઈ જાય છે.**

**ઉમાશંકર – સાહિત્યસમ્રાટ :** ઉમાશંકર જોશીની સાહિત્ય કારકિર્દી વિષે વાત કરવા બેસીએ તો વરસોનાં વરસ લાગે. એમનાં સાહિત્ય ખેડાણનો વ્યાપ, અવધિ અને ઊંડાણ ઘણાં સંશોધનોનો વિષય રહ્યાં છે. એમણે અનેક વિખ્યાત કવિતા, ટૂંકી વાર્તા, એકાંકી નાટકો અને નિબંધો આપ્યાં છે. એ ઉપરાંત એમના વિવેચનો, પ્રવાસવર્ણનો, ચરિત્ર રેખાંકનો પુસ્તકદેહે પ્રસિદ્ધ થયેલાં છે. એમનાં લખાણો લગભગ તમામ વિષયવસ્તુને આવરી લે છે, જેમ કે શિક્ષણ, સમાજ, રાજકારણ, અને સમકાલીન બનાવો વિશેના એમના લેખો અનેક સામયિકોમાં પ્રસિદ્ધ થયેલા છે. ગુજરાત વિદ્યાસભામાંથી નિવૃત્ત થયા પછી, ૧૯૪૭થી ૧૯૮૪ સુધી, એમણે લગાતાર "સંસ્કૃતિ" સામયિક સંપાદન કર્યું. આગળ જતાં ૧૯૫૫માં જોશી દંપતીએ 'ગંગોત્રી ટ્રસ્ટ'ની સ્થાપના કરી, જેના અંતર્ગત વિવિધ પ્રકાશનો હાથ ધરાયાં, જેમાં અનુવાદિત પુસ્તકો ઉલ્લેખનીય છે. શબ્દ સાથેની એમની પ્રીતિ એમનો પવિત્ર સંબંધ એમની પહેલી કૃતિથી લઇ અંતિમ રચના સુધી અકબંધ જળવાઈ રહ્યો.

આમ તો ૧૯૩૧માં જ એમની 'વિશ્વ માનવી' પુરસ્કૃત થતાં એમના પ્રખર સાહિત્ય જીવનના એંધાણ વર્તાઈ ગયા હતા. ૧૯૩૮માં મુંબઈના પ્રોગ્રેસિવ રાઈટર્સ અસોસિએશનની સ્થાપનાથી, લઈ ૧૯૭૮-૧૯૮૩સુધી, રાષ્ટ્રીય સાહિત્ય અકાદમીના પ્રમુખ તરીકેનાં એમના કાર્યકાળ દરમ્યાન, એ અનેક નામી અનામી સાહિત્યિક સંસ્થાઓ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા રહ્યા. એમાં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખની રૂએ એનું કલેવર બદલવાનું શ્રેય ઉમાશંકર જોશીને હસ્તક છે. એ ગુજરાતી પાઠ્યપુસ્તક સમિતિ (મુંબઈ સરકાર ૧૯૪૮), લલિત અકાદમી (૧૯૫૬), ફિલ્મ સેન્સર બોર્ડ, પ્રેસ કાઉન્સિલ ઓફ ઇન્ડિયા જેવી માતબર સમિતિઓના સદસ્ય રહી ચૂક્યા છે. એમના ચાલીસ

ઉપર પુસ્તકોમાં 'વિશ્વશાંતિ', 'ગંગોત્રી', 'નિશીથ', 'પ્રાચીના', 'આતિથ્ય', 'વસંતવર્ષા', 'મહાપ્રસ્થાન', અભિજ્ઞા', 'ધારાવસ્ત્ર', 'સપ્તપદી' નામે કાવ્યસંગ્રહો એમની ગુજરાતી સાહિત્યને દેન છે.

આપણાંમાંથી કેટલાં આવી સિદ્ધિ પ્રાપ્ત કરી શકે ? મારા નમ્ર મતે ઉમાશંકરના જીવનના વિવિધ પાસાને ટૂંકા સમયમાં કે એકાદ લેખમાં આવરી શકાય એ શક્ય નથી. એમની સાચી ઓળખ એમના શબ્દો છે. ચાલો, આપણે એ કોશિશ કરીએ. આજ 'ગુજરાતી દિન' છે તો એ સંદર્ભમાં ઉમાશંકરને જોઈએ. દિલનો ઉજળો આ વિશ્વ માણસ ગુજરાત રાજ્યની સ્થાપનાના બે દી પહેલાં લખે છે ...

**એ તે કેવો ગુજરાતી**
**જે હો કેવળ ગુજરાતી ?**
**હિંદભૂમિના નામે જેની ઊછળે ના છાતી ?**
**મહારાષ્ટ્ર દ્રવિડ બંગાળ બિહાર – બધે અનુકૂલ.**
**જ્યાં પગ મૂકે ત્યાંનો થઈને રોપાયે દૃઢમૂલ.**
**સેવાસુવાસ જેની ખ્યાતિ;**
**તે જ બસ નખશિખ ગુજરાતી.**



સાહિત્યની દૃષ્ટિએ જો મૂલવીએ તો સ્પષ્ટ જણાશે કે ઉમાશંકર પૂર્ણતઃ કાવ્ય શાસ્ત્રને ન્યાય કરતા રહ્યા છે; 'રૂપ ભેદાઃ પ્રમાણાનિ' – કાવ્યનું રૂપ – આંતરિક અને બાહ્ય બંનેની સંભાળ અને પ્રમાણ ભાન – સચોટ .... એમણે ખુદ કવિતા વિષે ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૪માં અધિવેશન ટાણે દિલ્હીમાં કહેલું કે .. 'કવિની પોતાની માનવ તરીકેની માન્યતાઓ, ફિલસૂફી, શ્રધ્ધા હોય તો તેનો એના કાવ્ય સાથે કેવા પ્રકારનો સબંધ હોય છે? એક કવિ તરીકે એને જેમાં શ્રદ્ધા છે એ તો છે શબ્દ – બલકે શબ્દ સંદર્ભ , કાવ્ય કૃતિ - જેનું એ સર્જન કરતો હોય છે. એના શબ્દની સધ્ધરતા – પ્રમાણભૂતતા (validity) તો એ કાવ્યકૃતિ હોય એમાં છે, પણ સાથેસાથે એનું મૂલ્ય (value) પણ ધ્યાનમાં લેવાયા વિના રહેતું નથી.'

અંગત રીતે મને સ્પર્શે છે એમના કાવ્યોનું આંતરિક – કંઈક આધ્યામિક રૂપ .... કવિ 'ખબરદાર'થી ય એ વધુ ખબરદાર છે જુઓ ને ... (માત્ર ગુજરાતી બોલી નહિ!)

**સાગરપાર આફ્રિકા એડન લંકા સિંગાપુર**
**મોરિશ્યસ ફિજી ન્યૂઝીલૅન્ડ જાપાન બ્રિટન અતિ દૂર.**
**કાર્યકૌશલ-આતિથ્ય સુહાતી**
**બધે ઉર-મઢૂલીઓ ગુજરાતી.**

**તે નહિ નહીં જ ગુજરાતી,**
**જે હો કેવળ ગુજરાતી.**

**એ તે કેવો ગુજરાતી**

ઉમાશંકરે વિવિધ દેશોનો પ્રવાસ કરેલો અને એમાંથી તારવીને જાણે આ કવિતા રચી ના હોય ? એ એમની તીવ્ર વિવેકબુદ્ધિ અને અવલોકનશક્તિનો નિચોડ છે. સાંપ્રત ગુજરાતી સાહિત્ય ચોમેરથી ઈંટરનેટ પર ઠલવાઈ રહ્યું છે ત્યારે વિચાર થાય કે અત્યારના મોબાઈલ ૨જી/૩જી યા બ્લોગ, ફેસબુક, ટ્વિટરના જમાનામાં ઉમાશંકર કેવું લખત? એમણે ગુજરાતના સાંસ્કૃતિક વારસા અંગે તો આમ લખ્યું છે ....

**ગાંધીને પગલે પગલે તું ચાલીશ ને ગુજરાત ?**
**કૃષ્ણચરણથી અંકિત ધરતી તણી બની આ કાયા;**
**પવિત્ર જરથુષ્ટ્રી આતશ બહેરામ અહીં લહેરાયા.**
**અશોકધર્મલિપિથી ઉર પાવન;**
**જિનવર-શિષ્યોની મનભાવન.**
**સત્ય-અહિંસાની આંખે તું ભાળીશ ને ગુજરાત ?**
**ગાંધીને પગલે પગલે તું ચાલીશ ને ગુજરાત ?**
**નરસિંહ-મીરાંની ગળથૂથી, ઘડી શૂર સરદારે,**
**મૃદુલ હૃદય તું, તોયે નિર્ભય સિંહડણક ઉદ્‌ગારે.**
**મસ્જિદ મંદિર વાવ તોરણે**
**લચે રમ્યતા તવ વને-રણે.**
**બિરુદ 'વિવેકબૃહસ્પતિ'નું જે, પાળીશ ને ગુજરાત ?**
**ગાંધીને પગલે પગલે તું ચાલીશ ને ગુજરાત ?**

આમ જોઈએ તો ઉમાશંકરની વિખ્યાત કવિતાઓમાં સામાજિક વિષયોની કૃતિઓ ઘણી છે. એમની નાજુક પ્રકૃતિનિ આ રચના તો જુઓ ....

**ચાલને ચૈત્રની ચાંદની રાતમાં ચાલીએ.**
**લહરી ઢળકી જતી,**
**વનવનોની કુસુમસૌરભે મત્ત છલકી જતી,**
**દઈ નિમંત્રણ અમસ્તી જ મલકી જતી,**
**સ્વૈર પથ એહનો ઝાલીએ,**
**ચૈત્રની ચાંદની રાતમાં ચાલીએ,**
**ચાલને !**
**વિરહસંતપ્ત ઉર પર સરે મિલનનો**
**સ્પર્શ સુકુમાર, એવો ઝરે નભ થકી ચંદ્રનો**
**કૌમુદીરસ અહો !**
**અવનિના ગ્રીષ્મહૈયા પરે પ્રસરી કેવો રહ્યો !**
**ચંદ્રશાળા ભરી ઊછળે,**
**આંગણામાં ઢળે,**
**પેલી કેડી પરે લલિત વનદેવીસેંથા સમો ઝગમગે,**
**દૂર સરવર પટે મંદ જળના તરંગો પરે તગતગે.**
**અધિક ઉજ્જ્વળ કરંતો જ તુજ ભાલને, ગાલને.**
**સોમ એ હૃદયભર પી ઘડી મ્હાલીએ,**
**ચૈત્રની ચાંદની રાતમાં ચાલીએ,**
**ચાલને !**

અથવા તો 'સખી મેં કલ્પી'તી ... ' જુઓ. અહીં તો જાણે કે ઉમાશંકર નીખરે છે ... પ્રણય રસથી છલોછલ રચનામાં સ્વજનની પ્રીતિ સાથે જ એમણે કાવ્ય પ્રીતિ એક રેશમી તાંતણે બાંધી છે -

**સખી મેં કલ્પી'તી પ્રથમ કવિતાના ઉદય શી,**
**અજાણી ક્યાંથીયે ઊતરી આણધારી રચી જતી**
**...**
**મળી ત્યારે જાણ્યું : મનુજ મુજ શી, પૂર્ણ પણ ના.**
**છતાં કલ્પ્યાથીયે મધુરતર હૈયાંની રચના.**

આ ઉમાશંકર જોશી જ કે ? અવશ્ય. .. ગામના ગોઠિયા, તળાવ, ડુંગરા વનરાજી કે જિંદગીના પ્રિય પાત્રને અમથા થોડું જ ભુલાય છે ? સાબરકાંઠાનાં, ડુંગરનાં, વનરાજીનાં, ઝરણાંના, નદીનાં વર્ણનો એમનાં કાવ્યોમાં ગુંથાયેલાં છે, એ એમનો પ્રકૃતિ પ્રેમ દર્શાવે છે.

**ગિરનારી ટૂકો ને ગઢ રે ઈડરિયા,**
**પાવાને ટોડલે મા'કાળી મૈયા,**
**ડગલે ને ડુંગરે ભર દેતી હૈયાં,**
**ગૂજરાત મોરી મોરી રે.**

ઉમાશંકરને હથોટી હતી એમના મનનાં ભાવને કાવ્ય વાચક સુધી અખંડિત પહોંચાડી શકવાની. એ જ સાચો કવિ ધર્મ છે ને ? બાકી ભાવક

શબ્દોનું અર્થઘટન એના સંવેદનો, સંજ્ઞાઓ, અનુભવો ઉપરથી કરે છે. ઉમાશંકરનું ભાવનિરૂપણ તર્ક સભર હોય છે અને એથી જ કદાચ ખૂબ પ્રભાવક બને છે. દા.ત. **અરે ! જે પહાડોએ નિજના સહુ નિચોવી અરપિયું.**

.... એ કદાચ જનેતાને અંજલિ હશે ?

અથવા તો

**નદીને અવગણી પાસે સળગતાંને ,**
**જવું સિંધુના અદીઠ વડવાગ્ની બુઝાવવા**

સ્થૂળથી સૂક્ષ્મ સુધી આ વહેતી કાવ્ય નદી ક્યાંથી ક્યાં લઈ જાય છે ? છે ને નિ:સ્વાર્થ પરોપકારની પરાકાષ્ટા !

આ ઉમાશંકર પરોપકારના તો ભારે હિમાયતી .. એમના સર્જનોમાં એ ઠેર ઠેર દેખાય છે. ... ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગશે ..... અરે કાવ્યને મૂકો કોરાણે ... દા. ત. જોઈએ તો 'સાપ ના ભારા' ... જાણે સાચે જ સાપના ભારા. એને ઉપાડવાનું કામ ઉમાશંકર જ કરી શકે ... વર્ણ-વ્યવસ્થા આધારિત આ નાટક પર પડદો વહેલો પડી ગયો ! નેપથ્યમાંથી થતા હોંકારા પડકારામાં નાટકનો મૂળ અવાજ ક્યાં દબાઈ ગયો એ ખબર જ ના પડી. જાણકારો કહે છે એમના અવસાનના મહિના પહેલાં ઉમાશંકરભાઈએ આ અંગે વિશેષ ચર્ચા કરી હતી, એ ખાતર કે બિનજરૂરી વિવાદ ટાળી શકાય.

એ માનવ સ્વભાવ થી કેટલા પરિચિત હતા ?

**માનવીના હૈયાને નંદવામાં વાર શી ?**
**અધબોલ્યા બોલડે,**
**થોડે અબોલડે,**
**પોચાશા હૈયાંને પીંજવામાં વાર શી ?**
**સ્મિતની જ્યાં વીજળી,**
**જરી શી ફરી વળી,**
**એનાં એ હૈયાંને રંજવામાં વાર શી ?**
**એવા તે હૈયાંને નંદવામાં વાર શી ?**
**માનવીના હૈયાંને રંજવામાં વાર શી ?**
**એનાં એ હૈયાંને નંદવામાં વાર શી ?**

બામણાનો આ જ્યોતિ કેવો પંકાયો અને પોંખાયો એ નીચેના કોઠા પર નજર નાખવાથી જાણી શકાશે :

| |
|---|
| રણજિતરામ સુવર્ણ ચંદ્રક, ૧૯૩૯ |
| નર્મદ સુવર્ણ ચંદ્રક, ૧૯૪૭ |
| જ્ઞાનપીઠ ઍવૉર્ડ, ૧૯૬૮ |
| ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રમુખપદ, ૧૯૬૮ |
| દિલ્હી સાહિત્ય અકાદમી ઍવૉર્ડ,૧૯૭૩ |
| દિલ્હી સાહિત્ય અકાદમી પ્રમુખપદ, ૧૯૭૮ -૮૩ |
| તંત્રી – "સંસ્કૃતિ", ૧૯૪૭ - ૧૯૭૮ |
| સોવિયેત લૅન્ડ નેહરુ પારિતોષિક, ૧૯૭૮ |

વારુ, આ બૃહદ્ સાંસ્કૃતિક વર્તુળોમાં તો ઉમાશંકરની પ્રતિભા – બાહ્ય-પ્રગટ પ્રતિભાનો સ્વીકાર અને સન્માન યથાયોગ્ય થયાં જ. જો કે માનવના ઉત્કર્ષ અંગે એક ગુણ બહુ અગત્યનો છે ... આત્મનિરીક્ષણ – અહીં જેને 'ઇન સાઈટ' કહે છે. ઉમાશંકર એના અંગે ખૂબ સતર્ક હતા, એ વર્તાય છે, ૪૧મી વર્ષગાંઠે ઉમાશંકરે લખેલા બે સોનેટમાં.

**ગયાં વર્ષો તે તો ખબર ન રહી કેમ જ ગયાં !**

**... ...**

**રહ્યો ઝંખી, ને ના ખબર વરસો કેમ જ ગયાં !**

જીવનના પ્રથમ ચાર દસકામાં જ ઝળહળતી કારકિર્દી ધરાવનાર કવિ જાણે કે તંદ્રામાંથી સફાળા જાગી, પૂંઠે ફરી, આંખો ચોળતા, જાતને પૂછે છે, વિહ્વળ ... તો, પછીની જ ઘડીએ, જાણે કે જાત ને સાંભળી, કહે છે ..

**રહ્યાં વર્ષો તેમાં હૃદયભર સૌન્દર્ય જગનું**
**ભલા પી લે; વીલે મુખ ફર રખે, સાત ડગનું**
**મને આમંત્રે ઓ મૃદુલ તડકો, દક્ષિણ હવા,**
**દિશાઓનાં હાસો, ગિરિવર તણાં શૃંગ ગરવાં;**
**નિશાખૂણે હૈયે શશિકિરણનો આસવ ઝમે;**
**જનોત્કર્ષે–હ્રાસે પરમ ઋતલીલા અભિરમે.**
**– બધો પી આકંઠ પ્રણય ભુવનોને કહીશ હું :**
**મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું.**

આ કવિને સરસ્વતીનું વરદાન હતું. એમની બ્રાહ્મણ પશ્ચાદ્ભૂને લઈ એમનું શાસ્ત્રજ્ઞાન, સંસ્કૃત પ્રણાલી અને અર્થઘટન, એમની કાવ્ય કૃતિઓમાં નિષ્પન્ન થતાં જણાય છે. એમનું શબ્દ અંગેનું જ્ઞાન વિશાળ, ક્યાં કયો શબ્દ ગોઠવાય અને શબ્દમાં પોતાની જાતનો / ભાવનો પ્રતિઘોષ કેમ ઉત્પન્ન કરવો, એ કોઈ ઉમાશંકર પાસેથી શીખે. અબોલ શબ્દને વાચાળ કરવાનું એમને માટે સહજ હતું જાણે. જુઓ તો શબ્દ વિષેની ગહન વાત એ કેવી સરળતાથી કહે છે:

**શબ્દને ખોલીને જોયું,**
**મળ્યું મૌન.**

**શબ્દ થઈ બેઠો દુર્ભેદ્ય,**
**અર્થનો પ્રકાશ**
**અર્ધઝાઝેરો**
**ખૂંતી ન શકે આરપાર.**
**નવલ એ આભા-વલય**
**બન્યું રસનું આધાન.**

**શબ્દ, ગર્ભદશા મહીં કર્મ.**
**ક્યારેક તો સ્વયં કૃતિ,**
**આત્માની અમરાકૃતિ.**

**શબ્દ, ચિરંતન જ્યોતિસ્તંભ.**

ઉમાશંકરે ખૂબ સાહિત્ય પ્રદાન કર્યું છે, અને એ દરેક સાથે જ એમનું આત્મમંથન પણ જાણે કે એમને સતત પ્રવૃત્તિમય રાખતું. 'સર્જકની આત્મકથા'માં એ લખે છે કે 'મને કવિતા, રાજકારણ અને ધર્મ એકંદરે જુદા જણાયા નથી. .... કવિધર્મ, સમાજધર્મ, આત્મધર્મ તત્ત્વત: એકરૂપ સમજાય છે ... રાજકીય ક્ષેત્રે એમનો અભિપ્રાય વગ ધરાવતો. એ પાસુ અહીં ચર્ચવા માટે પૂરતો અવકાશ નથી. એથી અન્ય કોઈ વાર ચર્ચી શકશે. એમની ઉત્તર વયમાં ઉમાશંકર શાસ્ત્રોની ઓળખ લઈ આવ્યા. એમનું તત્ત્વજ્ઞાનનો ઉદ્ગમ ઉપનિષદથી હશે એમ લાગે. ઉમાશંકર માનવ સ્વભાવના પાકા અભ્યાસુ હતા. એમના જીવનનાં માનવ પ્રક્રિયાઓના અનુભવના નિચોડ રૂપે એમણે આ પંક્તિઓ લખી હશે ...

**મોટાની અલ્પતા જોઈ થાક્યો**
**નાનાની મોટાઈ જોઈ જીવું છું**

કદાચ આવો જ કંઈક થાક એમણે અનુભવ્યો હશે મોટા ડોક્ટરોની એમની વ્યાધિ સામેની વામણી લડાઈમાં. 'અમે ગીત ગગનના ગાશું'નો પ્રણેતા અને રડતાં ઝરણાંની આંખ લ્હોનારો, બામણામાં જન્મેલો, આ સાહિત્યપુરુષ મુંબઈમાં ૧૯૮૮ ડિસેમ્બરમાં કાયમી નિંદ્રામાં પોઢી ગયો. કિન્તુ અક્ષર દેહે એ વિશ્વમાનવી જીવે છે - એણે ખોલી ને જોયેલા પ્રત્યેક શબ્દના મૌનમાં. એટલે જ બામણાથી બોરિવલી, બોસ્ટન, બ્રિસ્બેન, બ્રેડફર્ડથી લઈ, છેક અહીં બ્રેન્ટ સુધી, એમના શબ્દની સુવાસ વ્યાપ્ત છે.

અંતમાં, બામણાથી થોડે દૂર, મોડાસાની એક શાળામાં, અમે અબુધ ભણેલા – અડધી પડધી સમજેલા - એ કવિમનીષી ઉમાશંકર જોશીની આ રચના સંગાથે, ગુજરાતી કાવ્યવર, સારસ્વત ઉમાશંકર જોશીને અંજલિ અર્પીશ :

**સ્વતંત્રતા, દે વરદાન એટલું :**

**ન હીન સંકલ્પ હજો કદી મન;**
**હૈયું કદીયે ન હજો હતાશ;**
**ને ઊર્ધ્વજ્વાલે અમ સર્વ કર્મ**

# બંડખોર આફ્રિકન કવિ : ડેનિસ બ્રુટુસ


• દીપક બારડોલીકર

**ધૂળ-માટીની સુગંધ**
**વિશ્વભરમાં સર્વત્ર**
**એકસરખી હોય છે !**

આ ઉમદા પંક્તિઓના સર્જકનું નામ છે ડેનિસ બ્રુટુસ. દક્ષિણ આફ્રિકાનો આ એક મહાન કવિ છે. જાણે પાકિસ્તાનના ફ્યઝ અહમદ ફ્યઝ. એમણે પોતાના અત્યાચારગ્રસ્ત લોકોની લાગણીને, આરઝૂઓને વાચા આપી છે, અને તે પણ કલાત્મક રીતે. એમનાં કાવ્યોમાં ઊંડાણ છે, રસાનંદની છોળ છે.

આ અધ્યાપક કવિ ડેનિસનો જન્મ એક દક્ષિણ આફ્રિકન કુટુંબમાં ૧૯૨૪માં ઝિમ્બાબ્વેમાં થયો હતો. દક્ષિણ આફ્રિકન હાઈસ્કૂલોમાં તેમણે ચૌદ વર્ષ સુધી વિદ્યાદાન કરેલું અને પછી ડેનવરની ઉત્તર-પશ્ચિમ વિદ્યાપીઠમાં અધ્યાપક તરીકે જોડાયેલા.

કવિ ડેનિસ બ્રુટુસ યુવાન હતા ત્યારથી જ ગોરી સરકાર સામેની ચળવળમાં સામેલ થઈ ગયેલા. તે આપખુદ-અત્યાચારી સરકારના સખત વિરોધી



**ડેનિસ વિનસન્ટ બ્રુટુસ**
**(૨૮.૧૧.૧૯૨૪ - ૨૬.૧૨.૨૦૦૯)**

•

હતા. તેમના ઉગ્ર સંબોધનોના કારણે તેમની રાજકીય તેમ જ સામાજિક પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મુકાયો હતો. પણ કવિ એવાં પ્રતિબંધક ફરમાનોની પરવા કરે એવા ક્યાં હતા. આથી ૧૯૬૩માં ગિરફતાર કરી લેવાયા અને જમાનત પર હતા એ દરમિયાન ભાગી છૂટ્યા. ફરી પકડાયા અને ફરી ભાગ્યા. આ વખતે તેમને પીઠમાં ગોળી મારીને પકડી લેવામાં આવ્યા. અઢાર માસની સખત કેદની શિક્ષા ફટકારી દેવામાં આવી. રોબિન આઈલેન્ડ જેલમાંયે કેદ રખાયા.

આ કવિ રમતગમતમાં રંગભેદવિરોધી આંતરરાષ્ટ્રીય ચળવળના એક્ટિંગ ચેરમેન હોવા સાથે આંતરરાષ્ટ્રીય સંરક્ષણ અને સહાય માટેના યુ.એન. પ્રતિનિધિની હેસિયતે કેટલાંક વર્ષો સુધી સેવા બજાવતા રહ્યા હતા. તેમનાં કાવ્યો માત્ર આફ્રિકામાં નહિ. એશિયા, યુરોપ અને અમેરિકામાં પણ ખાસાં લોકપ્રિય થયાં છે. ખાસ કરીને તેમના આ કાવ્યસંગ્રહો લેટર્સ ટુ માર્થા, (૨) એ સિમ્પલ લસ્ટ અને સ્ટબોર્ન હોપ તો અત્યંત લોકપ્રિય ગણાય છે અને તેમની અનેક આવૃત્તિઓ થવા પામી છે.

અહીં કવિ ડેનિસના કાવ્યસંગ્રહ 'એ સિમ્પલ લસ્ટ'ની પાંચમી (૧૯૭૩) આવૃત્તિ માંહેથી ત્રણ કૃતિઓનો અનુવાદ પેશ કરવામાં આવે છે.

એમના એક કાવ્યનું શીર્ષક છે 'બ્લડ રીવર ડે'. શીર્ષક પરથી જાહેર છે એમ એ કાવ્ય દક્ષિણ આફ્રિકાની ગોરી સરકારની ફિરઓનિયત વિશે છે. એ કાવ્ય તેમણે તેમના એક સાથી ડેફ્ની એડમન્ડસનને અર્પણ કર્યું છે. તો વાંચો એ લોહીટપકતું કાવ્ય :

### શોણિત સરિતા દિન

(ડેફ્ની એડમન્ડસન માટે)

**દર વર્ષે**
**આ દિવસે**
**ગોરા સૈનિકો તેમના બૂટ વડે**
**ધરતી ધમધમાવે છે!**
**અને**
**લોહીની ગંધ ફેલાવવા ખાતર**
**ગુસ્સામાં ઘુરંટે છે, ત્રાડે છે**
**ને લોહીની ગંધ માણવા માટે**
**ખાઉધરાની જેમ**
**હવાને સૂંઘે છે!**
**ઊંડા શ્વાસ લે છે !**

**ગોરી ગુનાઈત વૃત્તિ**
**નિર્દોષ લોકોને**
**વિકરાળ પશુઓની બોડ પ્રતિ**
**હાંકી જાય છે!!**
**અને**
**સાંજ થતાંમાં તો**
**પ્રસરી જાય છે**
**ધૂળ-માટીની એક અજબ સોડમ!**
**માટીની સરસ સુગંધ!**
**વરસાદ ઝરે છે -**
**ઊની રેત ઉપર**
**ને સોડમ મારી પાસે આવે છે!**

**ધૂળ-માટીની સુગંધ**
**વિશ્વભરમાં, સર્વત્ર**
**એકસરખી હોય છે!**

(૧૬-૧૨-૧૯૬૫)

•

અને આ બીજું કાવ્ય, દક્ષિણ આફ્રિકાની કાળી પ્રજાના હૃદયમાં ગોરી સરકાર વિશે કેવી ઉગ્ર વિરોધલાગણી હતી તેનું પ્રતિબિંબ પાડે છે. આ એક પ્રતીકાત્મક કાવ્ય છે અને એની અંદર કવિએ પોતાના મનોભાવ અત્યંત કલાત્મક રીતે અભિવ્યક્ત કર્યા છે :

**હું**
**એક વૃક્ષ છું**
**બહાર**
**રાતભર**
**હવામાં કિચૂડાટ કરતું**
**વંકું અને હઠીલું !**

**હું**
**એક પતરું છું !**
**ટિનના વિરૂપ ઝૂંપડાનું પતરું !**
**હવામાં ભભડાટ કરતું -**
**ઉગ્ર વિરોધમાં !**

**હું**
**એક અવાજ છું !**
**રાતની શ્યામ ચાદર ઓઢીને**
**વિલાપ કરતો અવાજ !**
**જે અવિરત આક્રંદ કરે છે**
**અને**
**સાંત્વન પામશે નહીં !**

આ ત્રીજું કાવ્ય તેમની દેશનિકાલ દશા વિશે થોડી પંક્તિઓમાં ઘણુંબધું કહી જાય છે. એની અંદર શબ્દે-શબ્દે અંતર્ધ્વનિ સંભળાય છે, પરંતુ ઘોંઘાટનું નામ નથી. અને એ જ કવિની કમાલ છે.

---

**રહો સદા પ્રજ્વલી, ના અધોમુખ;**
**વાણી ન નિષ્કારણ હો કઠોર;**
**રૂંધાય દૃષ્ટિ નહિ મોહધુમ્મસે;**
**ને આંખમાંનાં અમી ના સૂકાય;**
**ન ભોમકા ગાય વસૂકી શી હો !**
**વાણિજ્યમાં વાસ વસંત લક્ષ્મી,**
**તે ના નિમંત્રે નિજ નાશ સ્વાર્થથી.**
**સ્ત્રીઓ વટાવે નિજ સ્ત્રીત્વ ના કદી,**
**બને યુવાનો ન અકાલ વૃદ્ધ,**
**વિલાય ના શૈશવનાં શુચિ સ્મિતો;**
**ધુરા વહે જે જનતાની અગ્રીણો,**
**તે પંગતે હો સહુથી ય છેલ્લા;**
**ને બ્રાહ્મણો - સૌમ્ય વિચારકો, તે**
**સત્તા તણા રે ન પુરોહિતો બને.**
**અને થઈને કવિ, માગું એટલું**
**ના તું અમારા કવિવૃંદને કદી**
**ઝૂલંત તારે કર પીંજરાના**
**બનાવજે પોપટ – ચાટુ બોલતા.**

**સ્વતંત્રતા, દે વરદાન આટલું.**

(અમદાવાદ, ૧૫-૮-૧૯૫૨)

-----

**સંદર્ભ, સંશોધન, ઋણ સ્વીકાર :**

વિપુલ કલ્યાણી

www. Umashankarjoshi.in
"ઓપિનિયન" – લંડન

"અસ્મિતા", ગુજરાતી સાહિત્ય અકાદમી, યુ કે.

"નિરીક્ષક"

"નવનીત સમર્પણ"

'લયસ્તરો.કોમ'

['Park House', 71 Moorhead Lane, SHIPLEY, West Midlands BD18 4JN, U.K.]
e.mail : drvision@gmail.com

હું છું એક દેશનિકાલી !
ભટકતો
ને ઠેક ઠેકાણે
ગૌરવગાન કરતો,
શૌર્યગીતો લલકારતો કવિ !
(તેઓ ભલે ગમે તે કહે)
હું છું વિનમ્ર, શાંત !
અને
અગોચર પગલે
મશગૂલ છું આયોજનમાં !
ગુલામ દશા પ્રતિ સમભાવી !

પરંતુ
ભરી રહ્યું છે
આક્રંદ મારા ભીતરને !
અને
મારા મસ્તિષ્કમાં,
મારી શાંત આંખો પાછળ
હું સાંભળું છું
આક્રંદને !
ચીખોને !
સાયરનને !

•

અને આ ચોથું કાવ્ય કવિની પ્રિય ભોમકાને ઉદ્દેશીને લખાયેલું છે. એનું શીર્ષક છે ‘નાઈટ સૉંગ’. આ કાવ્યમાં, આઝાદીની લડત દરમિયાન લોહીલુહાણ થયેલી ભોમકાને કવિ આશ્વાસન આપતા લાગે છે. કદીમદી મળી ગયેલી વિરલ, વિષમવેળાનો લાભ લઈ ઘડીક પોઢી જવા, થાકોટો ઉતારવા વિનંતી કરતાં કવિ તેમની ભોમકાને કહે છે :

શાંતિથી પોઢી જા !
ઓ મારા પ્રેમ !
શાંતિથી પોઢી જા !
બંદરની બત્તીઓ
હંમેશના અશાંત
ડક્કાઓ પર ઝગમગી રહી છે!
દોડી રહી છે પોલીસ-કારો
બોગદા - શેરીઓની આરપાર -
જાણે ખદબદતા વંદા !

ઝૂંપડાંમાંથી
પતરાંનો કર્કશ શોર ઊઠી રહ્યો છે,
જાણે હવામાં
ઉછાળી દેવાયેલું
કોઈ જીવાતભર્યું ચીથરું !!
અને
ભય વ્યાપક છે
વંટોળઘંટના અવાજ માફક !
સહરા-શા
લંબપ્રલંબ દહાડાનો ગુસ્સો
રેત અને શિલાઓ માંહેથી
ફૂંફવી રહ્યો છે -
કોઈ ભોરિંગની જેમ !

પરંતુ
કમથી કમ
આજની આ અલ્પવિરામ રાત્રિ પૂરતું
ઓ મારી પ્રિય ભોમકા !
ઓ મારા પ્રેમ !
તું શાંતિથી પોઢી જા !

◦

[136 Stamford Street, Old Trafford, MANCHESTER M16 9LR, U.K.]

◦◦◦◦◦◦◦◦◦◦◦◦◦◦◦◦◦◦◦◦◦◦◦◦◦◦◦◦◦◦◦◦◦◦◦◦◦◦◦◦

## કાશ, તે આવે

• દીપક બારડોલીકર

મૃત્યુ –
મારા માટે
કોઈ નવી વસ્તુ નથી !

હું
અર્ધ નગ્ન દશામાં
ફળિયા વચ્ચે
હજી
કરતો હતો દોડાદોડી ત્યારે
મૃત્યુવશ થતાં જોયેલા
મારા પ્રતાપી પિતાને !
અને
ત્યાર પછી તો
મારી
સમીસાંજ થાય તે પહેલાં
વહાલચમેલી બની જતી બહેનો
પોરસના પ્યાલા પીવરાવતા ભાઈઓ
ને જેનો જોટો જડે નહીં
એવી મારી મા,
માની દુઆઓનું છત્ર,
બધું જ ચાલ્યું ગયું !

મૃત્યુ
મારા માટે
કોઈ નવી વસ્તુ નથી !

એક વાર
મગરને જડબે જતાં
તો વળી એક વાર
વાઘનો કોળિયો થતાં
આબાદ બચી ગયો હતો !
હા,
હું આણી ચૂકેલો આદમી છું !
બહુ નજીકથી જોયું છે મૃત્યુને –
ઘર મહીં અને ઘર બહાર !
જનાઝાયે ઉપાડ્યા છે બેશુમાર !

અને
હવે કદાચ
ઊપડશે જનાઝો
આપના આ બંદાનો !
ઉપાડશે મારા વ્હાલાં !
ઓઢીને ગમદુશાલા !

પરંતુ
સાચું પૂછો તો
મને એનો ઈન્તેઝાર નથી.
હું તો બેઠો છું
કોઈક અન્યના ઈન્તેઝારમાં !
કે એ જ તો છે લક્ષ્ય મારા જીવનનું !

કાશ !
તે આવે
સિતારે સિતારે તેનાં પગલાં દીપે
અને સ્નેહભીના શબ્દોમાં કહે :
‘ચાલો, દીપકજી ! –
સાંજ થઈ ગઈ છે !’

(એપ્રિલ ૨૮,૨૯,૩૦ - ૨૦૧૧)

[136 Stamford Street, Old Trafford, MANCHESTER M16 9LR, U.K.]

•

## જન્મદાતા

• અહમદ ‘ગુલ’

ખૂંખાર,
ઘાતક,
હૃદયહીન.
હજારો, નિર્દોષ
માનવોની હત્યા
દાયકો, ભૂગર્ભવાસ !
એની શોધમાં
લાખો, નિર્દોષ
માનવોની કત્લેઆમ
આખ્ખો મુલક, રક્તમાં લથબથ
આજ
ગેરકાયદેસરનો આતંકી
કાયદેસરના આતંકીની
ગોળીએ વીંધાયો !
મહાસત્તાનું ફરજંદ
મહાસત્તાના હાથે જ
હણાયું !
ન્યાયાલય પહોંચે
તે પહેલાં, કહેવાયું
‘ન્યાય થયો.’

xxxxxx

ક્ષુબ્ધ
માનવસમાજ
વિમાસે છે :
આ સમાજ
આતંકવાદીઓને કેમ જન્માવે છે ?
ક્યાં સુધી જન્માવશે ?
ક્યાં સુધી મારશે ?

[27 James Street, BATLEY, West Yorkshire WF17 7PS, U.K.]

•

## હરનિશ જાનીની શાનદાર સિત્તેરમી વર્ષગાંઠ ઉજવણી

**• પ્રવીણ પટેલ 'શશી'**

૧૪મી મે ૨૦૧૧, ઢળતી સાંજ, એડિસન નગર અને અકબર રેસ્ટોરન્ટ. અહીં થયેલી એક ઉજવણી મને અનેકાવિધ રીતે વિશિષ્ટ લાગી. પ્રસંગ હતો હરનિશ જાનીની સિત્તેરમી જન્મજયંતીનો, સંગસંગ હતાં





પરિવારજનો અને અનેક સાહિત્યિક મિત્રો. હરનિશ જાની આમ તો હાસ્ય લેખક, પળોને પલટવાની એમની રમૂજી આદત. મહેફિલ એવી તો સજીવ થઈ કે રસરંગમાં સર્વ મસ્ત બની ગયાં ! મિજબાનીની આયોજક હતી દીકરી શિવાની, તો મિત્ર રાહુલ શુક્લ કાર્યક્રમ સંયોજક હતા. શુક્લ વાર્તાકાર અને વળી સાથે ઉદ્યોગપતિ, એટલે એમની રજૂઆતમાં ભપકો, લટકો અને ચટકાનું સુંદર સંયોજન થયેલું કળાયું.

બેઠક ગોઠવણમાં ટેબલ નંબર નહીં પણ દુનિયાનાં સાહિત્ય સર્જકોનાં નામો હતાં. અમારા મુકરર થયેલા ટેબલનું નામ હતું 'ઝૂમ્પા લહેરી' ! અન્ય નામો પૈકીનાં કેટલાંક તે રોથેક, એન્ડરસન, રોબર્ટ ફ્રોસ્ટ, માર્ક ટ્વૈન, ટી. એસ. ઈલિયટ, ઓસ્કાર વાઈલ્ડ વગેરે વગેરે. ટોળું નહીં, પણ ચુનંદા, ઉપસ્થિત સુજ્ઞજનો આશરે દોઢસો; યાદિ લાંબી છે, માટે નામો નોંધતો નથી. પ્રવેશદ્વારે હરનિશ મળી ગયા; હંસા જાની પણ ત્યાં સાથોસાથ; હાય હલો, ભેટવંદન ને ખબરઅંતર; સર્વનો એ બે ભાવભીનો સત્કાર કરતાં.

દ્વારની બાજુમાં ટેબલ પર જાનીને એમનાં પુસ્તકો માટે મળેલા બે પુરસ્કારો હતા. ખંડ મધ્યે ટેબલ પર એક ગ્રંથ, ઉપર થોડાં પુસ્તકો અને માથે 'સુશીલા' વાર્તાસંગ્રહ હતો. સરસ રચના, પણ આ તો કેક હતી, કોઈ પણ થાપ ખાઈ જાય !

મહેમાનોના સ્વાગત પછી જાનીના જીવનદોરની ફિલ્મ બતાવાઈ. ધીર, ગંભીર અને રમૂજી એમનો દોર, મજા આવી ગઈ. ચિનુ મોદી, વિનોદ ભટ્ટ, ભદ્રા વડગામા, વિપુલ કલ્યાણી, રતિલાલ બોરીસાગર, રઘુવીર ચૌધરી આદિનાં રેકોર્ડ કરેલા સંદેશા સાંભળવાનો પણ મોકો મળ્યો. આ પછી રાહુલ શુક્લે બરાબરની જમાવટ કરી. હરનિશ જેને ગમે છે તે મહિલાઓ એમને બચી કરી શકે, સાતેક જણાં લાભ ખાટ્યાં; સ્પેશ્યલ બનાવેલું ચાહક બટન ખુદ હરનિશે એમને પિન કર્યું. હવે પછી સરસ માર્કેટિંગ કરવામાં આવ્યું હતું. થીમ હતો, 'હરનિશ મહાન સાહિત્યકાર છે', – આ પ્રવક્તાએ પૂરવાર કરવાનું. અમુક વક્તાને પોતાને ગમતી હરનિશભાઈની વાર્તાનું પઠન કરવાનું હતું. મધુ રાય, રાહુલ શુક્લ, રામ ગઢવી, બળવંત જાની, પન્ના નાયક, રોહિત પંડ્યા, મહેશ જાની, રક્ષા પંડ્યા, આર. પી. શાહ આદિએ હરનિશભાઈની વાર્તાસર્જનાત્મક્તાનું લા-જવાબ રસદર્શન કરાવ્યું.

હરનિશભાઈના પરિવારજનો પણ થોડાં બાકી રહે ? હંસાબહેન જાનીએ સહજીવનનો ઈસ્કોતરો ખોલી ટિખળી મિજાજમાં પતિદેવની ખૂબીઓ બતાવી. સંદીપ દીકરાએ તથા દીકરી આશિની અને શિવાનીએ વક્તવ્યમાં પિતા પ્રત્યેની પોતાની ભાવોર્મિઓ છલકાવી. હરનિશભાઈ ગદ્ગદિત થઈ ગયા. એમણે પણ જીવનના ખટમધુરા સંસ્મરણો વાગોળ્યા. પોતાની પ્રથમ વર્ષગાંઠ ટાણાના છબરડાની વાત માંડી, પોતે તો હસ્યા, સાથે સર્વને પણ ખૂબ હસાવ્યા. ઉપસ્થિત જનોનો નામોલ્લેખ કરતાં એમણે દિલી આભાર માન્યો. તાળીઓના ગડગડાટ સાથે, અંતે એમણે કેક કાપી. ભોજનમિજબાની અને ખાણીપીણી કેવી ? – તો ચકાચક.

જન્મજયંતી અવસર કરતાં હું આને સાહિત્ય મેળમિલાપ મહેફિલ કહું. હસતાં હસાવતાં જીવવું, આ તે હરનિશ જાની. સર્વ વતી એમને એમની સિત્તેરમી વર્ષગાંઠના મુબારકબાદ, સાથે એમના દીર્ઘાયુષ્ય અને પરિવારની સુખાકારી માટે ઈશ્વરને પ્રાર્થના.

e.mail : pcpatelxshashi@aol.com

## ઘમંડ જ્ઞાનનો

**• દીપક ધોળકિયા**

આ સાચો બનાવ છે. એનું મુખ્ય પાત્ર હું પોતે છું.

૨૦૦૦નું વર્ષ. દીકરી એમ.એસસી. કરવા વડોદરા ગઈ. એને મૂકીને દિલ્હી પાછો આવતો હતો. ટ્રેનમાં બેઠો. દીકરીની આંખનાં આંસુ પ્લેટફૉર્મ પરથી 'આવજો' કહેતાં રહ્યાં …

મારું ય મન ભારે હતું. કંપાર્ટમેન્ટમાં જોયું તો ચાર ભક્તાણીઓ પણ દિલ્હી આવતી હતી. એમણે કહ્યું, આસારામ બાપુના સત્સંગમાં ગઈ હતી અને દિલ્હીથી પણ આગળ જવાનું છે. શું કરવું ? પુસ્તકને સહારે કોઈ કૂલી ન ઉપાડી શકે એટલો મનનો ભાર હળવો કરવાની તૈયારી કરી ત્યાં તો એમનું સંધ્યા કીર્તન શરૂ થયું. પહેલાં ભજનો. બેસૂરા રાગડા. વાંચવામાં ધ્યાન ન ચોંટે. થાય શું ? અર્ધા કલાકની ભજનની સરવાણી, અને પછી શાંતિ. પરંતુ માત્ર બે મિનિટ – અને શરૂ થઈ ધૂન … 'રામ એક, રામ દો … રામ ગ્યારહ …'

મારું મગજ સાક્ષાત્ કંટાળો બનવા લાગ્યું હતું. ક્યારે પૂરું થશે આ … ? અંતે એ પણ પૂરું થયું, અને હવે ભક્તિની ત્રીજી અવસ્થા શરૂ થઈ. પરંતુ એમાં મને બહુ તકલીફ નહોતી. ચારેય મહિલાઓએ હવે માળાઓ કાઢી અને એમાં ધ્યાન પરોવ્યું. હવે એટલી બધી શાંતિ થઈ ગઈ કે વાંચવામાં મન ન ચોંટે. મન પણ વિચિત્ર છે. સ્થિર ન થવા માટે પહેલાં અવાજનું બહાનું હતું. હવે અવાજ નહોતો એ બહાનું હતું.

પરંતુ શાંતિ ક્યાં ટકવાની હતી ? દૂરથી એક ફકીરનો અવાજ આવ્યો. 'જિતના મુઝે દોગે ઉસસે ઝ્યાદા અલ્લાહ તુમ્હેં દેગા …' મને થયું કે આજે ભગવાનવાળા કેડો નથી મૂકવાના. રામવાળા ચૂપ થયા તો આ અલ્લાહવાળો આવ્યો. અને ફકીરનો આત્મવિશ્વાસ પણ ગજબ હતો. કોઈકે એને ખાવાનું આપ્યું તો એણે કહ્યું : 'અરે બાસી તો નહીં હૈ ન ? ઐસા ન હો કિ આપ કા ખાના ખાઉં ઔર ડાક્ટર કો દવાઈ કા પચાસ રૂપયા દૂં.' મને ખરેખર મનમાં ગુસ્સો આવ્યો …

પણ હવે ઍન્ટી-ક્લાઈમૅક્સ આવે છે !

# ગાંધીભક્ત અણ્ણા ગાંધી જેટલા સજ્જ નહીં

• નગીનદાસ સંઘવી

કૌભાંડો અને ગુંડાગીરીથી લોકો એવા થાક્યા છે અને એવા હારણ થઇ ગયા છે કે તેની સામે અવાજ ઉઠાવનારને તાબડતોબ માથે બેસાડે છે. આજીવન સમાજ સેવા કરનાર અતિ પવિત્ર અણ્ણા હજારે ભ્રષ્ટાચાર સામે ઉપાડેલી ઝુંબેશનાં કારણે દેશભરમાં આદરપાત્ર બન્યા છે. 'ભ્રષ્ટાચાર હટાવ'ની માગણી જોરદાર બની છે પણ ભ્રષ્ટાચાર કોઇ ભૌતિક વસ્તુ નથી કે ઉપાડીને બાજુમાં મૂકી દઇએ. જન લોકપાલની નિમાણુંક થવાથી ભ્રષ્ટાચાર આપોઆપ ઓગળી જશે તેવી આશા નરી બાલીશતા છે પણ અણ્ણા હઝારેની દાનત અને ધગશ માટે બે મત નથી.

> **ગાંધીભક્તો બીજાના દોરવ્યા દોરાય છે અને ખત્તા ખાય છે. અણ્ણા પણ તેમાં અપવાદ નથી. ઉતાવળે અભિપ્રાય આપનાર અણ્ણા અને ચંપારણમાં દિવસો સુધી એફિડેવિટો એકઠી કરનારા ગાંધી વચ્ચેનો તફાવત ઊડીને આંખે વળગે તેટલો સ્પષ્ટ છે.**

હઝારેજી મહાત્મા ગાંધીના પગલે ચાલવાનો પ્રયાસ કરી રહ્યા છે પણ ગાંધી અને ગાંધીભક્તોમાં સૌથી મોટો તફાવત વહેવાર કુશળતાનો છે. ગાંધી જાત તપાસ સિવાય કશું સાંભળે કે સ્વીકારે નહીં. તેની સજ્જતા કેળવવા માટે આખું વરસ ભારતમાં ફરતાં રહ્યા. આવી સજ્જતા માટે દુનિયાનાં કોઇ આગેવાને આટલી જહેમત ઉઠાવી નથી. ગાંધીભક્તો બીજાના દોરવ્યા દોરાય છે અને ઘણીવાર ખત્તા ખાય છે. અણ્ણા પણ તેમાં અપવાદ નથી.

અખબારી અહેવાલો અને ચીલાચાલુ વાતો સાંભળીને પોતે ગુજરાતનાં અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનાં વખાણ કર્યા અને ગુજરાતમાં એક જ દિવસની મુલાકાતમાં તેમણે ગુજરાતને ગોટાળાનો મુલક જાહેર કર્યો. આ રીતે અને આટલી ઉતાવળે અભિપ્રાય આપનાર અણ્ણા અને ચંપારણમાં દિવસો સુધી એફિડેવિટો એકઠી કરનાર ગાંધી વચ્ચેનો તફાવત ઊડીને આંખે વળગે તેટલો સ્પષ્ટ છે. ગુજરાતને લાંછન લાગે તેવી બે વાત તેમણે કરી છે. ગુજરાતમાં દૂધ કરતાં દારૂનો વપરાશ વધારે છે તેવું તેમનું વિધાન ભડકામણું છે અને તદ્દન ખોટું પણ છે.

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં દારૂનું વેચાણ થાય છે અને જેને દારૂ જોઇએ તેને સહેલાઇથી મળી રહે તે બંને વાત સાચી છે પણ દૂધનો વપરાશ કરવામાં ગુજરાત આખા ભારતમાં બીજા નંબરનું સ્થાન ધરાવે છે અને અન્ય તમામ રાજ્યોની સરખામણીએ ગુજરાતમાં દારૂનો વપરાશ ઓછામાં ઓછો થાય છે. દારૂબંધી નિષ્ફળ ગઇ છે તેવો કકળાટ જરૂર કરી શકાય પણ યાદ રાખવું જોઇએ કે દારૂબંધી દુનિયાના કોઇ દેશમાં સફળ થઇ નથી.

દારૂ બનાવવો તદ્દન સહેલો છે અને તેમાં મબલખ નફો છે તેથી ઉદ્યોગપતિઓ અને મવાલીઓ દારૂનો ધંધો કરવા હંમેશાં તલપાપડ હોય છે અને ભ્રષ્ટાચારનાં કારણે દારૂ ઝડપથી પહોંચાડી શકાય છે. ભારતના વિવિધ રાજ્યોમાં વપરાતા દારૂનાં આંકડા મળે છે અને દારૂ તથા નશાકારક દ્રવ્યોનો સૌથી વધારે વપરાશ પંજાબમાં થાય છે તેવા આબકારી ખાતાનાં આંકડા તપાસી જવાની ખેવના રાખવાના બદલે અણ્ણાએ સાંભળેલી વાતોનાં આધારે બફાટ કર્યો છે.

દારૂનો સૌથી વધારે વપરાશ કરનાર પંજાબમાં પણ દારૂ કરતાં દૂધ વધારે વપરાય છે તો ગુજરાતની તો વાત જ શી કરવી? સ્ત્રીઓ ભાગ્યે જ દારૂ પીએ છે, નાનાં બાળકો દારૂ પીતા નથી અને ગુજરાતમાં ધર્મનિષ્ઠાનાં કારણે દારૂ ઓછો વપરાય છે. અણ્ણાએ કદાચ નામ ન સાંભળ્યું હોય પણ ગુજરાતમાં ખાસ્સો પ્રભાવ ધરાવનાર સ્વામિનારાયણ પંથ તમામ વ્યસન મુક્તિનો આગ્રહ રાખે છે. અણ્ણા જેવા કાચા કાનનાં આગેવાનોનાં નિવેદનો ગુજરાતની સ્વસ્થ જનતાની બદબોઈ કરે છે. મહારાષ્ટ્રનાં પ્રધાન બબનરાવ ઘોલપની ઘટનામાં બિનપાયાદાર આક્ષેપો કરવા બદલ અણ્ણાને ત્રણ મહિના કારાવાસની સજા થયેલી પણ મુખ્યમંત્રીએ એક દિવસના જેલવાસ પછી તેમને છોડી મૂકેલા.

ગુજરાત ગોટાળાનો મુલક છે તેવું અણ્ણાનું નિવેદન તો અનેકગણું વધારે અટપટું છે. આખા દેશમાં સાર્વત્રિક ધોરણે ભ્રષ્ટાચાર વ્યાપેલો હોય ત્યારે ગુજરાત ભ્રષ્ટાચારથી સદંતર મુક્ત છે તેવું કહી શકાય નહીં. ગુજરાત વેપારી પ્રદેશ છે. વેપારીઓ અને કવિઓ ચોરીથી મુક્ત હોતાં નથી (નાસ્તી અચૌર: વણિકજન:, નાસ્તી અ ચૌર: કવિજન:) તેવું સંસ્કૃત સુભાષિતકારોએ પણ કહ્યું છે.

ગુજરાતમાં કરચોરીનાં ચોંકાવનારા બનાવો આવકવેરા ખાતાએ અખબારોમાં છપાવ્યા છે પણ ગોટાળા અથવા કૌભાંડો શબ્દ જે અર્થમાં વપરાય છે તેવું કશું હાલ તુરતમાં તો બન્યાનું કોઇએ કહ્યું નથી. રમતોત્સવ, સ્પેક્ટ્રમ, આદર્શ કે આંધ્રમાં રેડ્ડીબંધુઓનાં જેવી કારવાઇ અંગે અખબારોએ કશી માહિતી નથી આપી. આપણે જાણતાં ન હોઇએ તેવા ગોટાળાઓ અંગે અણ્ણા પાસે જાણકારી હોય તો તેમણે જાહેરમાં મૂકવી જોઇએ અથવા ચૂપ થઇ જવું જોઇએ.

ભ્રષ્ટાચારનાં તોલકાટલાં હોતા નથી અથવા ફૂટપટ્ટી લઇને હરામખોરીનાં માપ કાઢી શકાતા નથી પણ અખબારી અહેવાલોનાં આધારે ચાલીએ તો અન્ય પ્રદેશોની સરખામણીએ ગુજરાતમાં ગોટાળાઓની સંખ્યા ઓછી જણાય છે. ગુજરાતમાં ભ્રષ્ટાચાર છે જ નહીં તેવો દાવો કરવામાં જેટલી મૂર્ખાઇ છે તેટલી જ મૂર્ખાઇ ગુજરાતને ગોટાળા-રાજ કહેવામાં છે. અણ્ણા હઝારેની કાર્યભૂમિ મહારાષ્ટ્રનાં ચાર મુખ્યમંત્રીઓએ ભ્રષ્ટાચારના આક્ષેપોના કારણે જવું પડ્યું ગુજરાતનો એક પણ મુખ્યમંત્રી આ રીતે ગયો નથી. આપવડાઇ દુર્ગુણ છે તેમ આત્મગ્લાનિ પણ દુર્ગુણ છે.

અણ્ણા આજે લોકપ્રિય છે. કોઇ આગેવાનની લોકપ્રિયતા કાયમ ટકતી નથી. નેહરુ જેવા ટક્યા નથી ત્યાં હઝારેની તો શી ગત હોય? પણ લોકપ્રિય બનનાર આગેવાને જવાબદાર રીતે બોલતાં શીખવું જોઇએ. ચાલીસ જેટલી લોકસેવક સંસ્થાઓ જોડે પરામર્શ કર્યા પછી અણ્ણાએ આવા વિધાન કર્યા હોય તો આ સંસ્થાઓની રજૂઆતનો પાયો તપાસવો જોઇએ.

લોકસેવાની બધી સંસ્થાઓ શુદ્ધ અથવા સમજદાર હોય છે તેવું માની લેવાનું કારણ નથી. ભારત સરકારે ચાર હજાર કરતાં વધારે સેવા સંસ્થાઓને અપાયેલી સ્વીકૃતિ પાછી ખેંચી લીધી છે અને તેમના પર નાણાંની ઉચાપતનાં આક્ષેપ પણ મુકાયા છે. બીજાની વાત જવા દઇએ પણ ગાંધીજીના નામે ચાલતી સંસ્થાઓમાંથી કેટલીક અગ્રગણ્ય સંસ્થાઓ પણ આવી બદનામીથી બચી નથી.

**(સદ્દભાવ : 'તડ ને ફડ' કટાર, 'કળશ', "દિવ્ય ભાસ્કર", ૧.૬.૨૦૧૧)**

e.mail : naginbombay@yahoo.com

---

માળા જપતી ભક્તાણીઓમાંથી મારી નજીક બેઠી હતી, એણે મને કોણી મારી. મેં જોયું તો એના હાથમાં એક રૂપિયાનો સિક્કો હતો. એણે ફકીર તરફ આંગળી ચીંધી. બીજી ત્રણેય ભક્તાણીઓએ પણ એક આંખે આ જોયું અને એક-એક રૂપિયો કાઢીને મારા હાથમાં મૂક્યો … ફકીરને મેં પૈસા આપી દીધા, એ તો આપવાના જ હતા.

પરંતુ, આખી ઘટનાએ મારી આંખે ચડેલાં જ્ઞાનનાં પડળો ઉતારી નાખ્યાં. સામાન્ય જનનું આ જ સાચું ભારત છે. રામવાળાઓ અને અલ્લાહવાળાઓ વચ્ચે કંઈ તકરાર નથી ! આ ભારતના દુ:શ્મનો અંદર જ ઘણા છે પણ … આ ભારતને કોઈ તાકાત હરાવી શકે એમ નથી.

અને હું … ધર્મ એટલે શું એનું ચિંતન કરનારો શું જાણતો હતો ? શું આ ભોળી સ્ત્રીઓને સમજાવું કે ભગવાન નથી ? કે માળા કરતી વખતે બીજા વિચારો ન કરવા જોઈએ ? કે આસારામ બાપુ તમને ઠગે છે ? ?ખરેખર તો એમને વીતેલાં એક હજાર વર્ષનો ઈતિહાસ પણ ન ઠગી શક્યો.

આસારામ એટલે શું તે આજે સૌ જાણે છે. એનામાં ભોળી શ્રદ્ધા રાખીને ગુજરાત પહોંચેલી પેલી ભક્તાણીઓનું શું થયું તે હું નથી જાણતો. આત્મવિશ્વાસથી છલકાતા પેલા ફકીરનું શું થયું તે પણ હું નથી જાણતો. બસ, ટ્રેનની એ સફરમાંથી હું આમ આદમીની ભાવનાઓનું સંભારણું લઈને પાછો ફર્યો.

http://wallsofignorance.wordpress.com/2011/06/04/%E0%AA%98%E0%AA%AE%E0%AA%82%E0%AA%A1-%E0%AA%9C%E0%AB%8D%E0%AA%9E%E0%AA%BE%E0%AA%A8%E0%AA%A8%E0%AB%8B-4/

# અરબ વસંત : એક સ્થાનિક અવલોકન

© ચેતન શાહ

ઘણા રસપૂર્વક ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રીના અરબી ક્રાંતિ વિષેનાં વૃતાંતો મેં વાંચ્યાં. ઉપરાંત પશ્ચિમી સમાચાર પત્રો અને દૂરદર્શનમાં અરબી દેશોમાં સ્ત્રીઓનું સ્થાન અને બીજા માનવઅધિકાર સંબંધિત મુદ્દાઓ વિષે અવારનવાર ઘણું વાંચવા / જોવા મળે છે, ખાસ કરીને સાઉદી અરેબિયા બાબત. ઉપરછલ્લી નજરે આ બે વિષયો - અરબી ક્રાંતિ અને અરબી માનવાધિકાર અને જાતીય ભેદભાવના મુદ્દાઓ - અલગ અને અસંબદ્ધ લાગે, પણ તેવું છે નહીં.

આપણી દુનિયામાં વૈશ્વીક મુદ્દાઓ પર આપણું માનસ અને આપણું વિશ્લેષણ પશ્ચિમી રૂઢિઓ પ્રમાણે ઘડાયેલું હોય છે. કારણ આપણું ભણતર પશ્ચિમાત્ય ભણતર છે. ભલે તે આપણને ગુજરાતી માધ્યમમાં સુરતની કોઈ શાળામાં મળ્યું હોય, કે પછી અંગ્રેજી માધ્યમમાં લંડનની કોઈ શાળામાં. આ બંને જગ્યાઓએ ભણતરની રીતો પશ્ચિમી હિતોને ધ્યાનમાં લઈને ઘડાયેલી છે. અને વૈશ્વીક ઈતિહાસની જુદી ક્ષણોએ જુદા હેતુઓને સાધવા પશ્ચિમે આ રીતો ઘડી છે.

> **'નોકરીધંધા, સમાનતા અને ન્યાયની લડત તરીકે શરૂ થયેલી ચળવળ હવે બાહરૈનના શિયા મુસ્લિમોનો પ્રતિરોધ બની ચૂકી છે.'**
>
> - www.alifarabia.com
> મે ૨૦૧૧

આપણે આપણા, આ પશ્ચિમે આપેલા આંખ અને કાનને વાપરી, આરબોને સમજવાનો પ્રયત્ન કરશું, તો આ કામમાં થાપ જ ખાવાના. આરબોએ એક ચુસ્ત, સ્વતંત્ર ચરિત્ર જાળવી રાખ્યું છે - તે સદીઓના વહાણા વાયા અને તેમના કિનારે આવી પહોંચેલી પશ્ચિમી સંસ્કૃતિના પ્રભાવ છતાં - ખાસ કરીને, ખનિજ તેલની શોધ થઈ તે પછી.

મોટા ભાગના હિંદી ધંધાદારીઓ અને વ્યવસાયીઓ ખલીજ(ખાડી)ના દેશોમાં, દુબઈ કે મસ્કત પર, પોતાનું પહેલું લંગર નાંગરે છે. દુબઈએ પરદેશી સંસ્કૃતિઓને પોતાનામાં સમાવી છે અને પરદેશીઓના સહારે પોતાનું, આરબ દેશોના સિંગાપોર બનવાનું, સ્વપ્ન સાકાર કર્યું છે. અહીંનો દરેક ઈમરાતી એટલે કે યુનાઈટેડ આરબ એમિરેટ્સનો વતની હિંદી / ઉર્દૂ કે અંગ્રેજીમાં જ પરદેશીઓ સાથે પોતાનો વ્યવહાર ચલાવે છે. અહીં દર ઈમરાતી વ્યક્તિએ નવ પરદેશીઓની તુલના છે. એટલે કે દુબઈમાં નાગરિકોની સંખ્યા ફક્ત દસ ટકા છે અને ૯૦ ટકા બહારના લોકો છે. હોલિવુડના એક ચિત્રપટમાં, જેમ એક સવારે, નાયક ન્યૂયૉર્ક શહેરમાં પોતાને સાવ એકલો ભાળે છે, તેમ દુબઈમાં જો પારકાઓ પોબારા ભણી જાય, તો ઈમરાતીઓને સવારનો કૉફીનો કપ પણ ના મળે ! દુબઈમાં મેં એવા હિંદીઓને જોયા છે કે ત્યાં દાયકાઓ સુધી રહ્યા છતાં તેમણે કોઈ ઈમરાતી સાથે ક્યારે ય નજીકનો વ્યવહાર કે વાતચીત ન કર્યાં હોય ! એવા દરેક આરબ, પૂર્વ યુરોપીય કે દક્ષિણ એશિયાઈ લોકો જે પોતાના વતનમાં પૈસેટકે કે સામાજિક રીતે તરછોડાયા છે, કે ત્રસ્ત થયા છે, તે સૌ માટે, દુબઈ એક પ્રકારે આવકારદાયક, ગુમનામી સ્વતંત્રતા બક્ષે છે. આ જોતાં આરબ દેશોમાં દુબઈ એક અપવાદ છે. બીજા આરબ દેશોથી તદ્દન જુદું તરી આવતું દુબઈ, તે આરબ સમાજને સમજવા માટેની સાવ બંધ બારી છે.

> **'સાચી લોકસત્તાના મૂળભૂત પાયાઓ - મંત્રણા, ન્યાય, સમાનતા અને જવાબદારી - અબુ બકર, ઉમર, ઉસ્માન અને અલી જેવા સત્યવાદી ખલીફાઓના રાજમાં જોવા મળતાં … ઈસ્લામધર્મીઓ આ મૂલ્યો લગભગ ભૂલી ચૂક્યાં છે અને સાથે સાથે તેમના લોકતાંત્રિક સિદ્ધાંતો પણ ભૂલાઈ ચૂક્યા છે.'**
>
> **- સૈયદ સફદર હુસૈન**
> "ડૉન ન્યૂઝ". ૧૩ મે ૨૦૧૧

દુબઈથી તદ્દન વિપરીત તેવું સાઉદી અરબ, તે બધા આરબ દેશોમાંનો સહુથી વધુ પરંપરાગત દેશ અને સમાજ છે. અહીં પરદેશીઓ તો ઘણા છે, પણ સાઉદી પ્રજા કરતાં ઓછા. અહીં પ્રત્યેક સાઉદી પુરુષ ખભાથી પાની સુધી લહેરાતો થોબ અથવા ડિશડાશા પહેરે છે. માથા પર તે ઘુતરા અથવા શુમાઘ તરીકે ઓળખાતો ચોરસ મોટો ટુકડો ઘણી અદાથી પહેરે છે. દરેક સ્ત્રી ખભાથી પાની સુધી પહોંચતા અબાયા નામના કોટ જેવું પહેરણ પહેરે છે ને સંપૂર્ણ માથા અને ગળાને એક મોટી ચૂંદડીથી છુપાવે છે. ઘણી, તો વળી, મોઢે બુકાની બાંધી, ફક્ત આંખો દેખાવા દે છે અને હાથે અને પગે પણ મોજાં પહેરે છે. આમ પુરુષ સફેદ કપડે અને સ્ત્રી કાળાં કપડે મઢાઈ જાય છે. અરે, અમેરિકન સ્ટાઈલ રોલરકોસ્ટરની રાઈડમાં બેસતી વખતે, કે ઊંચા ચકડોળની મજા માણતી વખતે, કે પછી બેંકનું કાઉન્ટર સંભાળતાં કર્મચારી તરીકે પણ તેઓ આ પહેરવેશ રાખે જ છે ! એવું નથી કે બીજા ખલીજી દેશોમાં આવા લોકો નથી, છતાં સાઉદી અરબમાં આવા રૂઢિવાદી લોકોનું માહાત્મ્ય છે. વળી, આ લોકો પોતાની અરબી ભાષા બોલવાનો એટલો આગ્રહ રાખે કે તમે બી.એમ.ડબલ્યૂ. કાર ખરીદવા જાઓ, તો દુકાનનો કર્મચારી અરબી જ બોલે, અને તમે પોતે દુકાનના કાઉન્ટર પર બેઠા હો તો સાઉદી ગ્રાહક પાછો તમને અરબીમાં જ સંબોધે. એક મજાની વાત એ છે કે સાઉદી અરબમાં એટલાં અમેરિકન ઉત્પાદનો છે કે તમને ઘણી વાર એમ લાગે કે તમે અમેરિકાના કોઈ શહેરમાં છો. ગલીએ ગલીએ મેકડૉનલ્ડ, ફ્રુડ્રકર, શિકાગો ગ્રીલની ખાણીપીણી, ક્રાઈસલર, ટોયોટા, ફોર્ડ, જી.એમ. કાર અને ટ્રક્સના શો રૂમ, બાળકો માટે ચકી ચીસીઝના મનોરંજન કેન્દ્રો, અમેરિકનો દ્વારા સંચાલિત શાળાઓ અને ઋગ્ણાલયો. સસ્તું અનાજ ને શાકભાજી વેચતા મોટા મૉલ્સ કે જેમાં મોંઘા રોલેક્સ અને ગુચીની દુકાનો પણ ખરી. આ રીતે, રિયાધ, સાઉદી અરબની રાજધાની, દુબઈ કરતાં એટલી ભિન્ન છે કે ત્યાં રહ્યા વગર તમારી કલ્પનામાં ન આવે. તેથી મારું માનવું છે કે રિયાધ અને સાઉદી અરબ, તે આરબોને સમજવા માટેની ઉત્તમ બારી છે.

આટલી પૃષ્ઠભૂમિ સાથે હું, મારું અરબી ક્રાંતિ કે જે અરબી વસંત તરીકે હવે ઓળખાય છે, તેનું, એક 'રાહદારી'ની આંખે, વિવરણ કરું છું.

મને એવું લાગે છે કે અત્યારના સમયની અરબ દુનિયાની રાજકારણી સત્તાના ત્રણ મુખ્ય પાસા આ પ્રમાણે છે –

(1) જનજીવનના દરેક પહેલુમાં ઈસ્લામની સર્વાધીનતા અને ઈસ્લામમાં લોકશાહીની પ્રાસંગિકતા કે તેનું મહત્ત્વ.

(2) આરબો માટે કબીલાવાદનું મહત્ત્વ અને આ કબીલાવાદનો ફાયદો લેવાની સત્તાધીશોની આવડત.

(3) તેલની સમૃદ્ધિના સત્તાધીશો અને પ્રજા વચ્ચે પડતા ભાગલા.

તો લ્યો, બોલો, આ તો સાવ જુદું છે ! કે પછી અરબીમાં બોલાય છે તેમ, 'હાધા ઘૈર !' આ અરબી ક્રાંતિમાં તેવું કંઈ જ નથી કે જેવું આપણે ફ્રેન્ચ ક્રાંતિ કે અમેરિકાના રાષ્ટ્રવાદ કે ભારતની સ્વાતંત્ર્ય લડત વિશે પશ્ચિમી નિશાળોમાં ભણ્યા છીએ !

વારુ, તમને ફરી યાદ કરાવું કે હું કોઈ આરબ સમાજનો વિશેષજ્ઞ નથી કે કોઈ રાજકારણવિદ્ પણ નથી કે મેં કોઈ ઊંડું સંશોધન નથી કર્યું. મેં તો સાઉદી અરબમાં રહીને, અહીંના લોકોને મળીને, અને તેમની સાથે નિખાલસ વાતો કરીને, જે જાણ્યું, જોયું અને તારવ્યું છે તે અહીં સાદર કર્યું છે.

**ધર્મ :** દૂરદર્શન પર જોયું કે રસ્તે ઊતરેલા દેખાવકારો પથ્થર ફેંકતા 'અલ્લાહુ અકબર' પોકારતા હોય છે. બીજી તરફ, સત્તાધીશોને પંપાળતા ધર્મગુરુઓ આ દેખાવકારોને એમ કહી વારે છે કે દરેક મુસ્લિમ નાગરિકની ફરજ છે કે દેશમાં કાયદો અને વ્યવસ્થા સંચવાય અને અરાજકતા ન ફેલાય. મૂળ મુદ્દો એ છે કે એક આરબ દેશના રાજકારણની કોઈ પણ બાજુએ તમે હો, પણ ઈસ્લામ તમારી તરફેણમાં હોવો અત્યંત જરૂરી છે. ટૂંકમાં, ફક્ત લોકશાહી માનનારને કોઈ સારા માને નહીં, જ્યાં સુધી તેને ઈસ્લામના આશીર્વાદ ના મળે. આ ખેંચતાણમાં બંને પક્ષો પોતાને જ 'શરિયાહ' એટલે કે 'સાચા રસ્તા'ના ચાલવાવાળા ગણાવે છે. જો તમને ખબર ન હોય તો કહું કે પવિત્ર કુરાન અને હદીથ (પયગમ્બર મુહમ્મદના જીવન શિક્ષણની કથાઓ) દરેક મુસ્લિમને જીવનના દરેક તબક્કામાં કેમ જીવવું, તેની શીખ આપે છે અને તે ઉપરાંત ફરજ પાડે છે. તે પછી, વેપાર વણજ કેમ કરવાં તે હોય, કે સ્ત્રીપુરુષના જાતીય અને સામાજિક સંબંધો કેવાં હોય, તે કે પછી યુવાનોએ વૃદ્ધો અને માતાપિતા સાથે કેવું વલણ રાખવું તે હોય, કે પછી સત્તાધીશ અને પ્રજાના સંબંધો કેવા હોય તે, વગેરે વગેરે.

જાણવું જરૂરી છે કે ૧૮મી સદીના ઈસ્લામી વિચારક મુહમ્મદ ઈબ્ન અબ્દુલ વહાબ અને તેના

સાથી અને એક કબીલાનાયક મુહમ્મદ ઈબ્ન સાઉદ, બંનેએ ઈસ્લામી રીતરસમોમાં આવેલી ક્ષતિઓ અને અંધશ્રદ્ધાઓનો નિકાલ કરીને, ફરી વાર, પયગમ્બરે શીખવેલા ઈસ્લામી જીવન તરફ લોકોને વાળ્યા હતા. મોટા ભાગના લોકો આ વહાબી ઈસ્લામને ક્રૂર કે કઠણ માને છે, પણ વહાબ અને સાઉદ, તેમની પોતાની દૃષ્ટિમાં ઈસ્લામના સુધારક અને લોકોને મૂળ ઈસ્લામી જીવન જીવતા કરનારા કાર્યકરો જ હતા. ૧૮મી સદીની આ ચળવળ 'તોહિદ' કે એકીકરણ તરીકે ઓળખાય છે. આ ચળવળની એક સાયરિક કે યુદ્ધ વિષયી બાજુ હતી, જેના પરિણામ રૂપે આ એકીકરણના વિરોધીઓ પર વિજય મેળવી સાઉદે અને તેના પુત્રોએ અને ઉત્તરાધિકારીઓએ એક રાષ્ટ્ર બનાવ્યું, જેનું નામ પોતાના કબીલાના નામ પરથી સાઉદી અરબ રખાયું.

> **'પ્રત્યેક મુસ્લિમની ફરજ છે કે ગમે કે ન ગમે, છતાં તે પોતાના સત્તાધીશની આજ્ઞાનું પાલન કરે, સિવાય કે, આવી આજ્ઞા તેની પાસે અનીતિનું કામ કરાવે. અને જો એક મુસ્લિમને આવાં અનીતિ કે પાપકર્મ કરવાની આજ્ઞા મળે તો તેણે પોતાના સત્તાધીશની આજ્ઞા માનવી નહીં.'**
>
> **- ઈબ્ન ઉમર**
>
> હદીથ ૧૦૬૮

અલગ દેશો અને સમાજોમાં મનાતા વિવિધ રીતોવાળા ઈસ્લામમાં સાચી રાહ કઈ તેનો નિર્ણય ઘણો ખરો સાઉદી ધર્મધૂરંધરોના હાથમાં હોય છે. કારણ તેઓ ઈસ્લામી વિશ્વના કેન્દ્ર તેવા મક્કા અને મદીનાની મસ્જિદોના કર્તાહર્તા છે.

આ પૃષ્ઠભૂમિ સાથે આપણે એ પણ જાણી લઈએ કે ઈ.સ. ૬૩૨ કે જ્યારે પયગમ્બર મુહમ્મદનું મૃત્યું થયું ત્યારથી ઈ.સ. ૧૯૨૪ કે જ્યારે તૂર્કીના મુસ્તફા કમાલ આતાતૂર્કે ખિલાફતની અંત્યેષ્ટિ કરી, ત્યાં સુધી મુસ્લિમ 'ઉમ્મા' એટલે કે વૈશ્વીક મુસ્લિમ સમાજના સર્વસત્તાધીશ હતા 'ખલીફા' અથવા 'કેલિફ'. ખિલાફત એટલે ખલીફાનું દુનિયાના મુસ્લિમો પરનું રાજ. તે છેલ્લું આવું રાજ હતું તૂર્કીના ઓટોમનોનું. અરબીમાં ખલીફા એટલે વારસદાર કે વારસાગત દાવેદાર. આપણને યાદ છે કે ગાંધીજીએ અંગ્રેજો વિરુદ્ધ મુસ્લિમોની એકતા સાધવા ભારતમાં આ જ ખિલાફતને ટેકો આપ્યો હતો.

આ ખલીફા એક ધાર્મિક અને સેનાકીય વળી રાજદ્વારી નેતા હતો. ખલીફા કોઈ સક્ષમ અને સગુણી વ્યક્તિ જ બની શકતી, નહીં કે કોઈ લોકશાહી પદ્ધતિથી ચૂંટાઈ આવેલી. આપણે સારી પેઠે જાણીએ છીએ કે લોકશાહીથી ચૂંટાઈ આવેલા નેતા ભલે લોકમાન્ય હોય, પણ જરૂરી નથી કે તે સગુણા હોય - કારણ આજકાલ મોટા ભાગના લોકનેતાઓ ભ્રષ્ટ, ખોટા બોલા કે વામણા જ જોવા મળે છે. ઈસ્લામને આ મંજૂર નથી. મારા ઘણા યુવા અથવા પ્રૌઢ સાઉદી મિત્રો, કે જેમાંના ઘણા ખરા યુરોપ કે અમેરિકામાં ભણેલા હોય છે, તેઓ આજની લોકશાહી પ્રથાને વખોડે છે અથવા તેમાં જરા પણ શ્રદ્ધા નથી ધરાવતા. આ જોતાં એમ લાગે છે કે લોકસત્તા તે ઈસ્લામી આરબ વિશ્વમાં ના તો પૂજનીય છે કે ના જરૂરી. ખાસ કરીને સાઉદીઓ તો ઘણા નસીબદાર છે કે જેમના અત્યારના રાજા અબ્દુલ્લાહ અતિશય ઉદારનીતિ, લોકપ્રિય અને પ્રેમાળ છે. આટલા જ લોકપ્રિય અને દૂરંદેશી દુબઈના રાજવી શેખ મુહમ્મદ ગણાય છે.

ટૂંકમાં, અરબ વસંત એ અરબીઓની સુગુણ ઈસ્લામી સત્તાધીશ અને નેતાની ખોજ છે, કે જે કાયદો અને વ્યવસ્થા લાવે, રોટી કપડાં અને મકાનના પ્રશ્નો સુલઝાવે અને પુરુષો, સ્ત્રીઓ અને બાળકોને વિકાસની જિંદગી બક્ષે, તેવું આદર્શ રાજ કે રામરાજ્ય સ્થાપે. આ લડાઈ કંઈ લોકસત્તાની લડાઈ નથી. હા એ ખરું કે લોકશાહી આ લડાઈનો ક્યારેક માનીતો ને ક્યારેક સશંક રસ્તો હોઈ શકે.

**કબીલાવાદ :** મધ્ય પૂર્વના મોટા ભાગના દેશો, અમુક પ્રાચીન અને સુસમૃદ્ધ સંસ્કૃતિઓ જેવી મિસર અને ઈરાનને બાદ કરતાં, બદૂ (અંગ્રેજીમાં બેદૂઈન) કબીલાઓની અથવા તેવા જ ભ્રમણ કરતા જિપ્સી ટોળાંઓ અને બીજા સભૌમ કબીલા જે વેપાર વણજ, વહાણવટુ અને ખેતીમાં પરોવાયેલા હતા, સદીઓથી, તેઓની જમીનદારી રહ્યા છે.

ઉદાહરણ રૂપે, આરબ દેશોથી દૂર, છતાં સંબધ્ધ એવા અને સમાચાર માધ્યમોની મદદથી વધુ સમજી શકાતા પાકિસ્તાન અને અફઘાનિસ્તાન છે. પાકિસ્તાનની સરહદે આવેલા વઝીરીસ્તાનમાં કબીલાઓ, નહીં કે ઈસ્લામાબાદની સરકાર રાજ કરે છે. આવો જ હાલ છે કાબુલની બહારના અફઘાનિસ્તાનમાં.

જ્યાં રાજાશાહી નથી, એવા આરબ દેશોમાં આજે પણ સત્તાધીશો કબીલા પરિવારોનો આધાર લઈને જ રાજ કારભાર ચલાવે છે કે ગાદી સંભાળે છે. આજના યમન અને લિબ્યાના સત્તાસંગ્રામની નજીક જઈને જોશો તો ખાતરી થશે કે ત્યાંના તાનાશાહોનું બળ કે કવખતે નિર્બળતા પુરવાર કરતા શક્તિશાળી કબીલાઓને સૈન્ય, કારભાર, આંતરિક સુરક્ષા, વ્યાપાર અને વાણિજ્ય વગેરે ક્ષેત્રોમાં ભાગીદાર બનાવવા જ પડે છે. નાના અથવા કમજોર કબીલાઓ અને સામાન્યજનોને આવા કોઈ ફાયદા મળતા નથી, ઉલટાનું તાનાશાહો આ જનસામાન્યને શોષીને કચડી મારે છે, કારણ તેમણે શક્તિશાળી કબીલાઓની વફાદારી ખરીદી લીધી છે. મજાની વાત એ છે કે તાનાશાહો જેમ કે સદ્દામ હુસેન, હંમેશાં ધર્મનિરપેક્ષ, નહીં કે ઈસ્લામી શાસન પસંદ કરે છે. આનું કારણ એ નથી કે તાનાશાહોને પ્રગતિ કે પાશ્ચાત્યીકરણમાં રસ છે, તેઓનો હેતુ તો ફક્ત પોતાની સત્તામાં ભાગ માગતા એવી ત્રીજી તાકાતને - ધર્માધિકારીઓને - આ રમતમાંથી બાકાત રાખવાનો છે.

હવે સમજાશે કે રસ્તા પર દેખાવો કરનારા અને અંતે બંદૂકની ગોળીઓથી લોહીલૂહાણ થનારા કે મરનારા વિરોધીઓ ગરીબ અને શોષિત કબીલાઓના હોવાની શક્યતા ઘણી જ વધારે છે. બીજે હાથે આપણે જોઈએ છીએ કે તાનાશાહોની તરફેણમાં પણ દેખાવો અને ધરણા કરવામાં આવે છે, જેમ કે યમન, બાહરૈન અને લિબ્યામાં થયું. આ તરફેણદારો સામાન્યજન નહીં પણ વર્ષોથી તાનાશાહોની કૃપા પામનારા વેપારીઓ અને કબીલાઓ છે.

> **'અત્યારે જ્યાં મધ્ય પૂર્વના શાસકો પોતાની અસંતુષ્ટ પ્રજાને છાની રાખવા મંડી પડયા છે, ત્યારે સાઉદી રાજા અબ્દુલ્લાહ પ્રજાહિતના ૧૯ મુદ્દાઓ પર ૩,૬૦૦ કરોડ અમેરિકન ડૉલર ખર્ચવાનો નિર્ધાર કરી ચૂક્યા છે. ... આ મુદ્દાઓ છે મોંઘવારી, ઘરબાર, સામાજિક સુરક્ષા, બેકારી ભથ્થું, દવાદારૂ અને ભણતર, વગેરે વગેરે ... '**
>
> **- કેરીલ મર્ફી**
>
> www.defence.com
> ૨૩ ફેબ્રુઆરી ૨૦૧૧

આ થઈ તાનાશાહોની વાત, અને આરબ રાજાઓની વાત કંઈક આવી જ, છતાં અલગ છે. આ રાજાઓ પોતે આગળ પડતા કબીલાઓના સંતાનો છે, જેમના પિતામહોએ પ્રતિસ્પર્ધી કબીલાઓને ૫૦-૬૦ વર્ષ પહેલાં માત આપીને રાજપાટ સંભાળ્યું હતું. હારનાર કબીલાઓ પાસે એક જ રસ્તો હતો - જીતનારને માન આપો અને દેશના રાજમાં નાનો હિસ્સો મેળવો. તેમાં પણ જેણે મનમાં ખાર રાખી કે અસંતોષ પાળ્યો તેમનાં મૂળિયાં ઉખાડવાં રાજા માટે સામાન્ય બાબત છે. આવા પ્રસંગો આંતરરાષ્ટ્રીય સમાચારમાં ભાગ્યે જ આવે. આ કારણે મોટા ભાગની ગેરમામૂલી જનજાતિઓએ આધુનિકીકરણ, ભણતર, ધંધા અને તેલ સમૃદ્ધિનો મળતો ભાગ - એ બધાથી પોતાનું જીવન સુધાર્યું, રાજકારણમાં ભાગ લેવાનું ભૂલીને.

ટૂંકમાં, આરબ વસંત એ કબીલાઓની સત્તા માટેની હુંસાતુંશી અને તાનાશાહોની સંતુલન જાળવવાની કહાણી છે - આ સંતુલન એટલે વિરોધીઓને ખરીદીને કે પછી કચડીને સત્તાના પિરામિડ પર ટકી રહેવું.

> **'લિબ્યાની જટિલ સમાજગૂંથણમાં ૧૦૦થી વધારે જનજાતિઓ અને કબીલાઓ વણાયેલા છે. આ જૂથો વચ્ચેના વિખવાદો અથવા સહયોગિતા દેશના ભવિષ્ય પર ઊંડી અસર કરશે ... મગાર્હા કુળના સભ્યો દેશની સુરક્ષા અને ક્રાંતિકારી સમિતિઓમાં ઊંચા અધિકારની પદવીઓ પર બેઠા છે.'**
>
> **- અબુબકર સિદ્દીક, જોઝફ હેમન્ડ**
>
> www.freerepublic.com
> ૨ માર્ચ ૨૦૧૧

**તેલ સમૃદ્ધિ :** દુનિયાના મોટા ભાગના લોકોને પોતપોતાનું 'ફોડી લેવામાં' સંતોષ હોય છે. એટલે કે એક સુખી માણસને તેનું ખેતર કે દુકાન કે નોકરી વ્હાલાં હોય અને તેને રસ હોય પરિવાર સમસ્તમાં થતાં જન્મ-મરણ ને લગ્નમાં. (વિષયાંતર કરું તો કદાચ, પશ્ચિમ બંગાળમાં આ લાગુ પડતું નથી - કારણ લોકોને બીજાઓની પંચાત કરવાનું બહુ ગમે !) આટલું કરતાં તો માણસ થાકી જાય.

મને ઈતિહાસનું વિશેષ જ્ઞાન નથી, પણ અત્યારની માનસિક્તા જોતાં એમ લાગે છે કે દેશમાં આંતરિક કલહો અને બળવાઓ ત્યારે થાય છે કે જ્યારે સેંકડો લોકો રસ્તા પર જઈ બંદૂકની ગોળી ખાવા તૈયાર થાય છે, અને આવું ત્યારે જ થતું હશે જ્યારે એક અંતર્મુખી સુખી માણસનું ખેતર કે દુકાન કે નોકરી છીનવાઈ જાય, કે તેનો પરિવાર ભૂખે મરે કે પછી તેની બહેન, દીકરી પર બળાત્કાર થાય. અણ્ણા હઝારે જેવા તો કો'ક જ હોય જે ભ્રષ્ટ નેતાઓને સાફ઼ કરવા પોતાની સ્થિર સુખી જિંદગીને અસ્તવ્યસ્ત કરે.

બધા આરબ દેશો કાંઈ તેલની સમૃદ્ધિના માલિક નથી પણ જે દેશો પાસે આ દોલત છે ત્યાંના રાજાઓ અને તાનાશાહોએ બુનિયાદી સુવિધાઓ = જેમ કે રસ્તા, વીજળી, પાણી - વિકસાવવામાં, નોકરીઓ પેદા કરવામાં, મફ઼ત દવાદારૂ આપવામાં અને શાળાઓ અને મહાવિદ્યાલયો સ્થાપવામાં કે પછી રોકડા નાણાં લોકોમાં વહેંચવામાં આ તેલની સમૃદ્ધિ વાપરી છે, અને આમ કરી લોકોના જુવાળને ખરીદી લીધો છે. આ રીતે સત્તાધીશોએ લોકોને લોકતંત્રથી દૂર ધકેલી દીધા છે, જેને કારણે સત્તાધીશોને પોતાના ભ્રષ્ટ તંત્રો ચલાવવાની છૂટ મળી ગઈ છે.

ટૂંકમાં, લોકોને નાના ટુકડા ફેંકીને, અને પોતે માલમલીદા ખાઈને એક એવું તંત્ર ઊભું કર્યું છે, જેમાં બહુ ઓછા એવા અસંતુષ્ટ પ્રજાજનો રહી જાય છે, જે 'અલ્લાહુ અકબર' બોલીને ગોળી ખાવાની હામ રાખે.

જ્યારે ૨૦૧૧ની શરૂઆતમાં ટ્યૂનિશિયા અને મિસરની લોકતાંત્રિક જ્વાળાઓ પ્રગટી ત્યારે ખલીજના ઘણા દેશોના કિનારાઓ દાઝ્યા હતા, જેમ કે બાહરૈન, જોર્ડન અને ઓમાન. પણ આ બધા ગરીબ દેશો છે, જ્યાં તેલની સમૃદ્ધિ નથી. આ જ જ્વાળાઓ સાઉદી અરબ અને યુનાઇટેડ અરબ એમિરેટ્સ જેવા સમૃદ્ધ દેશોને અડકી પણ શકી નથી.

ટૂંકમાં, અરબ સત્તાધીશો જો તેલ સમૃદ્ધિનું નિરંતર પુનર્વિતરણ કરતાં રહેશે તો નાગરિકો 'સુખી' અને નિષ્ક્રિય બની રહેશે - અરે, આમ થતાં, તાનાશાહો કદાચ આદર્શ ઈસ્લામી નેતાઓ પણ કહેવડાવાય ! આમ થતાં અરબ ક્રાંતિ વર્ષો પાછળ ધકેલાઈ જશે.

**પશ્ચિમની ભૂમિકા** : પશ્ચિમી સત્તાઓએ લગભગ આરબ વસંતને આવકારી છે, પણ ખરું જોતાં આ ચળવળ તેમના લાભમાં ન હોતાં તેમના માથાનો દુ:ખાવો છે, કારણ પશ્ચિમીઓએ અરબ રાજાઓ અને સરમુખત્યારોને હંમેશાં પોષ્યા છે - પોતાના ધંધાકીય અને સામરિક હિતોના રક્ષણ માટે અને મધ્ય પૂર્વથી આવતા તેલના પૂરવઠાને નિરંતર ટકાવી રાખવા. અમેરિકા અને યુરોપના આ મુખ્યત્વે સુન્ની મુસ્લિમ સત્તાધારી મિત્રોના ભાગે ઈરાનની શિયા આણુશક્તિને તાબામાં રાખવાની ફરજ આવે છે. આ વિષય ઘણો ઊંડો છે. અને અહીં તેનું વિશ્લેષણ અસ્થાને છે.

નિષ્કર્ષ : મધ્ય પૂર્વના કોઈ ઈસ્લામી દેશને પાશ્ચાત્ય કે પછી એશિયાઈ વૃત્તિની લોકશાહી ચલાવવામાં હજુ સફળતા મળી નથી. તૂર્કી એક સુંદર લોકશાહી છે. પરંતુ તે મધ્ય પૂર્વમાં ન હોતાં એશિયા અને યુરોપને જોડતો સેતુ છે - અને ત્યાંની પ્રજા ઈસ્લામી હોવા છતાં દેશ ધર્મનિરપેક્ષ છે. મલેશિયા અને ઈન્ડોનિઝીઆ મુસ્લિમ અને લોકતાંત્રિક છે, પણ તેઓ ખલીજનો કે વહાબી ઈસ્લામ કબૂલતા નથી. હવે પોતાને દક્ષિણ એશિયા નહીં પણ મધ્ય પૂર્વમાં ગણાવતું પાકિસ્તાન હજી સાચું લોકતંત્ર પામી શક્યું નથી. પણ કટ્ટરવાદના રસ્તે ચાલી નીકળ્યું છે.

ઈસ્લામી કે શરિયાહ સિદ્ધાંતો પશ્ચિમ પદ્ધતિની લોકતાંત્રિકતાને લલકારે છે. ઈસ્લામમાં 'શૂરા' એટલે કે મંત્રણા / મશવરાની પ્રથા છે, મતની પ્રથા નથી. ઈસ્લામી સમાજ ઉદાર તાનાશાહને સ્વીકારી શકે છે, જે લોકપ્રિય હોય. એવું લાગે છે કે ખલીજના લોકોએ હજુ તો ઘણું લોહી વહાવવાનું છે - કે જે તેઓ ૩૦થી ૪૦ વર્ષ પહેલાં ય કરી ચૂક્યા છે, જ્યારે તેમણે તેમના નાથોને ગાદીએ બેસાડ્યા હતા, જેવા કે લિબ્યાના ગદ્દાફ઼ી, યમનના સાલેહ અને મિસરના નાસર, સદાત ને મુબારક - ત્રણે સશસ્ત્ર સેનાના સિપાહી તરીકે જીવન શરૂ કરનારા ! આરબો ફક્ત એક વસ્તુ ઝંખે છે - બસ, તેમનો નવો મહાનાયક હોય સુલક્ષણો, જેવા છે રાજા અબ્દુલ્લા રિયાધમાં અને શેખ મુહમ્મદ દુબઈમાં. ભલે તે મહાનાયક પેદા / પ્રસ્તુત થાય મતપેટીમાંથી કે પછી સશસ્ત્રસેનામાંથી.

•

**સંદર્ભ :**


- Tribal Dynamics Set Libya Apart From Neighbors, by Abubakar Siddique, Joseph Hammond - 02 March 2011, www.freerepublic.com
- Tribal loyalties have power to divide Libya or help unite it after Gadafy, by Mary Fitzgerald, Foreign Affairs Correspondent in Benghazi, Eastern Libya - Mon, Mar 14, 2011, http://www.irishtimes.com
- Yemen's tribal leaders call for Saleh's immediate resignation, by Ariel Zirulnick, Correspondent - 15 April , 2011, The Christian Science Monitor - CSMonitor.com
- http://en.wikipedia.org/wiki/Caliph
- Tribalism, Citizenship and State Formation of Kuwait, a thesis By Ceyda Oskay for the Masters degree in the program of Middle Eastern Studies at Middle East Technical University - December 2010
- The Birth of Islamic Reform Movement in Saudi Arabia, by G.S. Rentz (book available on www.amazon.com)
- The Shade of Swords, by M.J. Akbar (book available on www.amazon.com)



e.mail : chetan_gshah@yahoo.com


## એમ.એફ. હુસેનની વિશ્વકેન્વાસ પરથી વિદાય



હિન્દી ફિલ્મોના હોર્ડિંગના ચિતારામાંથી આંતરરાષ્ટ્રીય ખ્યાત ચિત્રકાર બનેલા મકબૂલ ફિદા (એમ.એફ.) હુસેને, ૯ જૂન ૨૦૧૧ની વહેલી સવારે, ૨.૩૦ કલાકે અંતિમ શ્વાસ લીધા, એ સાથે જ આધુનિક ભારતીય ચિત્રકળાનો એક અત્યંત તેજસ્વી અધ્યાય સમાપ્ત થયો હતો. તેઓ ૯૫ વર્ષના હતા.

ભારતને બેહદ ચાહતા 'ભારતના પિકાસો' ગણાયેલા હુસેન કતારના નાગરિક તરીકે જન્નતનશીન થયા હતા. હિન્દુ દેવદેવીઓનાં ચિત્રોના વિવાદો, હિન્દુત્વવાદી જૂથો દ્વારા અપમાન અને અદાલતમાંના કેસો પછી ૨૦૦૬થી સ્વેચ્છાએ દેશવટો ભોગવતા આ વયોવૃદ્ધ કળાકારે ૨૦૧૦માં કતારનું નાગરિકત્વ સ્વીકાર્યું હતું.

•

'લતા મંગેશકરે જે સિદ્ધિ ગાયનમાં મેળવી છે, અમિતાભ બચ્ચન અને દિલીપ કુમારે જે સિદ્ધિ અભિનયમાં મેળવી છે, તે જ સિદ્ધિ એમ.એફ. હુસૈને પેઈન્ટિંગમાં મેળવી છે.'

- રાઝા મુરાદ (અભિનેતા)

# એમ.એફ. હુસૈન – એક શતાબ્દીનું અવસાન ...

**• ઓવેસ હુસૈન**




એમ.એફ. હુસૈન - સમકાલીન ખ્યાતનામ ચિત્રકાર અને મારા પિતા પણ. હોસ્પિટલમાં આઈ.સી.યુ. વિભાગની બહાર હું સંવેદનરહિત મનથી બેઠેલો હતો. હોસ્પિટલમાં ઉદાસીન, ચૈતન્યરહિત, શુષ્ક વાતાવરણમાં તેમને જોવા એ કોઈ ડરામણા સપના સમાન લાગતું હતું.

જીવન - અનાદી અનંત વિધાતાએ સોંપેલું કેનવાસ અને તેમણે જ ખેંચેલી કાળમર્યાદાની રેખા - જેમાં તેમણે રંગ ભરીને પૂરી કરવાની હોય છે. તદ્દન બાબાના શબ્દોમાં જ કહેવું હોય તો Hold the sky in your hands as the stretch of my canvas is unknown to me. તેમના વિચાર પ્રમાણે Every canvas is like another wall. જેને પાર કરીને વિશ્વ સામે આવવું પડે છે. હું તેમનો પુત્ર છું માટે તેમના અંગે ગૌરવથી કહી રહ્યો છું, એવી વાત નથી. એટલે કે તેમાં કંઈ જ ખોટું પણ નથી.

હું જે પરિસ્થિતિમાં આવ્યો છું એટલે કે સંપૂર્ણ સ્વતંત્ર આચાર-વિચાર કરવાની જ્યાં છૂટ છે - તેમાં કોઈ વ્યક્તિ તેના પિતાને પ્રેમ કરશે કે નહીં કરે તે કહેવું મુશ્કેલ વાત છે. છ ભાઈઓમાં હું સૌથી નાનો છું. મને યાદ છે કે જ્યારે હું નાનો હતો ત્યારે મારા મિત્રોના પિતા તેમની આસપાસ જ જોવા મળતા હતા, પરંતુ અમારા કિસ્સામાં આવું નહોતું. મારા પિતા અમને રોજ નહોતા જોતા. બસ મહિનામાં પંદર દિવસ તેમના દર્શન થતા હતા.

બાકીનો સમય તેઓ પોતાના કામમાં જ વ્યસ્ત રહેતા હતા. બાકી મિત્રોના પિતાની જેમ અમને ભણાવવાની વાત તો ઘણી દૂરની હતી. મારી બંને બહેનો અને ત્રણ ભાઈ. અમે બધાં આ વાતથી વંચિત જ રહ્યાં છીએ. અમે મોટા થતાં ગયા તો પિતાને અમે ધીમે ધીમે સમજવા લાગ્યા. આજ સુધી જ તેમની જિંદગીનું પુનરાવલોકન કરતા તેમના વિશાળ કાર્ય પર કેન્દ્રિત એક જીવનચરિત્ર ફિલ્મ બનાવી રહ્યા છીએ. શૂટિંગની શરૂઆત ઈન્દોરમાં થઈ છે. અમારા પિતાનું બાળપણ ઈન્દોરમાં વીત્યું હતું. આઠમું ધોરણ પૂરું થયા બાદ તેમણે પોતાનું સંપૂર્ણ ધ્યાન ચિત્રકળા પર કેન્દ્રિત કરવાનો નિશ્ચય લીધો હતો.

તેમના બાળપણની અનેક વાતો અમે શોધી. જેમાં નદીમાં તેમણે તરવાનું શીખ્યા તે નદી - જે હાલમાં સંપૂર્ણ સુકાઈ ગઈ છે અને ઈતિહાસમાં ખોવાયેલું એ વૃક્ષ કે જેની નીચે દાદા તેમને ખાવાનો ડબો લાવીને આપતા હતા. દાદાની ઈચ્છા હતી કે તેમના પુત્રને દરજી બનવું જોઈએ. આ કામ શીખવા માટે તેઓ પિતાને એક દરજી પાસે કામ શીખવા માટે મોકલતા હતા.




ચિત્રકાર એન.એસ. બેન્દ્રેએ દાદાને સૂચન આપ્યું કે તેમનો પુત્ર જો ચિત્રકળા પસંદ કરતો હોય અને તેની સારી સૂઝ હોય તો પછી તેમને ચિત્રકળા જ શા માટે નથી શીખવતા ?

દુનિયાભરમાં કલાક્ષેત્રે જે વિવિધ ગતિવિધિઓ ચાલી રહી હતી તેનાથી ૧૯૪૦માં ફ્રાન્સિસ સુઝાએ પરિચિત કરાવ્યા. અંગ્રેજ સરકાર વિરુદ્ધ જનઆંદોલનમાં પ્રોગ્રેસિવ આર્ટિસ્ટ આ સંસ્થા પણ સામેલ હતી. ભારતીય કલાઓ અંગે અંગ્રેજ સરકારની દૂષિત નીતિઓ અને તેના કારણે જનતા પર થઈ રહેલા અત્યાચાર તેમ જ અન્યાય વિરુદ્ધ આ આંદોલન તેમણે ઊભું કર્યું હતું.

આ આંદોલનના કારણે રચાયેલા આ ગ્રૂપનું કામ સ્વતંત્રતા પછી પણ ૧૯૬૫ સુધી ચાલતું રહ્યું હતું. દિલ્હીના ત્રિવેણી હોલમાં પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. એ વખતની વાત છે, આ ગ્રૂપના તમામ કલાકારોની કલાકૃતિઓનું આ પ્રદર્શન હતું. આ પ્રદર્શનમાં બાબાએ તેમનું છ ફૂટ લાંબું પેઈન્ટિંગ મૂકવાનું નક્કી કર્યું હતું. આ કેનવાસોને બાબાએ સંપૂર્ણ કાળા રંગમાં મોટા ચીની બ્રશથી રંગાવ્યા હતા.

આ પેઈન્ટિંગની શૈલી ચીની હતી પરંતુ પ્રતિમાઓ સંપૂર્ણ ભારતીય હતી. કામમાં એક પ્રકારની સહજતા અને મક્કમતા જોવા મળતી હતી. બધાનું ધ્યાન આકર્ષિત કરનારું આ પેઈન્ટિંગ હતું. પરંતુ તેને હોલની દીવાલ પર લટકાવવું મુશ્કેલ કામ હતું. તો બાબાએ આ ચિત્રોને હોલની અધવચ્ચે રાખી દીધું. આ વાતની ઘણી ચર્ચા થઈ. કેટલાકે આ અંગે વાંધો પણ દર્શાવ્યો હતો.

મતભેદોના કારણે આ ગ્રૂપ ધીમે ધીમે નામશેષ થતું ગયું. મારી કળાસાધનાનું મૂલ્યાંકન પણ બાબાએ જ કરવાનું છે. મારા કામના અસલ પરીક્ષક તેઓ જ છે. તેમનો મત એવો છે કે કલાકારે તેમની ઉંમરના ૬૦-૭૦ વર્ષમાંથી ઓછામાં ઓછાં બે વર્ષ સંપૂર્ણપણે કળાસાધનામાં ડૂબીને ગાળવા જોઈએ. દિવસની દરેક ક્ષણ તેના જ વિચારમાં પસાર થવી જોઈએ. તેઓ માનતા હતા કે કલાકારે તેમનું મન, તેમનો આત્મા સંપૂર્ણપણે કલામાં વિલીન કરવાનું કષ્ટ લીધું હોય તો જે તે કલા સાધ્ય કરી શકે તેવી શક્યતા છે.

•

(ચિત્રકાર અને હુસૈનના સૌથી નાના પુત્ર)

કલા-ભારતી (લલિતકલા અકાદમી, નવી દિલ્હી. સંપાદક પીયૂષ દઈયા પાસેથી સાભાર)

**(સૌજન્ય : "દિવ્ય ભાસ્કર" અને "ડેયલી ક્રોનિકલ", ૧૦.૦૬.૨૦૧૧)**

**ચારોં તરફ ... ચારોં તરફ ...**
**નૂર ઉન અલા નૂર ... નૂર ઉન અલા નૂર ...**
**યે બર્કે તજલ્લિ અંધેરો કો ચીરતી**
**યહાં ભી તૂ, વહાં ભી તૂ,**
**યે રોશની, ક્યા રોશની**
**તેરે સિવા કોઈ હૈ કે પૂછું ?**
**અંધેરો સે પૂછા -**
**ચૂપ હો ગયે, ચૂપ હો ગયે ...**
**ઉજાલોં સે પૂછા -**
**તો શરમા ગયે, શરમા ગયે ...**
**પરિન્દો સે પૂછા, કહાં પરવાઝ હૈ ?**
**ખામોશી સે પૂછા, કહાં આવાઝ હૈ ?**
**ફૂલોં સે, પત્તોં સે, રંગો સે આયી સદા ...**
**ચારોં તરફ ... ચારોં તરફ ...**
**નૂર ઉન અલા નૂર ... નૂર ઉન અલા નૂર !**
**ઉઠાઈ ચિલમન તો દેખા જલવા તેરા ...**
**બઢાયા કદમ તો મંઝિલ તેરી, મંઝિલ તેરી**
**ઉઠાઈ નજર તો સુરત તેરી સુરત તેરી**
**ભંવરે કી ગુન ગુન મેં, કંગન કી ખનખન મેં**
**આશિક કે તનમન મેં, બિરહન કે નૈનન મેં**
**તાનોં મેં સરગમ મેં બસ તૂ હી તૂ**
**દિલ કી દીવાનગી, મન કી આવારગી તૂ**
**દૂર લે કે ચલ, કુછ પૂછ ના તૂ ...**
**જિંદગી એક રાઝ થી, એક રાઝ હૈ, રાઝ હૈ**
**જાન કર હોગા ક્યા, કિસને હૈ જાના?**
**કોઈ કહે મહોબ્બત, કોઈ ઈબાદત**
**દીવાનગી કહે, ચાહે જૂનૂન ...**
**ચાહત હી તેરી અદા ...**
**ચારો તરફ નૂર ઉન અલા નૂર ...**

**- મકબૂલ ફીદા હુસેન**

# બેબી બાબા !

• અશોક મોઢવાડિયા

'એક બાર શ્રી ભોલે ભંડારી, બન કે વ્રજકી નારી, ગોકુલમેં આ ગયે…' (ભજન)

શાંતિ … શાંતિ !! મને ખબર છે, મિત્ર ભૂપેન્દ્રસિંહજી કહેશે : 'ખોટું ! સાવ ખોટું !! ભોલેનાથ વળી વ્રજનાર કેમ કરીને બન્યા ? આ કવિઓની કલ્પના છે.' કદાચ એમ પણ કહે કે, 'આ કોઈ 'વિકૃત મનના' કવિની કલ્પના હોઈ શકે !' રા….ઈ….ટ ! બે દિવસ પહેલાં સુધી હું પણ એમ જ માનત ! કિંતુ, પરંતુ, યંતુ … આજે એમ લાગે છે કે કવિએ પણ જે તે સમયે ઘટેલી કોઈ ઘટનાને, લોકરંજક બનાવવા હેતુ, થોડા કલ્પનાનાં રંગો પૂરી, અને કેમ પ્રસિદ્ધ ન કરી હોઈ શકે ?

ઘટના તો એવી જ હતી (ઇતિહાસકારો કહે છે કે ઇતિહાસ હંમેશ પુનરાવર્તન પામે છે.) એક મોહક કાનુડો હતો, સૌનો લાડકો, સૌનો પ્યારો, સૌનો દુલારો, લોકો પ્રેમથી આજે પણ તેને મનમોહન કહે જ છે ને ! પણ તેના કાયદાઓ જ કંઈક એવા હતા કે બીચારા ભોલેબાબાને રાસલીલામાં પ્રવેશ પામવો બહુ મુશ્કેલ હતો. હવે માત્ર ગોપીવૃંદને જ પ્રવેશનો વિશેષાધિકાર હોય ત્યાં બાબાનો ટર્ન કેમ કરીને લાગે ? બાબા પણ કદાચ એ સમયના પ્રખર ક્રાંતિકારી હતા ! જાણે પુરુષોને થતા અન્યાય સામે અવાજ ઉઠાવવાનું બીડું ઝડપ્યું હોય, તેમ પ્રણ લીધું કે હું તો આ રાસલીલામાં સામેલ થઈને જ રહીશ !! અને તેમણે વ્રજબાળાનો સ્વાંગ રચ્યો ! વળી ઘણા શંકાશીલ મિત્રો કહેશે કે એ તો ઠીક પણ ક્યાં ભોલેબાબા, જટાઝુંડ, દાઢીમૂછના ધણી અને ક્યાં નાજુક નમણી વ્રજની ગોપી ? દાઢીમૂછ કેમ કરીને સંતાડ્યા હશે ? ખો….ટું ! સા…વ ખો…..ટું !! એકદમ હંબગ કથા !!!

અરે, ના ભ'ઈ, ના ! બે દિવસ પહેલાં સુધી હું પણ એમ જ માની લેત. પણ હવે ખાતરીપૂર્વક કહી શકું છું કે કલિકાળ મધ્યે જે થઈ શક્યું તે ત્રેતાયુગમાં કેમ ન થઈ શકે ? બસ, રાસલીલામાં ઘૂસ મારી અને પોતાના ભાગનું પુણ્ય અંકે કરવાની પ્રબળ ઇચ્છાશક્તિ જોઈએ !

એકંદરે જોઈએ તો આ અન્યાયની વાત છે. પ્યારે મોહન હોય કે મનમોહન હોય, આદિ કાળથી બીચારા ભલાભોળા બાબાઓને કનડતા જ આવ્યા છે ! અરે ભ'ઈ, દરેક નરમાં એક નારી વિદ્યમાન હોય છે તે બાયોલોજિકલ સત્ય સાબિત કરવાની શું આ એક માત્ર રીત જ બચી છે ? (જો કે 'ખૂબ લડી મર્દાની, વો તો ઝાંસીવાલી રાની થી' જેવાં કાવ્ય વાંચું છું, ત્યારે એમ પણ થાય છે કે, દરેક નારીમાં એક નર પણ છૂપાયેલો હોય છે ! જો કે આ વાતને કદાચ કોઈ બાયોલોજિકલ સપોર્ટ ન પણ હોય !!) રાસલીલા રચવાનો હક માત્ર મોહનોને, અને બાબાઓએ બસ જપ-તપ કે યોગાસનો જ કર્યે રાખવાનાં ?? આ સમાન તકના સિદ્ધાંતનો ભંગ છે.

જે હોય તે, આપણને હવે એટલું સત્ય જરૂર લાધ્યું કે જેમ નેપોલિયન કહેતો કે 'કશું જ અશક્ય નથી' તેમ 'કશું જ અસત્ય નથી' ! કદાચ આપણું જ્ઞાન સીમિત હોવાનું શક્ય છે. આ જુઓને, હમણાં થોડા દહાડા પહેલાં, આપણા 'સર્વબ્લોગહિતચિંતક' વિનયભાઈએ એક રહસ્યોદ્‌ઘાટન કરેલું, તે મુજબ એક કવિશ્રીએ સુંદર મજાની સ્વરચિત રચના બનાવેલી. જેને અન્ય એક મિત્રએ, કોઈ દુર્ભાવનાથી નહીં, પણ માત્ર અજ્ઞાનને કારણે જ, અખાના છપ્પાના નામે ચઢાવી દીધેલી !!! હવે આ સ-રસ આધુનિક રચનામાં, ઘણી આધુનિક જણસનો પણ ઉલ્લેખ છે. જેમ કે મોબાઇલ, ઇન્ટરનેટ વગેરે. પચાસ-સો વરસમાં તો પેલા અદ્‌ભાવિ મિત્રના બ્લોગેથી, વળી, સેવાભાવી મિત્રોના પ્રયત્નોને કારણે પ્રસાર પામતી પામતી આ રચના અખાના નામે એટલી રૂઢ થઈ જાય (અને પેલા મૂળ રચનાકાર અને તેમનો ઉમદા સંદર્ભ તો સાવ ભુલાઈ જ ગયા હોય !) કે પછી મારા જેવો કોઈ આ રચના વાંચીને સાવ ઘેલો ઘેલો બની જાય કે જુઓ જુઓ : હે જગતના લોકો, અખો કાં તો ત્રિકાળજ્ઞાની હશે જે ભવિષ્યના આવિષ્કારો પણ જોઈ શક્યો અને કાં તો ખરે જ અખાના જમાનામાં પણ મોબાઇલ, નેટ વગેરે વિદ્યમાન હશે !! અને વળી એ જમાનાના કોઈક, બે કાન વચ્ચે શૂન્યાવકાશ ન ધરાવતા, મિત્રને ગળે આ વાત ન ઉતરે અને શરૂ થાય પાછી એ જ બબાલ, સાચું શું હશે અને ખોટું શું હશે તે શોધવાની !! (હે ઠેકામણિની રમતના ખેલંદાઓ, આ ભવિષ્યના ભૂપેન્દ્રસિંહ, અશોકભાઈ તથા કેટલાયે મિત્રોની તો જરા દયા ખાઓ !!)

તો હવે વળી એક અંતિમ સત્ય !! ('કેટલાં સત્યોને તમે અંતિમ સત્ય તરીકે ઓળખાવશો, અશોકભાઈ ?' જવાબ : અત્યાર સુધીમાં તો અંતિમ સત્ય એક જ લાધ્યું છે કે 'કોઈ સત્ય અંતિમ નથી હોતું.' !!) બહુ હરખપદૂડાં ન થવું ! 'વખાણી ખીચડી દાંતે ચોંટે'-વાળી કહેવત યાદ રાખવી, એક મહાન આત્મા પાછળ લોક બહુ ઘેલું ઘેલું થયેલું, પેલા ઘરમાં ઘૂસી અને લાફો મારી ગયા ! તે પછી 'હું તો કે'તો તો ! બાપાની સાઠે નાઠી છે !!'નાં આલાપ કાઢી વિલાપ કરવા પડ્યા ! આપણે વ્યક્તિપૂજક છીએ અને માટે દર વખતે છેતરાઈએ છીએ ! વિચારને મૂકી વ્યક્તિને પકડીએ છીએ. પછી વિચાર ગૌણ અને વ્યક્તિ મહાન બનવા માંડે છે. શાણા લોકો કહી ગયા છે કે પડછાયો પગમાં રહે ત્યારે સૂરજ સોળે કળાએ તપતો હોય છે, પડછાયો પોતાનાથી પણ લાંબો દેખાવા માંડે તે આથમતા દિવસની નિશાની છે ! અત્તરનો ધમધોકાર વેપાર અને મઘમઘતી સુગંધ મૂકી કોલસાની દલાલીમાં કાળા હાથ કરવાની હોંશ ચઢવા માટે બહુ મજબૂત કલેજું જોઈએ !! આપણી પાસે તો આવું લોખંડી કાળજું નથી તેથી અહીં જ પૂર્ણવિરામ !!

હવે જરૂર સોનાનો સૂરજ ઊગશે એ આશાએ બે દિવસ અને એક રાત્રીના ઉજાગરા વેઠીને હાથ આવેલા કેટલાક અતિગમ્ય સુવાક્યો કે સુવિચારો :

* હું કોઈને મારતો નથી, અને મારવા આવે તેને છોડતો નથી !

* સૌ કહે છે કે ભ્રષ્ટાચાર ન હોવો જોઈએ, તો પછી ભ્રષ્ટાચાર કરે છે કોણ ?

* હું મરવાથી નથી ડરતો પરંતુ મરવું મને પસંદ નથી !

* ઘણા લોકો એટલા ભોળા હોય છે કે ત્રણ ત્રણ દહાડા હરખે હરખે મહેમાનગતી કર્યા પછી ખબર પડે કે, આલે લે ! આવડો આ તો ઠગ છે !!

* ભારતની પોલિસે, વિશ્વની સૌ પ્રથમ, મહિલાઓના દુપટ્ટા વડે એન્કાઉન્ટર કરવાની તકનિક શોધી કાઢી છે !

* ગાંધીની તો આખી પેઢી અને ભગતસિંહ, સુખદેવ, રાજગુરુ જેવા ક્રાંતિકારીઓ ખરે જ ભોળા હતા કે ક્રાંતિના બ્યુગલો ફૂંકી, મરવા કે માર ખાવાની સંપૂર્ણ ખાતરી હોવા છતાં, માત્ર સત્ય પોતાના પક્ષે છે તે ખાતરી કરાવવા હસતા હસતા ધરપકડ વહોરતા ! કદાચ ત્યારે તેમને મહિલાઓનો સપોર્ટ નહીં પ્રાપ્ત થતો હોય !!

* અને રાજકારણીઓનું પેલું જુનું અને જાણીતું વાક્ય : 'હું હાર્યો નથી, મને હરાવવામાં આવ્યો છે !'-નું નવું વર્ઝન, 'અમે કશું લખ્યું નથી, અમને ફોસલાવીને લખાવવામાં આવ્યું છે !'

* એક રાજકારણીને એ વાતે બહુ આશ્ચર્ય થયું છે કે બાબા પણ !! પોતાના વચનમાંથી ફરી ગયા ! (આ તો અમારો ધંધો કહેવાય !). અરે મારા ભોળા નેતાજી ! શું તમે જાણતા નથી ? અહીં તો બાબાઓ માટે વણલખ્યો નિયમ જ છે કે, 'ફરે તે ચરે' !! એ થોડા રાજકારણી છે કે પહેલાં ચરે અને પછી ફરે ?!! (એકમાંથી બીજા પક્ષમાં !)

* સૌથી મહાન જ્ઞાન તો એ પ્રાપ્ત થયું કે 'પારદર્શિતા'ની અવનવી વ્યાખ્યાઓ સમજમાં આવી ! ચારે દિશાઓથી !!

તો ભાઈઓ અને બહેનો, આ લેખ પણ મેં લખ્યો નથી ! મને લખવા પ્રેરણા અપાઈ છે !! બહુ ગંભીરતાથી આખા મામલાને સમજવામાં શેર એક લોહી બાળ્યા પછી અચાનક રાજેશભાઈનું કાવ્ય વાંચવા મળ્યું, અને મને પણ ગુરુજ્ઞાન લાધ્યું કે નકામા લોહી ઉકાળા કર્યા ! આ તો….. !! જવા દો, આથી તો આપણું પેલું ગીતગોવિંદ ભલું ! બીજી હપ્તો આવે જ છે. બસ થોડા સા ઈન્તઝાર ! … આભાર.

**(સદ્‌ભાવ : 'વાચનયાત્રા', ૦૭.૦૬.૨૦૧૧ : http://vanchanyatra.wordpress.com/)**

e.mail : ashokmodhvadia@gmail.com

# એતાનશ્રી –

### આ છે આપણું પત્રકારીત્વ અથવા પત્રકાઢીત્વ ... !

• વર્તમાનપત્રો અને સામાયિકોમાં વ્યક્તિ વિશેષ સાથેના 'ઇન્ટરવ્યૂ' મુલાકાત, પરિચય, સવાલ-જવાબ એવા અનેક શીર્ષકથી ઓળખાય છે.

ભારતની અન્ય ભાષાના પત્રકારત્વની પ્રણાલી કે નીતિ નિયમો વિશે હું કશું જાણતો નથી, પણ ગુજરાતી દૈનિકો ને સામયિકોમાં પત્રકારો કે સંપાદન માટે કોઈ નિયમ કે ધોરણ હોય તેમ લાગતું નથી. અખબારના લેખક અથવા તંત્રી છપાયેલી ભૂલ સુધારવાની તકલીફ સુધ્ધાં નથી લેતા.

તાજેતરમાં જ શાર્લોટ બ્રોન્ટેના ઉચ્ચાર બાબત જ્યારે એક લેખક/સંપાદકનું ધ્યાન દોર્યું, ત્યારે લૂલા બચાવ જેવો એક લેખ તેમણે લખ્યો. અને તેમાં બધા જ કરે છે એટલે આપણે કરવું અથવા આળસને કારણે શબ્દકોશમાં જોવાનો સમય ન મળે અને લેખ છપાવવા મોકલવાની ઉતાવળ હોય, વગેરે વગેરે બહાના કઢાયા. પરદેશી ભાષાના શબ્દો, ખાસ કરીને પરદેશી નામ અને સ્થળોનાં નામના ખરા ઉચ્ચારો વિશે, હવે પછી.

યુરોપ અને અમેરિકામા તંત્રી, પત્રકાર અને લેખકની નૈતિક જવાબદારી, વાચકોનો વિશ્વાસ જાળવવા અને વાચકોનું માન મેળવવા માટે દૈનિક કે સામયિકમાં લેખ છપાતા પહેલાં લેખમાંની હકીકત સાચી છે, નામ, સ્થળો સાચાં છે, રજૂ કરેલા આંકડા સાચા છે, વગેરેની ચોકસાઈ થાય છે. ઊપજાવી કાઢેલા સંવાદ, ફોન પર કરેલી વાતચીતની વિગત અને પરિચયમાં આવેલા જવાબ અક્ષરશઃ સાચા છે કે સ્થળ સંકોચને કારણે ટૂંકાવ્યા છે, તેની એક નોંધ દ્વારા વાચકોને જાણ કરવાનો અહીં રિવાજ છે, પ્રથા છે. ટૂંકમાં પત્રકારો અને તંત્રીઓ માટે પ્રકાશક જાણે એક આચારસંહિતા રાખે છે જેમાં નામ આગળ શ્રી કે શ્રીમતી ક્યારે લખવું, ટૂંકાવેલાં નામ અથવા સૂત્ર જેવાં નામ - દા.ત. યુનો, યુનિસેફ, વગેરે શબ્દો જેને અંગ્રેજીમાં acronym કહે છે, તેનો ક્યારે અને કેવી રીતે ઉપયોગ કરવો, બીજા અથવા અગાઉ પ્રસિધ્ધ થયેલા લેખ અથવા પુસ્તકમાંથી ઉતારા કર્યા હોય, તો તેની જાણ વાચકોને કેવી રીતે કરવી, મૂળ લેખક કે પ્રકાશકની અનુમતિ કે મંજૂરી કેવી રીતે મેળવવી, વગેરે બાબતના ખાસ નિયમો હોય છે. અને આ નિયમોની અવગણના કરતા પત્રકારોએ તે વર્તમાનપત્ર કે સામાયિકમાંથી નોકરી ગુમાવી છે, તેના દાખલાઓ અનેક છે.

પણ ગુજરાતી અખબાર કે સામાયિકોમાં તો પરદેશી પાક્ષિકોમાંથી ફોટા તથા આખ્ખેઆખા લેખનો, મૂળના ઉલ્લેખ કર્યા સિવાય, 'તફડાવવા'ની જાણે પ્રથા જ પડી ગઈ છે. કોપીરાઇટથી રક્ષિત કવિતા, સંગ્રહમાથી વિના સંકોચે કવિતાનું પુનઃમુદ્રણ થાય છે. કોઈ મિત્રે ફક્ત વાંચવા આપેલા અંગ્રેજી કે મરાઠી લેખને આધારે, મૂળ લેખકની સંમતિ કે પરવાનગી વિના, ગુજરાતી લેખ છપાયાના અનેક ઉદાહરણ આપી શકાય. નૈતિક જવાબદારી, લખવામાં પ્રામાણિકતા, મૂળ લેખકના હક વગેરે વિશે કોઈ કશું જ ધ્યાન આપતું હોય, એમ લાગતુ જ નથી. આજના વૈશ્વીકરણ અને માહિતીના મહામાર્ગના જમાનામાં, અંગ્રેજી ભાષાને ગળાનો હાર કહી, રાજી થતા અને પોતાના લેખમાં પરદેશી ભાષાના શબ્દો અબીલ-ગુલાલની જેમ છાંટતા આ મહા વીરો, અંગ્રેજી શબ્દોના અર્થ જાણ્યા સિવાય, આડેધડ ઝીંક્યા કરતા હોય, તેમ લાગે છે.

'ડાયલોગ' મથાળા હેઠળ એકોક્તિ જોવા કે વાંચવા મળે, પુસ્તક પહોંચ માટે 'રીસીટ બૂક' જેવા શબ્દ પ્રયોગો યોજાય, વાચકોની જાણે કસોટી કરવા એક સવાલ કે આજનો સવાલ, કોયડો કે સમસ્યા નહિ પણ ક્વિઝ જેવા શબ્દ પ્રયોગો છપાય. આ બધું જાણે સંપાદકનાં જ્ઞાનનું કે અજ્ઞાનનું પ્રદર્શન કરાતું હોય, તેમ લાગે છે. આ મથાળા અજગલસ્તન જેવા અર્થહીન છે તે સંપાદકને કોણ સમજાવશે ? આ બકરીના ગળાના ખોટા આંચળમાથી દૂધ મેળવવાનો પ્રયાસ કરતા સંપાદકને 'છોડ દો આંચળ જમાના ક્યા કહેગા' કહેવાનુ મન થાય છે. ક્યા પુસ્તકને આધારે લેખકે લેખ તૈયાર કર્યો છે, તે વાચકોને જણાવતા લેખક સંકોચાય છે. ફલાણા કવિ કે લેખકની કબર ક્યાં આવી, અમેરિકાની ૩૦ વર્ષ જૂની ટપાલ ટિકિટ પર કોનો ફોટો છે, તે વાચકોને જણાવવું અથવા વાચકોએ જાણવું ખરેખર જરૂરી છે? મુંબઈના એક પ્રતિષ્ઠિત દૈનિકના એક વિભાગમાં, શબ્દજાળા અને આડંબરી કહેવાય તેવી ચાંપલાશી ચતુરાઈ ભરેલા મથાળા મેકઅપથી તરબતર, મોટી ઉમ્મરની લલના સોળ વરસની સુંદરી બનવાનો પ્રયત્ન કરે, તેટલો હાસ્યાસ્પદ લાગે છે.

વારુ, "ઓપિનિયન"ના ૨૬મી મેના અંકમાં, 'અઠંગ ને અખંડ અભ્યાસી : રમેશ મ. શુક્લ', નામે દીપકભાઈ મહેતા લિખિત રસપ્રદ પરિચય ("મુંબઇ સમાચાર", 'વર્ડનેટ' ૨૮ એપ્રિલ ૨૦૧૧)' વાંચ્યા બાદ આ બધા વિચારો આવ્યા.

છેલ્લાં લગભગ પંદરેક વર્ષથી રમેશભાઈ શુક્લ સાથે મારે અંગત પરિચય છે. તેમને Narmad - My Life નામના મારા અંગ્રેજી નાટકના પહેલા પ્રયોગ સમયે 'ઇન્ડિયન કાઉન્સિલ ફોર કલચરલ રિલેશન્સ' અને 'ધ ઇન્ડિયા ફાઉન્ડેશન, ડેટન'ના ઉપક્રમે, તેમને, તેમનાં પત્ની સ્વ. અનસૂયાબહેન સહ ડેટન (અમેરિકા) મેં આમંત્ર્યા હતા અને લગભગ મહિના માસના નિજી પરિચયનો અનહદ લ્હાવો મેળવ્યો હતો. આ અગાઉ પણ ૧૯૯૪ દરમિયાન નર્મદની આત્મકથા પર આધારિત નાટ્યાંતર લખતી વખતે લગભગ દરરોજ તેમની સાથે ફોન પર વાત થતી હતી. ટૂંકમાં રમેશભાઈ શુક્લ સાથે મારો, નહિ, મારાં કુટુંબનો એક વિશિષ્ઠ નાતો બંધાયો છે.

"ઓપિનિયન"નો આ અંક જોઈ તરત જ મેં રમેશભાઈને તેની જાણ કરી. સાંભળી તે ખૂબ હસ્યા. મને કહે હરીશભાઈ, એક વાત કહું : 'આ ઇન્ટરવ્યૂ - બિન્ટરવ્યૂ થયેલો જ નહીં. હું ગંગાબહેન પટેલ જીવનગૌરવ પુરસ્કાર માટે મુંબઈ ગયો હતો, ત્યારે દીપકભાઈએ મને 'ફાર્બસ'માં નર્મદ વિશે વાર્તાલાપ માટે આમંત્ર્યો હતો. મારી આટલી જ મુલાકાત. આ સવાલ જવાબ તો દીપકભાઈએ ઉપજાવી કાઢ્યા છે. આવું કાંઈ બનેલું જ નહીં. આવું તો બધું અહીં ચાલ્યા જ કરે ... હા, હા, હા, ... હેં, હેં હેં ....' (વાંચકોને રમેશભાઈનો ઉપર જણાવેલ ઉત્તર એક બે વધારે કે ઓછા 'હા, હા' કે 'હેં, હેં' ઉમેરવાની અને એકલા એકલા કે જાહેરમાં નાટકીય ઢબે વાંચવાની છૂટ છે.)

આ આપણું પત્રકારીત્વ અથવા તારક મહેતાના શબ્દોમાં પત્રકાઢીત્વ ...!

રમેશભાઈનો સ્મૃતિદોષ હોય તે શક્ય છે, પણ તેમણે આ ઘટના તદ્દન ઉપજાવી કાઢી હશે તેમ માનવા હું તૈયાર નથી.

મારે પક્ષે હવે વધુ કશું કહેવાનું કે ઉમેરવાનું રહેતું નથી.

**- હરીશ ત્રિવેદી**
ડેટન, ઓહાયો, યુ.એસ.એ.
e.mail : harisht895@sbcglobal.net

### શારીરિક યાતના વચ્ચે જાત અને જગત સાથે અનુબંધ

• શરીરની આધિ - વ્યાધિની સ્થિતિમાં, કેળવાયેલું ને કઠણ મન, અભ્યાસી મન, સર્જક - કલ્પનાતીત શક્તિઓને પ્રબળતા બક્ષે છે; કહો કે એમાં દિવ્યતાનો ઓપ ચઢાવે છે. એક ધર્માચાર્યનું કથન છે : In that state begins a spiritual journey when positive and divine emotions take over from the negative and destructive ones.

મૃદુ હૃદયના સ્વ. કવિ હરીન્દ્ર દવેએ હૃદયની બીમારીઓનો ઈલાજ ઈસ્પિતાલમાં કરાવતા કરાવતા ઉત્તમ આધ્યાત્મિક લેખો - કટારો - નિબંધો આપ્યા છે. અમેરિકાના હરનિશ જાની શરીરના અનેક રોગોથી પીડાતા રહ્યા છે, છતાં એમના લેખોમાં એ હાસ્યના ફુવારા ઉડાડે છે.

ટી.વી. પર પાકશાસ્ત્રના પ્રૉગ્રામ આપતી લેખિકા નાયજલ લૉસનના પહેલા પતિ સ્વ. જોન ડાયમંડને ગળાનું કેન્સર થયું; મોંમાં આવ્યું અને ધીરે ધીરે આખા શરીરે વ્યાપી ગયું. વારંવાર ઈસ્પિતાલમાં સારવાર કરવા રહેવું પડતું. પરંતુ એમની કલમ અટકી નહીં; એમની સર્જકતા ઓર ખીલી ઊઠી. "ધ ટાઈમ્સ" માટે ગહન અને હળવા નિબંધો, કટારો, લેખો એ લખતા રહેલા. એમના મરણ બાદ, આ બધી લેખનસામગ્રી પુસ્તક રૂપે પ્રગટ કરવામાં આવી છે અને તેને નામ આપ્યું છે : *Snake Oil and Other Preoccupations.*

સ્વ. જોન ડાયમંડનો છેલ્લો નિબંધ વાચકને હચમચાવી ગયો. તે ચિંતનસભર છે અને માણસના મનોબળનું નિરીક્ષણ કરાવી જાય છે. 'રેડિયોથેરપી'ની સારવાર બાબતે એ લખે છે : 'The deal about the treatment was that such is the fragility of the human body and so great the potency of the radiation that you can only have it once.'

આવો આકરો ઈલાજ એમના પર ત્રણત્રણ વાર કરવામાં આવ્યો ત્યારે જાણે કે રમૂજમાં જોન ડાયમંડે લખી નાંખ્યું : 'When I die they won't bury me. I'll be sent off to Sellafield in a sealed flask for reprocessing !'

એમની વારંવાર ઇસ્પિતાલની મુલાકાત અને સારવારમાંથી પસાર થતાં, મનોબળ કઠણ અને નિર્ભય રહ્યું અને જીવનને ઊજળી દૃષ્ટિએ જોયું અને લખ્યું :'A couple of years back, thinking forward to the time when they'd start chasing the tumours round my body, I assumed that I'd give up when I got to this stage. But I don't want to; I enjoy living ! It's funny how many people do.'

શારીરિક યાતના ભોગવતા ભોગવતા અનેક સર્જકોએ સાહિત્યમાં અનેરું પ્રદાન આપ્યું છે કારણ કે એ સ્થિતિમાં જાત અને જગત સાથે અનુબંધ કેળવાય છે અને તે ભણી નીરખવાનો, જોવાનો દૃષ્ટિકોણ સાવ બદલાઈ ગયો હોય છે - પવિત્ર પાવન દિશા - દશામાં તે ફેરવાઈ ગયા હોય છે.

આ દિવસોમાં વિપુલ કલ્યાણી પણ નાનીમોટી શારીરિક પીડાઓમાં પટકાયેલા રહ્યા છે અને સારવાર માટે ઇસ્પિતાલની મુલાકાતો થતી રહી છે. થોડા વખત પહેલાં, આવી એક મુલાકાત દરમિયાન એમના વિચારો અને અનુભૂતિ એક લેખ વાટે પ્રગટ થઈ. "ઓપિનિયન"ના મે ૨૦૧૧ના અંકમાં પ્રકાશિત કરી. એમની અનુભૂતિ અને વિચારો ઊર્ધ્વગામી [sublimated] છે. ઇસ્પિતાલમાં ઘડી બેઘડીની વાતો કરે છે : 'રાતવાસો ડિકન્સ [Charles Dickens] ખંડમાં મુકાયો … હું તો ચાર્લ્સ ડિકન્સના કેફમાં ધૂમ … ડિકન્સ તો વિક્ટોરિયન યુગનું ફરજંદ … ડિકન્સનો નશો ઊતરે તે પહેલાં જ મને ડ્રાયડન [John Dryden] વૉર્ડમાં ખસેડ્યો … નવલકથાકારથી કવિ સુધી પહોંચવાનો જાણે કે આ માર્ગ. ડ્રાયડન સત્તરમી સદીના જાજરમાન સાક્ષર : તે આખો યુગ 'ડ્રાયડન યુગ' તરીકે અંગ્રેજી સાહિત્યમાં પંકાયેલો.'

વિપુલભાઈના આ લેખમાં આવા અનેક ઊર્ધ્વગામી અંશો સમાયાં છે, જે વાચકોને નવી અને પાવક દૃષ્ટિ આપે છે.

**- ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રી**

['Kamal Kunj', 3 Buckingham Mews, SUTTON COLDFIELD, West Midlands B73 5PR, U.K.]

## લેભાગુ કુરિયરોની ઠગવિદ્યાથી બચીએ

• આમેય ગુજરાતી સાહસશૂરી પ્રજા છે. ભણતર, રળતર અને વસવાટ નિમિત્તે ઘણા ગુજરાતીઓ દુનિયાના ખૂણે ખૂણે વિવિધ દેશોમાં જઈને વસ્યા છે. તેમનો સ્વદેશ સાથેનો સંપર્ક અને સંબંધ સતત ચાલુ રહ્યો છે. ઘણી સામગ્રીઓ તેઓ સ્વદેશથી વિદેશ મંગાવે છે.

તેમની આ સ્થિતિનો લાભ, કુરિયરનું પાટિયું લટકાવી ખડી થયેલી કંપનીઓ લઈ તેમને ગળાબૂડ છેતરે છે. મોકલવાની સામગ્રીના ઓછી ફીના બમણાં ફૂંકી તે ગ્રાહકોને છેતરે છે - છોલે છે; કુટિલ વ્યવહારની ધારદાર છરીએ વેતરે છે.

આવો જ એક અનુભવ તાજેતરમાં અમને થયો હોઈ, દેશબંધુઓ આવા લેભાગુ કુરિયરો દ્વારા છેતરાય નહીં, તે માટે તેમના દ્વારા થયેલ એક વરવો અને વેધક અનુભવ જે અમને થયો, તે તેમને માર્ગદર્શક નીવડે અને તેમની માયાજાળથી તેઓ ઠગાય નહીં, તે માટે રજૂ કરું છું.

મેં મારાં લખેલાં ૧૩૦ કિલોગ્રામ વજનનાં પુસ્તકોનાં પાંચ પેકિંગ ૨૧.૧૦.૨૦૧૦ના રોજ અમદાવાદથી 'ફ્રેઈટ મુવર્સ' નામની અમદાવાદની કુરિયર કંપની દ્વારા કિલોએ રૂ. ૧૨૫/-ના ભાવે - કોઈ પણ જાતની ભાવની રકઝક કે બારગેનિંગ કર્યા વિના - તે મોકલવાની ફીના રૂ. ૧૬,૨૫૦નો સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાનો ચેક કુરિયરને ચુકવીને રવાના કરેલા. તેની તે કંપનીએ અમને છાપેલી પહોંચ (પહોંચ નં. ૦૧૦૩૨, તા. ૨૧.૧૦.૨૦૧૦) આપી હતી. આ પહોંચ પર કુરિયર કંપનીનું નામ અને અમદાવાદનો ફોન નંબર એટલું જ છાપેલું હતું. કંપનીનું ડિટેઇલ્ડ સરનામું છાપ્યું નહોતું. જો કે તેનું અમદાવાદનું સરનામું અન્ય બીજા કાગળ પરે હતું.

આ પાર્સલ્સ તેમણે એરમેલથી આઠ દિવસમાં અમેરિકાના હ્યુસ્ટન નગરના નિર્ધારિત સરનામે, ઘર ઉંબરે પહોંડવાનું વચન આપ્યું હતું. પાર્સલ્સ મોકલ્યે ૧૦-૧૨ દિવસ થયા અને તે ન મળ્યા, એટલે અમે ફોન દ્વારા પૃચ્છા કરી. તો તેમણે જણાવ્યું 'માર્ગમાં હશે, મળી જશે.' અમે તેનો ટ્રૅકિંગ પાથ અને ટ્રૅકિંગ નંબર વારંવાર માગ્યા, પણ ગલ્લાંતલ્લાં કરી તે અમને ન અપાયાં તે ન જ અપાયાં. આમ જ બીજા ૧૫ દિવસો વીત્યા, પાર્સલ્સ ન પહોંચ્યાં.

આ પાર્સલ્સ ખોજા વેપારી મિત્ર અકબરઅલી નરસીના અમેરિકાસ્થિત સરનામે અમે પહોંચાડવાનાં હતાં. માનશો ? દોઢ માસ પછી, અલબરઅલી પર ન્યૂયૉર્કથી 'ફાસ્ટ ટ્રૅક એક્સપર્ટ ઈન્કોર્પોરેટેડ'ના શૉનનો ફોન આવ્યો : 'તમારાં પાંચ પેકેટ્સ અમારા ગોડાઉનમાં આવીને પડ્યાં છે. તેના પર $૬૨૦ (= રૂ. ૨૭,૯૦૦) ડ્યૂ થાય છે. સાથે મોકલેલ અમારા બેંક ખાતામાં આ રકમ જમા કરાવી દો, એટલે અમે પાર્સલ્સ રિલીઝ કરીએ.'

અમે અમદાવાદના કુરિયર (ફ્રેઈટ મુવર્સના) મહેશ દુગ્ગરને પાર્સલ્સ અકબરઅલીના ઘેર, સુગરલૅન્ડ, ટેક્સાસ પહોંચાડવાના રૂ. ૧૬,૨૫૦ આપ્યા જ હતા. તે વખતે અમારે બીજા કોઈ પૈસા આપવા પડશે, તેવી વાત થઈ નહોતી. આ રૂ.૧૬૨૫૦માં, આ $૬૨૦ના રૂ.૨૭,૯૦૦ ઉમેરતાં કુલ રૂ. ૪૪,૧૫૦ થાય. એટલે કે $૯૩૧.૧૧ ! દોઢ લાખની કિંમતનાં પુસ્તકો પહોંચાડવાનો ખર્ચ રૂ.૪૪,૧૫૦ થયો; એ કમ્મર તોડી નાખે તેવો ભાવ થયો. ૧૨૫ રૂપિયે કિલોગ્રામ મોકલવાની જવાબદારી સ્વીકારી આ કુરિયર અમારી પાસે કિલોએ રૂ.૩૪૦ પડાવવા માંગતી હતી.

શૉનને ફોન કરી આ પાર્સલ્સના ટ્રૅક માર્ગની - બીજા એજન્ટોની વિગત અમે જાણી. તેનો ટ્રૅકિંગ પાથ હતો - અમદાવાદ - મુંબઈ - દુબઈ - લંડન - ન્યૂયૉર્ક ને હ્યુસ્ટન. મુંબઈ અને ન્યૂયૉર્કનાં નામઠેકાણાંની વિગતો અમને મળી, જ્યારે દુબઈ, લંડન ને હ્યુસ્ટન બાબતની ઑફિસ અંગે કોઈ જ વિગતો નહીં.

આમ અમદાવાદના જે એજન્ટ દ્વારા પાર્સલ્સ મોકલાયાં હતાં, તે મહેશ દુગ્ગરને ફોન કરીને પૂછ્યું, 'પાર્સલ્સ મોકલવાના રૂ.૧૬,૨૫૦ તમે અમારી પાસેથી વસૂલ કર્યા જ છે. આ પાર્સલ્સ પેટે વધારે રકમ ચૂકવવની આવશે તેવી વાત અગાઉ તમે અમને કરી નહોતી. તો પછી, આ $૬૨૦ શાના ભરવાના થયા ?' તો તેણે કહ્યું, 'ન્યૂયૉર્કમાંનું તેનું સરનામું સુધારવા તેમને દુબઈ (મધ્ય પૂર્વ) મોકલવા પડ્યા હતાં. તેનો મોકલવાં અને પાછા મંગાવવાંનો ખર્ચ તમારા માથે પડે. તેના આ ૬૨૦ ડોલર થયા.'

મેં કહ્યું, 'દુબઈ મોકલવાની કોઈ વાત તમે મને કરી નથી. તેનો ખર્ચ મારે માથે આવશે, તેની વાત પણ કરી નહોતી. તો તેનો ખર્ચ તમે મારા માથે કેવી રીતે નાખી શકો ? … અને જો તે દુબઈ મોકલવાના થયાં હોય, તો તે મોકલવાનો આદેશ આપતા અધિકૃત પત્રની નકલ મને મોકલો. કોના કહેવાથી તે દુબઈ મોકલ્યા ? સરનામાંમાં જો ભૂલ હોય, તો તે ન્યૂયૉર્કમાં ન સુધારી લેવાય ? ભૂલની એક લીટી સુધારવા માટે આવો મોટો ખર્ચ ($૬૨૦ = રૂ.૨૭,૯૦૦) કરવાની શી જરૂર ? … અને તે $૬૨૦ તમે ભર્યા, તેની પહોંચની મને નકલ મોકલો.'

ન તેઓ આવા અધિકૃત પત્રની કોઈ નકલ મોકલી શક્યા, ન તેમણે ભરેલ $૬૨૦ની પહોંચની નકલ તેઓ મોકલી શક્યા. આથી તેમની આ વાત અને વ્યવહાર પરત્વે શંકા પેદા થઈ.

એ પછી, હ્યુસ્ટન ખાતેના યુ.પી.એસ. સ્ટોર્સના માલિક ને અમારા મિત્ર નિખિલ મહેતાને અમારા મધ્યસ્થી તરીકે શૉન સાથે વાત કરવાનું કહ્યું. ન્યૂયૉર્કના એજન્ટ શૉને તેમને જણાવ્યું કે 'નવેમ્બર ૨૦૧૦ની શરૂઆતથી પાંચ પાર્સલ્સ મારા ગોડાઉનમાં આવી ને પડયાં છે, તે અત્યાર સુધી તેમાંથી નીકળ્યા કે દુબઈ ગયાં નથી.' આના પરથી સિધ્ધ થયું કે પાર્સલ્સ દુબઈ મોકલાયાં નથી. દુબઈ મોકલવાની વાત અમારી પાસેથી વધુ નાણાં પડાવવા માટે ઉપજાવી કઢાઈ છે.

શૉન પાસેથી મુંબઈના એજન્ટ 'મેહરાજ લોજિસ્ટીક્સ'ના રાહુલની વિગત અને ફોન નંબર મળ્યા. તેણે કહ્યું, 'અમદાવાદના કુરિયર એજન્ટ મહેશ દુગ્ગરે પાર્સલ્સ તો અમને મોકલ્યાં. પણ તેને આગળ મોકલવાની ફી અમને મોકલી નહોતી. તેણે આ પાર્સલ્સ પેટે રૂ. ૧૬,૨૫૯ લીધા, તે તેણે પોતે પચાવી પાડ્યા છે. અમે તેની પાસે ફીની રકમ માગી, તો તેણે કહ્યું કે તમે પાર્ટી પાસેથી તે વસૂલ કરો.' આમ $૬૨૦ અમારા માથે અકારણ લદાયા.

રાહુલે ઉમેર્યું કે 'આ અગાઉના ચારપાંચ પાર્સલોના પૈસા પણ મહેશે ચુકવ્યા નથી. તેની પાસે અમારા રૂ. ૩૫ હજાર લેણા પેટે નીકળે છે. તમે તેના પર પોલિસ ફરિયાદ કરો, એટલે ગભરાઈને અમારા નાણાં અમને ચૂકવી દે.'

મેં કહ્યું, 'મારે ક્યારે શું કરવું, તે હું નક્કી કરીશ. તમારા પૈસા કઢાવવા મારે પોલિસ ફરિયાદ કરવાની શી જરૂર ?' આ અંગે વાત કરવા કે ફરિયાદ કરવા અમેરિકાથી અમદાવાદનો ધક્કો ખાઈને એરટિકિટના દોઢ-બે લાખ રૂપિયા અને બેત્રણ મહિનાનો સમય બગાડવો પોષાય તેમ નથી. આથી મહેશ સાથે અમદાવાદના અમારા મિત્ર, સી. જમનદાસની કંપનીને અમે આ સંદર્ભે વાટાઘાટ કરવા વિનંતી કરી. તેમણે તેમની સાથે વાતચીત કરી. દોઢ માસની ચર્ચા બાદ મહેશ દુગ્ગરે $૬૨૦ને બદલે $૨૬૦ લઈ પાર્સલ્સ પહોંચાડવાની બાંયધરી લીધી. અમે શરત કરી : 'પહેલાં પૈસા નહીં. એક હાથે પાર્સલ્સની ડિલિવરી કરો અને બીજા હાથે પૈસાનો ચેક લો.' તેઓ તે માટે તૈયાર પણ થયા.

આ સમાધાન પછી, દોઢ માસ પસાર થઈ ગયો, પણ તેમણે તેનો અમલ ન કર્યો. આખરે. ૧૪.૪.૨૦૧૧ના દિવસે, ૧૭૫ દિવસે (આશરે છ મહિના !) પાર્સલ્સના પાંચ પેક નિખિલભાઈની ઑફિસે ડિલિવર્ડ કરાયાં. ત્યાંથી અકબરઅલીનાં નિવાસ સુધી પહોંચાડવાનાં $૮૦ આપવા પડ્યા. આમ કુલ મળી $૨૬૦ + $૮૦ = $૩૪૦ (= રૂ.૧૫,૩૦૦) અમારે અકારણ ખર્ચવા પડ્યા. પાર્સલ્સ પહોંચાડવાના રૂ. ૧૬,૨૫૦ + રૂ. ૧૫,૩૦૦ - રૂ.૩૧,૫૫૦ ($૬૫૧.૧૧) અમારે ખર્ચવા પડ્યા. કિલોએ રૂ.૧૨૫ને ઠેકાણે રૂ.૨૪૩ - કિલોએ રૂ.૧૧૮ વધુ ચુકવાયા.

પહેલાં, ટપાલખાતામાં દરિયાઈ માર્ગે પાર્સલ્સ મોકલવાની સુવિધા પ્રાપ્ત હતી. તેમાં પાંચ કિલો વજન રૂ.૧૭૫માં મોકલી શકાતું. ને કિલો દીઠ ભાવ રૂ.૩૫નો ભાવ પડતો. પણ આ યોજના સરકારે ડિસેમ્બર ૨૦૦૮થી પાછી ખેંચી લીધી. જેના પરિણામે અમારે અનિવાર્યતઃ હવાઈ માર્ગે સામગ્રી મોકલવી જરૂરી થઈ પડી. અને આ એરમેલ સગવડના ભાવ ઘણા ઊંચા છે. કિલોના રૂ. ૩૫ને બદલે રૂ.૨૪૩.

અમારે પાર્સલ્સ કરતી વખતે મૂળ ભાવ રૂ.૧૬,૨૫૦ કરતાં વધુ રૂપિયા ચુકવવા પડશે, તેવો ફોડ કુરિયરે પાર્સલ્સ સ્વીકાર્યાં ત્યારે પાડ્યો નહોતો. વળી, આઠ દિવસને બદલે ૧૭૫ દિવસે મળ્યાં !

ખરેખર 'સી મેલ' બંધ થયું, પણ વેપારી શિપમેન્ટથી જથ્થાબંદ માલ રૂ. ૯,૫૦૦માં ૩૦૦ કિલોના ભાવે મોકલાય છે. આમ રૂ.૩૨ના ભાવે મોકલાતી કિલો પાર્સલ સામગ્રી રૂ.૨૪૩ના ભાવે પડી !આમ કુરિયર કિલો સામે રૂ.૨૧૧ ગ્રાહકો પાસેથી પડાવી લે છે.

આવા લેભાગુ કુરિયરો આમ પ્રજાને છેતરી ન શકે, તે માટે તેમને યોગ્ય નસિયત અને સજા થવી જોઈએ. તેમની સામે કાનૂની રાહે પગલાં લેવાવાં જોઈએ. તેમનું લાયસન્સ રદ્દ કરી તેમના ધંધા પર ટાંચ લાવવી જોઈએ.

**- સુમન અજમેરી**

[20323, Memorial Pass Drive, KATY, TX 77450 (Houston) U.S.A.]

## અખાતી દેશોની રેત

• "ઓપિનિયન" સળંગ અંક ૧૯૪ના પ્રથમ પાને આપણા એક ખુશમિજાજ મિત્ર ડાહ્યાભાઈ મિસ્ત્રીનો લેખ 'ઇચ્છા વડે જ સ્વતંત્રતા ખરીદી ન શકાય' વાંચ્યો. સરસ. આજકાલ એ ભાઈ અખાતી દેશોની રેત છાની રહ્યા હોય, એમ લાગે છે.

ડાહ્યાભાઈના એ લેખમાં, મારી દૃષ્ટિએ થયેલી એક બે કલમચૂક પ્રતિ આંગળી ચીંધવાની પરવાનગી ઇચ્છું છું.

ડાહ્યાભાઈ લખે છે કે : 'આશરે ૧૪૦૦ વર્ષ પર અરબ પ્રજાએ મહમદ પયગમ્બરે દીધા ઈસ્લામનો અંગિકાર કરેલો.'

આ વિધાન મૂળ હકીકત સાથે મેળ ખાતું નથી. ઈસ્લામનો ઉદય ૧૪૦૦ વર્ષ પૂર્વે થયો હોવાની માન્યતા ખોટી છે. વાસ્તવમાં ઈસ્લામનો ઉદય અલ્લાહના પહેલા પયગમ્બર હઝરત આદમે (અલૈ.) આ પૃથ્વી ઉપર પગ મૂક્યો ત્યારથી થઈ ચૂક્યો હતો. અને ત્યાર પછી સમયે - સમયે હજરત ઈબ્રાહિમ, હજરત નૂહ, હજરત દાવૂદ, હજરત મૂસા, હજરત ઈસા (અલૈ. અજમઈન) વગેરેએ, અલ્લાહના આદેશ અનુસાર, એ જ દીને ઈસ્લામ, આવશ્યક સંવર્ધન સાથે, પ્રચાર્યો હતો. બાદમાં પેગમ્બરીના એ જ્વલંત - અભૂતપૂર્વ સિલસિલાને ઈસુની સાતમી સદીના પૂર્વાર્ધમાં હજરત મુહમ્મદ (સ.અ.વ.) પર અંતાવી દેવામાં આવ્યો હતો.

આ ધરતી ઉપરની એ અનન્ય ઘટના પ્રસંગે સર્વ સૃષ્ટિઓના સર્જનહાર અલ્લાહ સુબ્હાનહુ તઆલાએ જાહેરાત કરી હતી કે, – 'આજે તમારા દીનને, તમારા માટે, મેં સંપૂર્ણ કરી દીધો છે. અને મારી કૃપાઓ તમારા પર પરિપૂર્ણ કરી છે. અને તમારા માટે દીન તરીકે ઈસ્લામને પસંદ કર્યો છે.' (૩) અલ-માઈદહ - ૫.

મતલબ કે દીને - ઈસ્લામ પયગમ્બર હઝરત મુહમ્મદે (સ.અ.વ.) પોતાના તરફથી દીધો નથી. એ માનવસર્જિત નથી. એ સળંગ અલ્લાહની કિતાબ છે. એની અંદર પયગમ્બર સાહેબ(સ.અ.વ.)નું પોતાનું એક પણ વચન નથી. જેમ કે એ પૂર્વેની અલ્લાહની કિતાબોમાં, ઝબૂરમાં, તૌરાતમાં, ઇન્જિલ વગેરેમાં કશી પયગમ્બરી દખલ ન હતી.

પુનઃ એક વાર કહીશ કે ૧૪૦૦ વર્ષ પૂર્વે પ્રચારાયેલો ઈસ્લામ એ સૌ પ્રથમ હઝરત આદમ (અલૈ.) લઈને આવ્યા હતા તે દીનનું પરિપૂર્ણ સ્વરૂપ હતું અને છે. અને એટલે જ તો સ્પષ્ટ શબ્દોમાં કહી દેવામાં આવ્યું છે કે : 'અગર કોઈ માણસ ઈસ્લામ સિવાય કોઈક અન્ય ધર્મની ઇચ્છા રાખશે તો તે તેનાથી સ્વીકારવામાં આવશે નહીં. અને પરલોકમાં તે નુકસાન પામનારાઓની હરોળમાં હશે.' (૮૫) અલ - ઈમરાન - ૩

ડાહ્યાભાઈ લખે છે કે : 'ઈરાનીઓએ ઈમામ અલીની શહાદત પછી જે શિયા પંથ પેદા થયો તેનો સ્વીકાર કર્યો છે. અરબોના સુન્ની પંથનો અસ્વીકાર કરેલો.'

આ કથન ભૂલભરેલું છે. અને શિયા નહીં, સાચો શબ્દ શીઆ છે. અને એનો અર્થ છે - જૂથ, સાથી યા મુસ્લિમોનો તે ફિરકો જે પયગમ્બરે ઈસ્લામ (સ.અ.વ.) પછી હઝરત અલી(રદિ.)ને ખિતાફતના હકદાર માને છે.

ઈસ્લામી ઈતિહાસ અનુસાર શીઆ જૂથ હિજરી સન ૩૫-૩૬માં વજૂદમાં આવ્યું હતું. એ હઝરત અલી(રદિ.)નો એટલે કે ચોથા ખલીફાનો ખિલાફત કાળ હતો. એ સમયે વિવાદાસ્પદ યુદ્ધ થયું હતું, જે 'જંગે - જમલ' નામે જાણીતું છે. એ વખતે હઝરત અલી(રદિ.)ના પક્ષે રહેનારા લોકો 'અલીના શીઆ' તરીકે ઓળખાયા હતા. અને એ બધા અરબ હતા. વળી એ સમયે, આજે છે એવો કોઈ, શીઆ ફિરકો રચાયો ન હતો.

આ તે કાળ હતો જ્યારે શીઆ પણ ન હતા, સુન્ની પણ નહીં. માત્ર મુસ્લિમો હતા.

અને ઈરાનમાં ઈસ્લામ, બીજા ખલીફા હઝરત ઉમર - ફારૂક (હિ.સ. ૧૩-૨૩)ના ખિલાફત કાળમાં પહોંચ્યો હતો. અને ત્યારે શીઆ ફિરકાનું અસ્તિત્વ ન હતું. એટલે ઈરાનીઓએ તે સમયે અરબોનો સુન્ની પંથ ન સ્વીકાર્યાનો સવાલ જ ઊભો થતો નથી. તે સમયે શીઆ - સુન્ની પંથના અસ્વીકારનો સવાલ જ ક્યાં રહે છે ?

અલબત્ત, ઈરાન આજે એક શીઆ પંથી રાજ્ય છે. અને ત્યાં શીઆ ફિરકાનો ફેલાવો ક્યારે અને કેવી રીતે થયો એ એક જૂદી જ ચર્ચા છે અને એને અહીં અવકાશ નથી.

શીઆ ફિરકાના લોકો ઈરાન સિવાય ઈરાક, બેહરીન, સઉદી અરબ, યમન, સીરિયા વગેરે અરબ દેશોમાં પણ છે અને તે બધા અરબ નસલના છે. શીઆ, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, ઉઝબેકિસ્તાન, હિન્દુસ્તાન તથા

બાંગલાદેશમાં પણ છે. – બેહરીનમાં શીઆ પંથીઓ ૧૦ ટકા નહીં ૬૦ ટકા જેટલા છે. બહુમતિમાં છે. અને આજકાલ તેઓ બહુમતિની સત્તા ખાતર ચળવળ ચલાવી રહ્યા છે.

ડાહ્યાભાઈએ ટોમસ પેઈનના પુસ્તકમાંથી ટાંકેલાં આ અવતરણો કે 'Liberty cannot be purchased by a wish.' - અને 'Government without a constitution is a power without a right.' -માં નાવીન્ય જેવું કશું હોય એમ હું માનતો નથી. દેખીતું છે કે ફક્ત ઇચ્છા કરવાથી કોઈ પણ કામ થઈ શકતું નથી. તમે ચાલીયે શકતા નથી ને જમી પણ શકતા નથી. અને આ વાત મનુષ્ય માટે કોઈ નવી નથી. એ યુગોથી એને જાણે છે અને એટલે જ તો સખત મહેનત, સંઘર્ષ, પુરુષાર્થ, પરિશ્રમ કરીને એણે દુનિયાની દશા અને દિશા બદલાવી નાખી છે ને !

બીજું અવતરણ પણ એવું જ છે. આ વિશ્વની દરેક પ્રજા એ દશામાંથી પસાર થતી રહી છે. રાજા, મહારાજા ને સુલ્તાનો કયા બંધારણ હેઠળ સત્તા ધરાવતા હતા ? એ સર્વ આપખુદ સરમુખત્યાર હતા અને પ્રજાઓ પાસે ત્રાહિમામ પોકરાવતા હતા ! અને આખરે ત્રાસગ્રસ્ત પ્રજાઓએ એ સૌ ત્રાસવાદી આપખુદોને અંજામે પહોંચાડયા એ ય પથ્થર પર લકીર જેવી વાત છે.

આપણે સૌ આ વાતોને જાણીએ છીએ. પણ એ સુંદર વાતો આપણી પોતાની ભાષામાં આપણને ગમતી નથી. અને એ જ વાત કોઈ અંગ્રેજ કે અમેરિકન ઈંગ્લિશમાં કહે છે તો આપણે તેના પર મોહી પડીએ છીએ !

ખુદા જાણે આપણે આપણાની કદર કરતાં ક્યારે શીખીશું ?

ડાહ્યાભાઈને સલામ કે તેમણે મને આટલું લખવા પ્રેર્યો. થેંક્સ.

**- દીપક બારડોલીકર**

[136 Stamford Street, Old Trafford, MANCHESTER M16 9LR, U.K.]

### ☞ ગુજરાતી સિનિયર્સ સંસ્થાઓ :

બે દાયકા પહેલાં સેંકડો સિનિયર્સના કોઇ હાલ હવાલ પૂછનાર ન હતા. એ પછી ન્યૂજર્સીમાં પુરુષોત્તમ કારાના નેજા હેઠળ એક સિનિયર્સ સંસ્થાની શરૂઆત થઈ. થોડા વર્ષો બાદ વધુ એક બળુકી સંસ્થાની શરૂઆત ન્યૂજર્સીના જર્સીસીટી ખાતે શિવરામ પટેલ, સ્વ. વિનોદ કોઠારી, સ્વ. ચિમનભાઇ પટેલ, તથા અન્યોના સહયોગથી શરૂ થઈ. પછી તો બિલાડીના ટોપની જેમ એકલા ન્યૂજર્સીમાં જ બે ડઝન જેટલી સિનિયર્સ સંસ્થાઓ ફૂટી નીકળી. સમર પીકનીક, મધર્સ-ડે અને નવરાત્રિના ગરબા, એટલાન્ટિક સીટી કે યુરોપના પ્રવાસના જ એજન્ડા. વળી પાછા, એકથી વધુ છત્રી-(અમ્બ્રેલા) સંસ્થાઓ.

ખુરશીની સાઠમારીનું વરવું સ્વરૂપ હડસન કાઉન્ટીની એ બળુકી સંસ્થામાં જોવા મળ્યું છે. એક જ વર્ષમાં ચાર-ચાર વખત કારોબારી બદલાય, સભ્ય ફી કે દાનની પાવતીઓ આપવી હોય તો અપાય, ઘરના જ સભ્યને પગાર ઉપર રાખી લેવાય, પરેડ સમયે સંસ્થાના બેનરનો ઉપયોગ કરી ખાનગી વ્યક્તિને સોવેનિયરનો વેપલો કરવા આપી દેવાય, પ્રમુખને ઇચ્છા થાય ત્યારે સંસ્થાને તાળાબંધ કરી દેવાય...આવી તો અનેક ધોરાજી સમાજના આ સન્માનનીય વડીલોએ ચલાવી છે!

તાજેતરમાં હડસન કાઉન્ટીની આ સંસ્થામાં થોડું પરિવર્તન આવે તેવા એંધાણ છે. નિવડેલા શિક્ષક અને સારા વહીવટીકર્તા કહી શકાય તેવા શ્રી ભીખુભાઈ પટેલને ટ્રસ્ટી તરીકે લેવાયા છે. ભિખુભાઇ જો જૂના કેટલાક સંનિષ્ઠ સજ્જનોને સાથે રાખી નવી ચૂંટણીમાં અસરકારક તંત્રને લાવી શકે તો એક આવકાર્ય પગલું બની રહેશે.

સાંભળીને ઉબકા આવે તે હદે ન્યૂજર્સીના કેટલાંક વડીલ-સંગઠનો વર્તી રહ્યાં છે. ગુજરાતની પોળ કે ખડકીનાં રાજકારણ પણ આટલાં વરવાં નથી.

**કૌશિક અમીન**

(લેખકની 'દેશ અને દુનિયા' કટાર, "ગુજરાત દર્પણ", પાનું ૧૬૦, જૂન ૨૦૧૧)

**અનુસંધાન છેલ્લા પાન પરેથી**

ઉષા પછી સંધ્યા - પ્રકૃતિનો ક્રમ, પોતે અપવાદરૂપ કેમ બની શકે ? છોડવું નથી અને છોડીને શેષ જીવનમાં જોડવું શું ? સાથ સાથ જીવન જીવવાની આદત .. પ્રેમનું વળગણ .. થતું રિયલાઈઝેશન ....

આંખો સામે તાદૃશ થતો ઇતિહાસ ... પ્રેમલગ્ન, ઓનરશિપનો નવો ફ્લેટ, પત્નીને પોતાના બે હાથોમાં ઊંચકીને ક્રોસ કરેલો ઉંબરો, અંદર આવતાં કરેલી પ્રથમ કિસનું પ્રતિબિંબ હજુ ય બારણા પર સ્થગિત છે. સુહાગરાત પછી, પોતાના હાથમાંથી ન્યુઝ પેપરને હટાવી, શરમાતાં પત્નીએ આપેલા ચાના પ્યાલામાંથી લીધેલી પ્રથમ ચૂસ્કીની મીઠાશ હજુ ય એના હોંઠો પર તાજી હતી. ઝરણાંની જેમ ખળખળ વહેતાં આનંદિત જીવનમાં ડૂબી ગયેલાં દિવસો અને રાતોની વાસંતી મહેંક ... કશું જ ભૂલી શકાય એમ નહોતું.

'જો તને મારી આદત પડી જાય, એ સારું નહિ.' એ હંમેશા મશ્કરી કરતી.

'મને આ આદતનું વળગણ જીવનભર રહે, હું રોજ પ્રાર્થના કરું છું. જોઉં છું પછી તું કેમ કરીને છટકે છે !'

'તારો જોરજુલમ મારી પર નહિ ચાલે.'

'મેડમ, એમ તને નહિ છટકવા દઉં.'

'હે ભગવાન મને આવા પાગલથી બચાવજે.'

'હું ... હું પાગલ' કહી પત્નીને પકડવા એ દોડતો. એ જીભ કાઢતી બેડરૂમમાં દોડી જતી.

એણે ચારે તરફ નજર ફેરવી. આવા કેટલા ય સુખદ કિસ્સાઓ એની આજુબાજુ ઘૂમતા વાતો કરવા તત્પર હતા. મનગમતી હૂંફ અનુભવતા એણે આંખો બંધ કરી. મનગમતાં વર્ષો ક્ષણોની માફક વીતી ગયાં હતાં, અને આવતી ક્ષણો વર્ષોનું રૂપ ધારણ કરવાની હતી. પોતે ક્યાંક અટકી ગયો છે. કંઈ જ નક્કી નથી કરી શકાતું. અણધાર્યો વળાંક આવી રહ્યો છે કે આવી ગયો છે. ક્યાંક વાંચેલું વાક્ય પાંપણોમાં ઊગી નીકળે છે. બંધ આંખે સ્પષ્ટપણે વંચાય છે :

'Better an end with no pain
Then pain with no end….'

પણ આ તો જીવન છે. જીવવા જેવું ? ધુમ્મસમાં, વાંચેલું વાક્ય ઓગળી જાય છે. એ પકડવા ફાંફા મારે છે. પણ હાથ ખાલી રહી જાય છે.

અચાનક પત્નીની હળવી ચીસ સાંભળતાં, એ આંખો ખોલી સફાળો અંદર દોડી જાય છે.

'આ ભયંકર દુઃખાવો ...' શબ્દોને હોઠોનું માધ્યમ છોડી, પત્નીની અર્ધખુલ્લી આંખોમાં તરતા એ જોઈ રહે છે. તડકો બેડરૂમ છોડી નાસી ગયો હતો. બહારનું આકાશ ઝાંખું પડી ગયું હતું. વૃક્ષોની ડાળીઓ નમી ગઈ હતી. એકેય પક્ષી દેખાતું નહોતું.

'હું એને પ્રેમ કરું છું ... પ્રેમ ...' એ ચિત્કારી ઊઠે છે. બે મુઠ્ઠીઓ વાળી દે છે.

'એટલે જ એને બંધન ન બનાવ.'

'પ્લી ... ઈ .. ઈ .. ઝ ..' એ કરગરે છે.

'શું એ ખુશ છે ... શું તું ખુશ છે ?'

'પણ .... પણ ....'

'અગ્નિ ફરતે ફરેલા ફેરા યાદ કર, આપેલા કોલ .... થઈ ગયા ઓમ-સ્વાહા ...' એ સાચે જ મુંઝાયો.

એ કિચનમાં જઈ પાણીનો ગ્લાસ લઈ બેડરૂમમાં આવે છે. પત્ની હજુ ય દર્દથી કણસી રહી છે. શબ્દો મૂર્છા પામી ગયા છે. એ નાનકડું ટેબલ બેડ પાસે ખસેડીને એના પર પાણી ભરેલો ગ્લાસ મૂકે છે. પછી કબાટ ખોલી પેઈનકિલરના ટેબલેટ્સની બોટલ બહાર કાઢી કંપતા હાથે ઢાંકણું ખોલી એક ટેબલેટ પોતાના હાથમાં મૂકે છે. એનું મન અજબ ખેંચતાણ અનુભવે છે. અગ્નિ ફરતે ફરેલા ફેરા ... આપેલા કોલ .... એ ટેબલેટ પાછી બોટલમાં નાંખી ઢાંકણું બંધ કરી બોટલને પાણીના ગ્લાસની બાજુમાં મૂકી દે છે. ચાર આંખો મળે છે. પત્નીના ચહેરા પર વિલસતું હાસ્ય એની સજળ આંખોમાં ડૂબી જાય છે. પત્નીનું કપાળ ચૂમી, પરાણે પોતાની દૃષ્ટિની દિશા બદલતો એ બેડરૂમની બહાર નીકળી જાય છે.

આજે એની પત્નીનો જન્મ દિવસ છે. ગઈ કાલે લાવીને રેફ્રિજેટરમાં મૂકેલી બર્થ-ડે કેકને એ સાચવીને બહાર કાઢી બ્રેકફાસ્ટ ટેબલ પર ગોઠવે છે. ખુરશી ખેંચી ટેબલ પાસે બેસી મીણબત્તી સળગાવી કેકમાં ખોસે છે.

પછી મૃદુ સ્વરે 'હેપ્પી બર્થ-ડે ટુ યુ ડિયર ... હેપ્પી બર્થ ડે ટુ યુ.' બોલતા હળવેથી ફૂંક મારી મીણબત્તીને હોલવી નાંખે છે. સાથે જ બેડરૂમમાંથી કણસવાનો અવાજ પણ ...

પ્રગાઢ ખામોશી ફ્લેટનો કબજો લઈ લે છે. •

e.mail : ncrana@hotmail.com

# 'હેપ્પી ...'

• નીલેશ રાણા

પ્રથમ એણે બંધ બારી ખોલી નાંખી. તરત જ બાળ-તડકો 'ગુડ મોર્નિંગ' કહેવા બારીમાંથી કૂદકો મારતા બેડ પાસે દોડી ગયો. તાજી ભીની હવા શ્વાસમાં ભરતા એના ફેફસા પણ જાગ્યા. પાછા ફરી ધીમેથી પથારી પાસે આવી પત્નીના કપાળપર એણે હળવેથી ચુંબન કર્યું. પાંપણો ખુલતાં જ ચાર આંખો મળી. પત્નીના નાકમાં ઑક્સિજનની નળી ઠીક ગોઠવતાં એ બોલ્યો : 'ડિયર .... આજે ....' એ વાક્ય પૂરું ન કરી શક્યો. કારણ ?

કંપતા હોઠોના સાયુજ્યમાંથી માંડ માંડ શબ્દો બહાર આવ્યા : 'મ .. મને .. ખબર .. છે.' અવાજના ભારને વહન કરતી હવા યે કંપી ઊઠી.

એ અનિમેષ પત્નીના કપાળ પર શોભાયમાન કંકુના ચાંદલાને તાકી રહ્યો. આકાશ વિનાના સૂર્યની કલ્પના એને થરથરાવી ગઈ. આંખોમાં બળપૂર્વક ધસી આવતા વિષાદ ભાવોને અટકવાની મનોમન વિનંતી કરતા, એણે અનુકંપા સભર સ્વરે પૂછ્યું, 'આજે કેમ લાગે છે ?' થોડા શ્રમભર્યા શ્વાસો પછી પત્નીના ગાલ પર આછેરી લાલાશ તરવરતી એ જોઈ રહ્યો.

'તું .. તું .. કેમ છે ?' શબ્દો હુંફાળા હતા.

પથારીમાં બેઠા થવાની ચેષ્ટા કરતી પત્નીને ટેકો આપતા એ બોલ્યો, 'હું ? હું તો ઠીક છું.' ચહેરા પર સ્વસ્થતાનું લીંપણ કરતા આગળ કહ્યું : 'જો તારા માટે બ્રશ લાવ્યો છું.' પત્નીના હાથમાં ટુથપેસ્ટ લગાડેલું બ્રશ થપાવી એ પ્લાસ્ટિકનો બાઉલ અને પાણીનો ગ્લાસ હાથમાં ધરી સામે બેઠો. બ્રશિંગ પૂરું થતાં એ ઊભો થયો અને ફરી બોલ્યો, 'હું તારા માટે ગરમાગરમ ચા લઈ આવું.'

અચાનક પેટમાં દુઃખાવો ઉપડતાં 'ઓય .. મા' કહેતાં પત્ની બેવડ વળી ગઈ. બાઉલ અને ગ્લાસને ઝડપથી બાજુની ટીપોય પર મૂકી, પત્નીને સુવાડવામાં મદદ કરતાં બોલ્યો 'હું તને પેઈનકિલરની ટેબલેટ આપું છું.'

કબાટ ખોલી, દવાની બોટલ ખોલી એક ટેબલેટ પત્નીના હાથમાં મૂકી, પાણીનો ગ્લાસ પત્ની સામે ધર્યો.

પથારીમાં અર્ધા બેઠા, ગોળી પાણીના ઘુંટડા સાથે ગળી પત્નીએ દર્દભર્યા સ્વરે કહ્યું, 'હવે .. એક .. ટેબલેટ કામ નથી કરતી, અને. બે પણ નહિ .. આખી બોટલ જ .. '

એ ઉતાવળે બોલી ઊઠ્યો, 'ગાંડી થઈ ગઈ છે. તને ભાન છે, તું શું બોલે છે?' એના હૃદયની ધડકનો ય ચોંકી ઊઠી.

'હજી .. લગી તો .. મને ભાન છે. તને .. ? પત્નીની સભાનતા ક્ષણિક ખૂંચી. વીતેલા વર્ષોનું ગળપણ ગળે ડુમો બની બાઝી ગયું. બારી બહાર સાવ જ કોરાં આકાશની કોર સૂર્ય છોડી ચૂક્યો હતો. પણ પોતાના મનના પડછાયા ટૂંકા નહિ થાય એ સત્ય એને સતાવી રહ્યું. 'અસ્ત પામી રહેલા અસ્તિત્વને ક્યાં સુધી અર્ધવિરામ પર અટકાવી શકાય?' મને પ્રશ્ન કર્યો, પણ હૃદય તો પ્રેમની ચાદર ઓઢીને બેસી રહ્યું.

સામેના ડ્રેસિંગ ટેબલ પર માથાની બિંદી, હાથની બંગડીઓ, પગના ઝાંઝર, કાનના બુટિયા, મંગળસૂત્ર કોકની પ્રતિક્ષામાં સૂનમૂન પડ્યા હતાં. એણે કિચન તરફ પગલાં ભર્યાં.

પત્નીએ બારી બહાર નજર કરી. બાજુમાં આવેલો બાગ તો ન દેખાયો, પણ એમાં ઊગેલાં વૃક્ષોએ ડાળી હલાવતાં કહ્યું : 'ગુડ મોર્નિંગ!'

'ગુડ' તો ક્યાંક સંતાઈ ગયું હતું. અને 'મોર્નિંગ' –

કિચનમાં ગેસ પર ઉકળતી ચાની સપાટી પરથી, ઉર્ધ્વગામી થઈ વિખરાતી વરાળ, ગઈકાલે એમની વચ્ચેના સંવાદનું રૂપધારણ કરવા લાગી.

'મેરેજ .... સમયે ... સાથે ભરેલાં સાત પગલાં ...' પત્નીના હાથમાં ઢીલી ખીચડી અને બટેટાનું શાક બાઉલમાં ભરી આપતાં એ બોલ્યો, 'મને યાદ છે.'

'સાથે ... આપેલું વચન ..'

'ક્યું વચન?' એણે અજાણ્યા બનવાનો ડોળ કર્યો.

'તારી પત્નીને સુખી .. રાખવાનું .. ' અવાજમાં જાણે પ્રાણ પુરાયો.

'ઓહ ! સોરી, મને લાગે છે હું નિષ્ફળ ગયો છું.' નિરાશ ભાવે એ બોલ્યો.

'આ ક્ષણ ... સુધી તો નહિ જ .. પણ હવે .. સુખ હાથ છોડાવી રહ્યું છે ... ત્યારે તું ... આંગળી પકડી રાખવાની જીદ લઈને બેઠો છે.'

'તું ય આ સમયે,' એ સહેજ અકળાયો.

'જો તું ખુશ હોય તો .. હું ય.' પત્નીએ એક પ્રેમાળ નજર ફેંકી.

'હું તને ખુશ જોવા માંગું છું' કહેવાને બદલે ખીચડીનો કોળિયો ગળે ઉતારી પ્રશ્ન કર્યો, 'તને એમ કેમ લાગે છે કે હું ખુશ નથી?'

'કારણ કે હું ખુશ નથી.' પાણીના બે ઘુંટડા ભરી એ આગળ બોલી, 'હું જવાબ નથી માંગતી, પણ આ જ સત્ય છે.'

'પ્લીઝ' એ જાણે કરગર્યો.

'હવે સુખની વ્યાખ્યા બદલે શું ફાયદો.' એનો શ્વાસ ઊંચો થયો.

'તું ઈમોશનલ થઈ રહી છે. પ્લીઝ, ટેક રેસ્ટ' એણે આજીજી કરી.

થોડા શ્વાસોની આવનજાવન બાદ .. 'છુટકારો જ ... આનો હલ .. છે ... બંને માટે ...' અવાજ દૃઢ થયો.

'હની ... પ્લીઝ .... ' આંખો તરલ .....

'ઝાંઝવાંનાં જળ પાછળ .... અમુક હદ ... સુધી જ દોડાય, એ આપણે નહીં સમજીએ તો .... કોણ ..' શ્વાસ ટૂંકો પડતાં એ બોલતા અટકી ગઈ.

ચાનું પાણી તપેલીમાંથી સુ ... ઉં ... ઉં કરતું બહાર પડતાં જ એની તંદ્રા તૂટી. પોતાની હાજરીથી કિચનનો ખાલીપો નથી ભરાયો, એમ એને લાગ્યું. પત્નીએ અગણિતવાર રાંધેલી રસોઈની સુગંધથી તરબતર કિચનની હવા .. આજે એ કિચનની ભૂગોળનો જાણકાર જરૂર બની ગયો હતો. પણ એના ઈતિહાસમાં પોતાનું સ્થાન નજીવું છે, એ જાણતો હતો. સુખની વ્યાખ્યા ઉભયનું સાનિધ્ય માત્ર ?

ઝડપથી ચાનો કપ ભરી એ બેડરૂમમાં આવ્યો. પત્નીના હાથમાં કપ થમાવતા, 'થોડી ચા પી લે, સારું લાગશે.'

ત્રણ-ચાર ચૂસ્કીઓ લઈ પત્ની બોલી, 'ચા .. સારી બનાવતા ... આવડી ગઈ છે.'

જવાબમાં માત્ર એ હસ્યો.

બપોરના દુખાવાની એક ગોળી આપતા - 'બસ એક જ ગોળી...'

એણે પાણીનો ગ્લાસ આગળ કર્યો.

'એક ગોળીથી કશું નહિ થાય. મારી છુટકારાની દુઆ ઈશ્વર ક્યારે ....'

'મેં ક્યારે છુટકારો માંગ્યો છે ?'

'લેટ્સ બી રિયલ, મારો શ્વાસ છૂટે તો તું ય ... અભણ માણસ પણ આ સમજી શકે. મને તારી ચિંતા .. હું છુટું તો ...'

પત્નીના હોઠો પર આંગળી મૂકતાં, 'શુભ શુભ બોલ, જો તને 'હાય' કહેવા સૂરજે પણ બારીમાં ડોકિયું કર્યું હતું.'

પતિનો હાથ હટાવતા એ બોલી 'કદાચ બાય કહેવા માટે ... '

એ ઊભો થઈ, એમનાં મેરેજના લટકાવેલા ફોટા પાસે આવી ઊભો રહ્યો. 'મને એ દિવસો યાદ આવે છે.'

'આવવા જ જોઈએ.'

બહાર ધસમસતી કારો અને બસોના કર્કશ અવાજો વચ્ચે બાગના પંખીઓનો મધુર સ્વર ઓગળી ગયો હતો. જિંદગીને ક્યાંક અને ક્યારેક તો ધક્કો લાગવાનો જ ! પત્નીની કૃશ કાયા, ફિક્કો ચહેરો, અસ્ત પામતા સૂર્યને આંખોમાં સમાવી લેવાની હિંમત ક્યાંથી લાવે ? બધું જ માઈનસ ... માઈનસ ... પ્લસ ક્યાં છે ?

ચહેરા પર સ્મિત લાદતાં, 'આજે સાંજે તારી કોઈ ખાવાની ફરમાઈશ ?'

'સ્વાદ જીભને છોડી ગયો છે.' બોલવાનું ટાળતાં પત્ની બોલી, 'દાળ-ઢોકળી ચાલશે.'

'યસ .. તારી ફેવરિટ ગુડ ચોઈસ.'

'મારી બેસ્ટ ચોઈસ તું જ ... !'

'તું આરામ કર, હું તૈયારી કરીને આવું.'

દસ મિનિટ પછી બેડરૂમમાં આવતા જોયું તો પત્ની સૂતી છે. બહાર આવી એ સોફામાં બેઠો.

**અનુસંધાન પાનાં 27 પરે**

પ્રકાશક : Parivaar Commincations, 4 Rosecroft Walk, WEMBLEY, Middlesex HA0 2JZ [U.K.] · [26.06.2011]